# પ્રકરણ : ૧

# વાસ્તુશાસ્ત્રઃ એક પરિચય

# પ્રકરણ : ૧
# વાસ્તુશાસ્ત્રઃ એક પરિચય

- ભૂમિકા
- વાસ્તુવિદ્યાની પરંપરા
- શિલ્પકળાના સૂત્રધાર – શ્રી વિશ્વકર્મા
- ત્વષ્ટાઃ એક પરિચય
- શિલ્પનો ઉદ્‌ગમ અને વિકાસ
- વાસ્તુપુઢષ – વિભાવના
- ભૂખંડ પર ભવન નિર્માણ
- વાસ્તુશાસ્ત્ર સંબંધી આધુનિક ચિંતન

# શિલ્પરત્નાકરઃ – એક સમીક્ષાત્મક અધ્યયન

## પ્રકરણ : ૧ વાસ્તુ શાસ્ત્ર : એક પરિચય

### ૧.૧ ભૂમિકા

પ્રસ્તુત પ્રકરણમાં પ્રસ્તાવનામાં સંસ્કૃત વાઙ્મયની વિશેષતાઓથી લઈને વાસ્તુવિદ્યાની ઐતિહાસિક પરંપરા સુધીનું વિશ્લેષણ કરેલ છે જે નીચે મુજબ છે.

### ૧.૧.૧. સંસ્કૃત વાઙ્મયઃ એક વિશ્લેષણ

સંસ્કૃત વાઙ્મય દુનિયાની મહાન ભાષાઓમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે.

संस्कृतं नाम दैवी वागन्वाख्याता महर्षिभिः ।
तद्भवस्तत्समो देशीत्यनेकः प्राकृतक्रमः ।। [१]

સંસ્કૃતભાષાને મહર્ષિઓએ દૈવી વાણી તરીકે વર્ણવી છે. તદ્ભવ, તત્સમ, દેશી એમ પ્રાકૃતના અનેક સ્વરૂપો છે. દેવવાણી સંસ્કૃતએ સંસારની સમસ્ત પરિષ્કૃત ભાષાઓમાં અત્યંત પ્રાચીનતમ છે.

સંસ્કૃતિના યોગ્ય પ્રચાર–પ્રસારનું સર્વશ્રેષ્ઠ સાધન સાહિત્ય છે અને તે સાહિત્ય સંસ્કૃત સાહિત્ય છે. બીજા અર્થમાં તે માનવસંસ્કૃતિની ભાષા છે.

સંસ્કૃત શબ્દ सम् + कृ ધાતુ પરથી બન્યો છે. જેનો મૌલિક અર્થ થાય છે. સંસ્કાર કરવામાં આવેલી ભાષા. સંસ્કૃત ભાષા – સાહિત્ય ભારતીય સંસ્કૃતિના ભાવિ વિચારોનું દર્પણ છે. દેવકાર્ય કે હિન્દુધર્મ સાથે સંબંધ રાખવાવાળા સંપૂર્ણ શાસ્ત્રના જ્ઞાનરાશિનું અવતરણ આ ભાષામાં થયું છે. ઋષિઓ, મહાપુઢષો અને મુનિઓના ઉપદેશનું ઉદ્ગમસ્થાન સંસ્કૃત સાહિત્ય જ છે.

સંસ્કૃત ભાષાનું સાહિત્ય અત્યંત વ્યાપક છે જેને શબ્દોમાં વ્યકત કરવું કઠિન છે. વિન્ટરનીત્ઝ કહે છે.

> ''साहित्य अपने व्यापक अर्थ में जो कुछ सूचित कर सकता है, वह संस्कृत में विद्यमान है । धार्मिक एवं ऐतिहासिक रचनाएं, महाकाव्य, नाटकीय एवं नीति सम्बन्धी काव्य, वर्णनात्मक अलंकृत एवं वैज्ञानिक गद्य सब कुछ संस्कृतसाहित्य में ही भरा है ।'' [२]

સંસ્કૃત સાહિત્યને રાજશેખરે પાંચમી વિદ્યા કહી છે. જે મુખ્ય ચાર વિદ્યાઓ પુરાણ, ન્યાય, મીમાંસા અને ધર્મશાસ્ત્રની સારભૂત છે.

पंचमी साहित्य विद्येति यायावरीयः ।
सा हि चतसृणां विद्यानामपि निष्यन्दः ।। [३]

અનેક ચઢાવ-ઉતરાવની સ્થિતિ વચ્ચે પણ આ સાહિત્ય પતનોન્મુખ બન્યુ નથી.

વેદ-પુરાણ, ઉપનિષદ, ધર્મગ્રંથ, કાવ્ય-મહાકાવ્ય વગેરેના માધ્યમથી સંસ્કૃતના આ વિશાળ સાહિત્યનો રસાસ્વાદ સંભવ છે. આ સાહિત્યને કારણે જ આદર્શો, નૈતિક ચરિત્રો, મર્યાદાઓ વગેરેની જાણકારી પ્રાપ્ત થાય છે. સંસ્કૃત સાહિત્ય હજારો વર્ષોથી માનવચિંતનના વિરાટસ્વરૂપનું દિગ્દર્શક છે. આ સાહિત્યમાં આર્યજાતિની સભ્યતા, વિચારો, માન્યતાઓ, પરંપરાનો ઈતિહાસ અકબંધ સચવાયેલો પડયો છે. સાંસ્કૃતિક ચેતનાના વાહક તરીકે અને સાહિત્યિક સમૃદ્ધિની દષ્ટિએ સંસ્કૃતભાષાએ ભારતને વિશ્વગુઢની ઉપમા આપી છે.

> **"જેવી રીતે, ઈશ્વર સંપૂર્ણ સંસારમાં રહે છે અને સંપૂર્ણ સંસાર ઈશ્વરમાં રહે છે તેવી જ રીતે સંપૂર્ણ ભારતની આત્મા સંસ્કૃત સાહિત્યમાં અને સંસ્કૃત સાહિત્ય ભારતના આત્મામાં રહે છે."**

"સંસ્કૃત વાઙ્મય તેની પ્રાગૈતિહાસિક પ્રાચીનતા, વિષય તેમજ ભૂગોળ દષ્ટિથી વ્યાપકતા, એની આંતરિક સમૃદ્ધિ તથા રમણીયતા અને માનવસંસ્કૃતિના ઈતિહાસની દષ્ટિએ એની મૂલ્યવત્તા – આ સંસ્કૃત વાઙ્મયમાં રાષ્ટ્રની એટલી અમૂલ્ય સંપત્તિ ભરેલી છે કે એની ઉપેક્ષા ભાષા, સાહિત્ય, ધર્મ કે સંસ્કૃતિનો કોઈ અભ્યાસી કે શોધક કરે જ નહિ."

## ૧.૧.૨.સંસ્કૃત વાઙ્મયની વિશિષ્ટતાઓ

- આ એક એવું સાહિત્ય છે કે જેમાં સંપૂર્ણ વાઙ્મયને પોતાનામાં સમાવવાની ક્ષમતા સ્પષ્ટ થઈ જાય છે. બધી જ કલાઓ આ સાહિત્યમાં આવી જાય છે. **કલાત્મક ગ્રંથમાં નૈતિક ચિંતન અને નૈતિકગ્રંથમાં કલાતત્ત્વ ઉપલબ્ધ થાય છે.**

- કથાવસ્તુ, ભાવવ્યંજના, વિચારપક્ષ અને શૈલી-શિલ્પની દષ્ટિથી પણ સાહિત્યિક સંસ્કૃતે આધુનિક ભારતીય ભાષાઓને અત્યાધિક પ્રભાવિત કર્યું છે.

- મહાભારત, રામાયણ શ્રીમદ્ ભાગવદ્, દર્શનો વગેરેને કારણે વૈચારિક પરિપકવતા પ્રદાન થાય છે.

- સંસ્કૃત ગ્રંથોમાં ગદ્ય કે પદ્યનો ઉપયોગ ગમે ત્યાં થઈ શકે છે. કવિતાઓ જ નહીં, પરંતુ વૈદ્યકીય શાસ્ત્ર જેવાં વૈજ્ઞાનિક વિષયો પૂર્ણ ચર્ચાયેલા છે.

- આ સાહિત્ય પર વૈદિક દાર્શનિક ચિંતનનો પ્રભાવ પડેલો છે. ધર્મ સાથે સીધો સંબંધ અથવા પરંપરાગત સંબંધ બાંધવાની દરેક લેખક કે કવિની પ્રવૃત્તિ દેખાય છે.

- અધિકાંશ કવિ પંડિત કવિ છે પરંતુ કાલિદાસ ભાવપક્ષ પર ભાર દેવાવાળા કવિ છે. ભારવિ, માઘ અને શ્રીહર્ષ કાવ્યસૌદર્ય કલાપક્ષ અને વક્રોક્તિમાં માને છે. વળી, સંગીતપ્રવીણતા પણ જોવા મળે છે. કાલિદાસનું સંગીત મધુર અને કોમલ છે. માઘનું ધીરગંભીર, ભવભૂતિનું પ્રબળ અને ઉદાત્ત, શ્રીહર્ષ અને જયદેવનું સંગીત એક કુશલ ગાયકના અવિરત અભ્યાસનો સંકેત કરે છે. આથી સંસારના બધા સાહિત્યકારો, આધુનિક લેખકો તેમજ કવિઓ સંસ્કૃતના લેખકો પાસેથી ઘણું શીખી શકે છે.

* કવિઓનું વિવેચન તલસ્પર્શી અને વૈજ્ઞાનિક હોય છે. વ્યાકરણ, રાજનીતિ, નાટયસંગીત વગેરે પર વિસ્તૃત વિવેચના થઈ છે. આજે પણ અનેક પત્ર-પત્રિકાઓ આવે છે જેનાથી સંસ્કૃત સાહિત્યની ગતિવિધિ ઉત્તરોત્તર પ્રગતિશીલ છે તેવું સાબિત થાય છે.

* સંસ્કૃત સાહિત્યનું આલોચનાશાસ્ત્ર સમૃદ્ધ છે. કાવ્યના સૌંદર્ય અને આસ્વાદ પર સંસ્કૃત સાહિત્યમાં વિવિધ દષ્ટિથી વિચાર કરવામાં આવ્યો છે તેના અર્થો, ટીકાઓ પર વિવેચન થયું છે.

* સંસ્કૃત વાઙ્મય સર્વાંગીણ છે. માનવજીવન માટે ચાર પુઢષાર્થ છે. ધર્મ-અર્થ-કામ-મોક્ષ સંસ્કૃત સાહિત્યમાં આ ચારે પુઢષાર્થોનું વિવેચન ખૂબ વિસ્તાર તથા વિચારની સાથે કરવામાં આવ્યું છે. સંસ્કૃત સાહિત્યમાં ધર્મની સાથે અર્થશાસ્ત્ર, કામશાસ્ત્ર, વિજ્ઞાન, જયોતિષ, આયુર્વેદ, સ્થાપત્ય વગેરે પ્રચુર માત્રામાં પ્રાપ્ત થાય છે.

## ૧.૧.૩ વેદની મહત્તા

'વેદ' શબ્દનો અર્થ 'ज्ञान' થાય છે આ અર્થવાળા विद्ज्ञाने ધાતુમાંથી આ 'વેદ' શબ્દને વ્યુત્પન્ન કરવામાં આવ્યો છે. સાયણાચાર્ય કહે છે કે "આપણે પ્રત્યક્ષ કે અનુમાનથી જે ઉપાયને જાણી શકતા નથી તેને વેદથી જાણી શકાય છે.

विद्यन्ते ज्ञायन्ते लभ्यन्ते वा एभिर्धर्मादि पुरूषार्थाः इति वेदाः ।[४] - જેનાથી ધર્મ-અર્થ-કામ-મોક્ષ પુઢષાર્થો જાણી શકાય છે અથવા મેળવી શકાય છે તે વેદ છે.

સ્વામિ દયાનંદ સરસ્વતીએ પણ विद्-ज्ञान, विद्-सत्तायाम्, विद् लाभे, विद्-विचारणे-[૫] એવા જુદા જુદા ચાર ગણના विद् ધાતુમાંથી આ વેદ શબ્દ બન્યો છે. ઋગ્વેદભાષ્ય ભૂમિકામાં લખ્યું છે કે

> विदन्ति जानन्ति, विद्यन्ते भवन्ति, विन्दन्ते लभन्ते, विन्दन्ति विचारयन्ति, सर्वे मनुष्याः
> सर्वाः सत्यविद्या यैः, येषु वा तथा विद्वांसश्च भवन्ति ते वेदा ः ।[६]

અર્થાત્ જેનાથી સૌ મનુષ્યો સઘળી સત્યવિદ્યાઓને જાણે છે અથવા જે (વેદોમાં) સઘળી સત્યવિદ્યાઓ રહેલી છે, અથવા જેનાથી સઘળી સત્યવિદ્યાઓ મેળવી શકાય છે, અથવા જે (વેદો) સઘળી સત્ય વિદ્યાઓથી વિચારીને બધા માણસો વિદ્વાનો થાય છે તેને 'વેદ' કહેવાય છે.

વિશ્વસાહિત્યનો સૌથી પ્રાચીનતમ ગ્રંથ વેદ છે. વેદ શબ્દથી સમસ્ત વાઙ્મયનો બોધ થાય છે. જેમાં સંહિતા, બ્રાહ્મણ, આરણ્યક, ઉપનિષદ વગેરેનો સમાવેશ થાય છે. જેમાં ભારતીય સંસ્કૃતિ, સદાચાર, ધર્મ, દર્શન, જ્ઞાનવિજ્ઞાન, સામાજીક અને રાજનૈતિક જીવનથી સમૃદ્ધ બધા જ વિષયો ઉપલબ્ધ થાય છે. ભારતીયોનું જીવન-દર્શન, આચાર-વિચાર, રીત-ભાત, નૈતિક અને સામાજીક વ્યવહાર તથા ભારતીય સંસ્કૃતિના પ્રાચીનતમ રૂપ, વિકાસ અને માનવજાતિનો ઈતિહાસ સમજવા વેદ ઉપયોગી છે.

વેદોનું મહત્ત્વ માત્ર ભારતમાં જ નહીં પરંતુ અનેક દેશોના અનેક વિદ્વાનો વેદો અને તેના ગુણોથી પ્રભાવિત થયા છે. અરે! પશ્ચિમી વિદ્વાનો વૈદિક સાહિત્યની વિશાળતા અને તેમાં રહેલ જ્ઞાન-વિજ્ઞાનથી અધિક પ્રભાવિત થયા છે. તેમણે વેદોના અધ્યયનને માનવમાત્રને ઉપયોગી તથા હિતકર બતાવ્યું છે. આ એવો ગ્રંથ છે કે જેમાં આર્યજાતિનો હજારો વર્ષ જૂનો ઈતિહાસ ભરેલો છે જેમાં વિજ્ઞાનનો એવો પ્રકાશ ભરેલો છે જેની આવશ્યકતા સમગ્ર માનવજાતને છે.

ભારતીય પરંપરાનુસાર વેદોને ઈશ્વરીય જ્ઞાન માનવામાં આવે છે. સૃષ્ટિની રચના વખતે જે ઈશ્વરે વૈદિક જ્ઞાનનો આવિર્ભાવ કર્યો તે જ્ઞાન નિત્ય છે. વેદાન્ત દર્શન અનુસાર વેદ અનાદિ અને અપૌરુષેય જ્ઞાન છે. જે પ્રલય પછી પણ ટકી રહે છે. અને સૃષ્ટિની શરૂઆતમાં ફરીથી ઈશ્વર દ્વારા આવિર્ભૂત થાય છે. સૃષ્ટિની રચના પછી ઈશ્વર દ્વારા તે ઈશ્વરીય જ્ઞાન ઋષિઓના હૃદયમાં પ્રકાશિત થાય છે. અને ગુઢ-શિષ્ય દ્વારા આ લોકમાં પ્રવર્તિત થાય છે. જગતનો પ્રલય થયા પછી વેદજ્ઞાન ઈશ્વરમાં નિહિત થઈ જાય છે.

વૈદિક સાહિત્યનો આરંભ ઋગ્વેદથી થયો હતો. ત્યાર બાદ યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ પણ રચાયા. ઉપરાંત ચાર ઉપવેદ બ્રાહ્મણગ્રંથો, આરણ્યક, ઉપનિષદ્, છ વેદાંગ, બૃહદ્દેવતા, અનુક્રમણિકાઓનો પણ વૈદિક સાહિત્યમાં સમાવેશ કરવામાં આવે છે.

ભારતીય સાહિત્યનો ઉષાકાળ જ વૈદિકયુગના તે ઋષિઓની અમરવાણીથી ઉત્પન્ન થાય છે. આથી વેદ એ હિન્દુ જાતિનો જ નહિ, પરંતુ માનવજાતિનો પહેલો ગ્રંથ છે.

વેદોની મહત્તાને કારણે कृण्वन्तो विश्वं आर्यम् । એવી ગર્જના શક્ય બની છે. જે નવા તેજને જન્મ આપે છે. જેના પ્રકાશથી પૃથ્વીનો ખૂણો ખૂણો પ્રકાશમાન થાય છે. તેથી જ સંપૂર્ણ ધર્મ-કર્મનું મૂળ તથા યથાર્થ કર્તવ્યધર્મની જિજ્ઞાસાવાળા લોકોને માટે વેદ સર્વશ્રેષ્ઠ પ્રમાણ છે.

वेदोऽखिलो धर्ममूलम् धर्मं जिज्ञसमानानां प्रमाणं परमं श्रुतिः । [૭]

જેવા શાસ્ત્રવચન આ વાતને સ્પષ્ટ કરે છે. વળી, જે વેદાધ્યયન કરતો નથી તેવા દ્વિજની નિંદા કરે છે. [૮]

અરવિંદ ઘોષ કહે છે કે **"વેદ રહસ્યમય સિદ્ધાંતો અને ગૂઢ દાર્શનિક જ્ઞાનથી ભરેલા છે. તેના સૂક્તોના દેવતા મનોવૈજ્ઞાનિક ભાવો બતાવે છે."**

વૈશ્વિક જ્ઞાનની ખાણ સમા મહાભારત જેવા ઈતિહાસગ્રંથને માટે **ભારતવેદ** શબ્દ વપરાય છે. ધન્વન્તરીના ઔષધિજ્ઞાનને માટે પણ આયુર્વેદ નામ અપાયું છે.

"The Oldest literary monument of world" - જગતનું સૌથી જૂનું ઉપલબ્ધ સાહિત્ય ગણવામાં આવે છે.

यस्य निसितं वेदाः [૯] અર્થાત્ ભગવાનનાં શ્વાસોચ્છવાસ એટલે વેદ.

વેદના અંતઃસાક્ષી

> तस्माद् यज्ञात् सर्वहुत ऋचःसामानि जज्ञिरे ।
> छन्दासि जज्ञिरे तस्माद् यजुस्तस्मादजायत ।। [१०]

અર્થાત્ સચ્ચિદાનંદ સ્વરૂપ, વ્યાપક, સર્વને માટે ઉપાસના યોગ્ય તેમજ સર્વશક્તિમાન પરબ્રહ્મ દ્વારા ઋગ્વેદ, યર્જુવેદ, સામવેદ અને અથર્વવેદ ઉત્પન્ન થયા.

## ૧.૧.૪ વૈદિક વાઙ્મય – એક પરિચય

## ૧.૧.૪.૧ વૈદિક સંહિતાઓમા સ્થાપત્ય

(ક) ઋગ્વેદ [૧૧]

ઋગ્વેદ, બ્રાહ્મણગ્રંથો, મહાભારત, રામાયણ, મનુસ્મૃતિ, ગૃહ્યસૂત્રો, પાલિ જાતકકથાઓ તેમજ કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં વાસ્તુવિષયક જે વિવિધ ઉલ્લેખો પ્રાપ્ત થયા છે તે બધા વાસ્તુના વિકસિત સ્વરૂપોના વિવરણો પૂરા પાડે છે.

> उत त्वं चमसं नवं त्वष्टुर्देवस्य निष्कृतम् ।
> अकर्त चतुरः पुनः ।। [११-१]

જયારે વિદ્વાન માણસનું જે શિલ્પ અથવા કારીગર વિદ્વાનનું સિદ્ધ કરવામા આવેલું કામ સુખને આપવાવાળું છે. નવીન દષ્ટિગોચર કર્મને જોઈને નિશ્ચયથી તેને અનુસાર કરી ભૂ, જળ, અગ્નિ અને વાયુથી સિદ્ધ થનાર શિલ્પકામોને સારી રીતે સિદ્ધ કરે છે ત્યારે આનંદદાયક હોય છે. એટલે કે મનુષ્ય કોઈ કુશળ કારીગરની બાજુમા બેસીને તેની ચતુરાઈને દષ્ટિગોચર કરીને પછી સુખની સાથે કારીગરના કામને કરવા સમર્થ થઈ શકે છે.

> प्रातर्युजा वि बोधयाश्विनावेह गच्छताम् ।
> अस्य सामस्य प्रीतये ।। [११-२]

હે વિદ્વાન મનુષ્ય! જે શિલ્પવિદ્યા – સિદ્ધ યંત્રકલાઓમાં પહેલા બળ દેવાવાળા અગ્નિ અને પૃથ્વી આ શિલ્પવ્યવહારમાં પ્રાપ્ત થાય છે. તેનાથી તેને ઉત્પન્ન કરવા યોગ્ય સુખ-સમૂહની પ્રાપ્તિ માટે તમે અમને સારી રીતે વિદિત કરાવો. એટલે કે શિલ્પકાર્યોની સિદ્ધ કરવાની ઈચ્છાવાળાં મનુષ્યોએ તે ભૂમિ અને અગ્નિને પહેલાં ગ્રહણ કરવી જોઈએ. કેમ કે તેના વગર વિમાન વગેરે યોનોની સિદ્ધિ કે ગમનનો સંભવ થઈ શકતો નથી.

> आ होता मन्द्रो विदथोन्यस्थासव्यो यज्वा कवितमः स वेधाः ।
> विद्युद्रथः सहसस्पुत्रो अग्निः शोचिष्केशः पृथिव्यां याजो अश्रेत् ।। [११-३]

હે મનુષ્યો! જે સારા અને પ્રસન્ન કરવાવાળા શ્રેષ્ઠ પુઢષોનો આદર કરવા બધી વિદ્યાને આપવાવાળા અત્યંત વિદ્વાન બુદ્ધિમાન પુઢષ છે તે વિજ્ઞાનોને પ્રાપ્ત કરીને ઉત્પન્ન કરે, વીજળીથી

રથ ચલાવવાવાળા, બળયુકત વાયુના સંતાનોની જેમ, કેશોની જેમ તેજોને ધારણકર્તા અગ્નિની જેમ તેજસ્વી આ પૃથિવીમાં બળનો આશ્રય કરે તેથી વિમાન રચના અને શિલ્પવિદ્યામા નિપુણ થઈએ.

तुभ्यं दक्ष कविक्रतो यानीमा देव भर्ता सो अध्वरे अकर्म ।
त्वं विश्वस्य सुरथस्य बोधि सर्व तदग्ने अमृत स्वदेह ।। [११-४]

હે અત્યંત ચતુર બુદ્ધિમાન! શ્રેષ્ઠ ગુણ કર્મ સ્વભાવોને આપનારા પોતાના સ્વરૂપથી નાશરહિત વિદ્વાનપુઢષ! મનુષ્ય લોકો અહિંસા વગેરે રૂપધર્મમાં આપના માટે જે આ ધર્મસબંધી કર્મ તેને આ સંસારમાં કરે છે તે સંપૂર્ણ કર્મને આપ સંપૂર્ણ ઉત્તમરથ વગેરે અંગોથી યુકત વિદ્યા પ્રકાશકારક વ્યવહારના મધ્યે જાણીએ અને ઉત્તમ અન્નનો ભોગ કરે.

ઋગ્વેદમંડળ-૩ અધ્યાય-૪ સૂકત-૫૮ ૧ થી ૯ મંત્રોમાં શિલ્પ છે.

મંત્ર-૧ શિલ્પીનું કામ

મંત્ર-૨ કૃત્ય

મંત્ર-૩ યાનવિષયક કૃત્ય

મંત્ર-૪ અને ૫ યાનવિષયક શિલ્પકૃત્ય

મંત્ર-૬ શિલ્પવિદ્વાનોની સાથે મિત્રતા

મંત્ર-૭ શિલ્પવિદ્યા ઉપદેશાર્થ આજ્ઞા વિષય

મંત્ર-૮ શિલ્પવિદ્યા સિદ્ધયાન

મંત્ર-૯ શિલ્પવિદ્યા ફળ

अयामि ते नमउक्ति जुषस्व ऋतावस्तुभ्यं चेतते सहस्वः ।
विद्वां आ वक्षि विदुषो नि षत्सि मध्यआ बर्हिरूतये यजत्र ।। [११-५]

હે યજ્ઞયુકત અગ્નિ! જ્ઞાનવાન આપના માટે કરવામાં આવેલી સ્તુતિનો સ્વીકાર કર. અને વિદ્વાનોને અમારા યજ્ઞમાં લાવી, સ્વયં કુશાસનને દૂર કરો.

अश्विना मधुषतमो युवाकु सोमस्तं यौतमां गत दुरोणे ।
रथो ह वा भूरि वर्यः करिकत्सुतावतो निष्कृतमागमिष्ठः ।। [११-६]

હે અશ્વિનો, બધાથી અધીરા અને સેના અધીરા જે નિશ્ચય કરીને તમે બંનેના મોટાં રૂપથી યુકત ઉત્પન્ન ઐશ્વર્યકોષના સિદ્ધ થયેલ વિષયને અતિશય કરીને પ્રાપ્ત થવાવાળા નિરંતરકારી છે. તેનાથી જે મીઠા રસોને નીચોવવાવાળા મળેલ અને ન મળેલ ઐશ્વર્યનો લાભ, તેની ઘરમાં રક્ષા કરો અને અન્ય દેશથી પોતાના દેશમાં આવો.

अनश्वा जाता अनभीशुरूक्थ्यो रथस्त्रिचक्रःपरि वर्तते रजः ।
महत् तद् वो देव्यस्य प्रवाचनं द्यामृभवः पृथिवीं यच्च पुष्यथ ।। ११-७

ઋજુ સૂર્યના કિરણો છે. તેનો રથ સૂર્યના ઘોડાથી રહિત લગામથી રહિત છે. પ્રાતઃ, મધ્યાન્હ અને સાંજ ત્રણેય તેના રથના ચક્ર છે તે જ ચક્રોથી કિરણોથી દ્યુલોક પૃથ્વી પુષ્ટ થાય છે તેથી તે સૂર્યકિરણોને દેવ કહેવાય છે.

જે મનુષ્ય શિલ્પવિદ્યાથી અનેક કલાયંત્રોનું નિર્માણ કરીને વાહન આદિને રચે છે. તે પોતાના ગૃહ, કુળ અને દેશમા પૂર્ણ ઐશ્વર્ય પ્રાપ્ત કરે છે.

रथं य चक्रुः सुवृतं सुचेतसोऽविह्वरन्तं मनसस्परि ध्यया ।
तां ऊ न्व स्य सवनस्य पीतय आ वो वाजा ऋभवो वदयामसि ।। ११-८

હે હસ્તક્રિયાને પ્રાપ્ત થયેલા બુદ્ધિમાનો! જે આપ લોકોને આ શિલ્પવિદ્યાથી ઉત્પન્ન થયેલ કાર્યની તૃપ્તિ માટે ઉત્તમ વિજ્ઞાનવાળા વિજ્ઞાનથી ધ્યાનથી નહી, વાંકા ચાલવાવાળા ઉત્તમ પ્રકારના અંગ-ઉપાંગોથી યુકત વિમાન વગેરે વાહનોને બધી બાજુથી બનાવીએ છીએ તેને નિશ્ચય કરીને જ તમે લોકો શીઘ્રગ્રહણ કરો.

प्र वां महि द्यवी अभ्युपस्तुतिं भरामहे ।
शुची उप प्रशस्तये ।। ११-९

જેની પાસેથી શિલ્પવિદ્યા આદિગ્રહણ કરવામાં આવે છે તેનો આદર મનુષ્ય હંમેશા કરે છે.

पुनाने तन्वा मिथः स्वेन दक्षेण राजथः ।
ऊह्याथे सनादृतम् ।। ११-१०

જે શિલ્પવિદ્યાને ભણાવવા અને ભણતાં પોતાના બળયુકત શરીરથી પવિત્ર કરવાવાળા સૂર્ય અને પૃથ્વીને જાણીને પરસ્પર શોભિત થાય છે. અને સનાતનથી સત્યનો ઉહાપોહ કરે છે અને તે સત્કારને યોગ્ય બને છે.

स त्वं नश्चित्र वज्रहस्त धृष्णुया मह स्तवानो अद्रिवः ।
गामश्वं रथ्यमिन्द्र सं किर सत्रा वाजं न जिग्युषे ।। ११-११

મેઘથી યુકત સૂર્યની સમાન વર્તમાન અદ્ભુત વિદ્યાવાળા હાથમાં શસ્ત્ર અને અસ્ત્રને ધારણ કરેલાં ઐશ્વર્યથી યુકત આપ નિશ્ચયપૂર્વક મોટાઓની પ્રશંસા કરતા સત્યવિજ્ઞાનથી ગાયને, સંગ્રામને જેમ તેમ જીતવાવાળા અમારા માટે અને વાહનને માટે હિતકારક ઘોડાઓને તૈયાર કરો. જેવી રીતે યોદ્ધા સંગ્રામમાં વિજયને પ્રાપ્ત કરે છે તેમ શિલ્પવિદ્યામાં ચતુર માણસ સંપતિને પ્રાપ્ત કરે છે.

(ખ) યજુર્વેદ[૧૨]

શુકલ યજુર્વેદની વાજસનેયી સંહિતામાંથી પણ મૂર્તિ વિધાન, મૂર્તિપૂજાને અનુલક્ષીને કેટલાંક ઉલ્લેખો છે. કૃષ્ણ યજુર્વેદની તૈત્તિરીય સંહિતામાં યજ્ઞયાગાદિ પ્રસંગે સુવર્ણપ્રતિમા સ્થાપન કરવાનું

સૂચવેલ છે. આ ઉપરાંત દેવાલયોમાં સ્થાપન કરાતી મૂર્તિ સબંધી પણ ઉલ્લેખ છે. આ કાળમાં દેવતાઓની મૂર્તિમંત કલ્પના કરવામાં આવતી હોવાનો સ્પષ્ટ સૂચનો મળે છે.

> धूर॑सि धूर्व धूर्व॑न्तं धूर्व योऽस्मान् धूर्वति तं धूर्व यं वयं धूर्वामः ।
> देवाना॑मसि वह्नितमं सस्नि॑तमं पप्रितमं जुष्ट॑तमं देवहूत॑मम् ।। [१२-१]

હે ઈશ્વર! સમગ્ર જગતને ધારણ કરી રહ્યાં છે તે પાપી, દુષ્ટ જીવોને તેને કરેલ પાપોને અનુકૂળ દંડ દઈને, દુઃખયુક્ત અને ધર્માત્મા પુઢષોને ઉતમ કર્મો અનુસાર ફલ દઈને, તે જ બધાં સુખોની પ્રાપ્તિ, આત્માને શુદ્ધ કરવા અને પૂર્ણવિદ્યાને આપવાવાળાં વિદ્વાનોની સ્તુતિ કરવા યોગ્ય તથા પ્રીતિ અને ઈષ્ટ બુદ્ધિથી સેવા કરવા યોગ્ય છે. બીજુ કાંઈ નહીં, તેથી આ પ્રત્યક્ષ ભૌતિક અગ્નિ પણ સંપૂર્ણ શિલ્પવિદ્યાઓની ક્રિયા અને તેને સિદ્ધ કરવા અને તેનું મુખ્ય સાધન અને પૃથ્વી વગેરે પદાર્થોમાં પોતાના પ્રકાશ અથવા તેની પ્રાપ્તિથી શ્રેષ્ઠ છે. કારણ કે જેનાથી સિદ્ધ થયેલી આગ્નેય વગેરે ઉતમ શસ્ત્ર-અસ્ત્ર વિદ્યાથી શત્રુઓનો પરાજય થાય છે.

> गन्धर्वस्त्वा॑ विश्वाव॑सुः परिदधातु विश्वस्यारि॑ष्टयै यज॑मानस्य परिधिर॑स्यग्निरिडडईडितः ।
> इन्द्र॑स्य बाहुर॑सि दक्षिणो विश्वस्यारिष्ट्यै यज॑मानस्य परिधिर॑स्यग्निरिडडईडितः ।
> मित्रावरू॑णौ त्वोतरतः परिधतां ध्रुवेण धर्म॑णा विश्वस्यारिष्ट्यै
> यज॑मानस्य परिधिर॑स्यग्निरिडडईडितः ।। [१२-२]

ઈશ્વરે જે સૂર્ય, વિદ્યુત અને પ્રત્યક્ષરૂપથી ત્રણ પ્રકારનો અગ્નિ બનાવ્યો છે. તે વિદ્વાનોથી શિલ્પવિદ્યા દ્વારા યન્ત્રાદિકોમા સારી રીતે યુકત કરેલ અનેક કાર્યોને સિદ્ધ કરવાવાળો છે.

> त्वष्टा॑ं तुरीपोअद्भु॑तइन्द्राग्नी पु॑ष्टिवर्ध॑ना ।
> द्विप॑दा छन्द॑इद्रियभक्षा गौर्न वचौ॑ दधुः ।। [१२-३]

હે મનુષ્યો! આશ્ચર્યગુણ સ્વભાવયુકત શીઘ્ર પ્રાપ્ત થતાં (ત્વષ્ટા) અને સૂક્ષ્મકાર્ય કરવાવાળાં તથા પૃષ્ટિને વધારવાવાળાં પવન અને અગ્નિ બંને પાદવાળા છંદ, શ્રોત વગેરે ઈન્દ્રિયોને સેવન કરવામાં સમર્થ બળદ સમાન જીવનને ધારણ કરે તેમ સમજો.

> देव्या हो॑ता॑रा प्रथमा सुवाचा मिमा॑ना यज्ञं मनु॑षो यज॑ध्यै ।
> प्रचोदय॑न्ता विदथेषु कारू प्राचीनं ज्योतिः प्रदिशा॑ः दिशन्ता॑ ।। [१२-४]

હે મનુષ્યો! જે વિદ્વાનોમાં કુશળ, દાનશીલ, પ્રસિદ્ધ, પ્રશંસિત વાણીવાળાં વિધાન કરતાં રહેતાં સંગતિરૂપ યજ્ઞને કરવાથી મનુષ્યોને વિજ્ઞાનોમાં કરતાં રહેતાં વેદશાસ્ત્રના પ્રમાણથી સનાતન શિલ્પવિદ્યાના પ્રકાશનો ઉપદેશ કરતાં રહેતાં બે કારીગર માણસ હોય તેની પાસે શિલ્પશાસ્ત્ર ભણવું જોઈએ.

> आ नो॑ यज्ञं भार॑ती तूय॑मेत्विडा॑ मनुष्यदिह चेतय॑न्ती ।
> तिस्रो देवीर्बर्हिरेदं स्योनं सरस्व॑ती स्वपसः सदन्तु ।। [१२-५]

હે મનુષ્યો! જે શિલ્પવિદ્યાને ધારણ કરવાવાળી ક્રિયા સુંદર શિક્ષિત મીઠી વાણી, વિજ્ઞાન વાળી, બુદ્ધિ આ શિલ્પવિદ્યાના ગ્રહણરૂપ વ્યવહારમાં અમને વર્ધક શિલ્પવિદ્યાના પ્રકાશરૂપ યજ્ઞને મનુષ્યની સમાન સમજૂતી અમને બધી બાજુથી પ્રાપ્ત થાય. આ પૂર્વોકત ત્રણ પ્રકાશમાન વૃદ્ધિ પામતાં સુખાકારી કામને સુંદર કર્મોવાળા સારી રીતે પ્રાપ્ત કરે.

य इमे द्यावापृथिवी जनित्री रूपैरपिंछशद्भवनानि विश्वा ।
तमद्य हेतिरिषितो यजीयान् देवं त्वष्टारमिह मुयक्षि विद्धान् ।। [१२-६]

હે મનુષ્યો, યજ્ઞ કરવાવાળા! યજન કરવાવાળા વિદ્વાન અને તમે આજે ત્વષ્ટા દેવને માટે યજ્ઞ કરો. જે દ્યુલોક તથા સંપૂર્ણ ભુવનોને અનેકરૂપો દ્વારા પ્રકાશિત કરે છે.

देवस्य त्वां सवितुः प्रसवेऽश्विननौर्बाहुभ्यां पुष्णो हस्तोम्याम् ।
अग्नये जुष्टं गृहाभ्यं ग्रीषेमाभ्यां जुष्टं जुहनोमि ।। [१२-७]

(ગ) સામવેદ[૧૩]

'સામ' નો અર્થ થાય છે – ઋચાઓના આધાર પર કરવામાં આવેલું ગાન. છાંદોગ્ય ઉપનિષદ્‌મા કહ્યું છે કે

वाचः ऋग्रसः ऋचः सामरसः ।
साम्र उद्धीथो रसः । [१३-१]

વાણીનો રસ ઋચા છે, ઋચાનો રસ સામ છે અને સામનો રસ ઉદ્‌ગીથ છે. सामवेद एव पुष्पम् । [१३-२]

જેવી રીતે વૃક્ષ પર પાંદડા અને ફૂલોમા ફૂલ વિશેષ શોભાદાયક હોય છે. તેવી જ રીતે ગાયનરૂપ હોવાને કારણે સામવેદ વેદ વૃક્ષનું ફૂલ છે.

त्वष्टाजनत् साम्नः कविः । [१३-३]

ત્વષ્ટાએ જ સામનો જ્ઞાની બનાવ્યો છે. સામનું નિર્માણ કરતા સામગાયનમાં મહાન જ્ઞાની ગાન કરતો આગળ હોય છે. તેથી સામનો જ્ઞાની બનાવનાર ત્વષ્ટા જ છે.

अ१न२वस्ते२ र२थम२श्वा१य२ तक्षु३ऽ२त्व३ष्टा३ व१ज्र२ पुरूहूत द्यु३म१न्तम्२ । [१३-४]

હે મનુષ્ય! તારા રથને ઘોડાઓ માટે કારીગરોએ બનાવ્યો છે (ત્વષ્ટા) પરમાત્માએ તારા શસ્ત્રો અચૂક બનાવ્યા છે.

त्वां१ विष२णु१ बृ३हन्क्ष१यो२ १मित्रो३ १गुणा२ति३ व१रूण२ः ।
त्वां१ शर्द्धो२ १मद३त्य२नुस३मा१रूत२म् ।। [१३-५]

તારી શિલ્પવિદ્યામાં નિપુણ મનુષ્ય મહાન આશ્રય કરીને સ્તુતિ કરે છે. વિદ્વાન અધ્યાપક તારી અર્ચના કરે છે. ઋત્વિજોની શકિત તારી જ પૂજા કરે છે.

३वच्य१न्ते१ २वां क३कु१हा२सो जू३र्णा२या३म१धि २वि३ष्ट१पि२
य२द्धा३ र२थो वि३धि२ष्य३ता१त्२ ।। [१३-६]

હે અશ્વિન દેવો! આપનો રથ પ્રશંસનીય સ્વર્ગલોકમાં પક્ષીઓની સાથે ઉડે છે. તે સમયે તમારા માટે શિલ્પવિદ્યાનો ઉપદેશ કરે છે.

अ१श्विना२ व३र्तिर२स्म३दा१ गोमद२स्रा३ हिरण्१य२वत् ।
अ३र्वा२ग्रथ३ सम१२नसा३ नि१ यच्छ२तम् ।। १ ।। [१३-७]

હે અશ્વિનદેવો! શત્રુના નાશ કરવાવાળા તમે અમારા ઘરની યજ્ઞશાળા તરફ આવો. ગાય અને સુવર્ણથીયુકત રથને પોતાની પાસે લાવવાની વાત કરી છે.

अ३र्वाङ१ त्रि२च३क्रो१ म२धु३ वा१ह२नो३ र१थो२ जी३राश्१वो अश्३वि१नो२र्यातु३ सु१ष्टुत२ः ।
त्रि३बन्धरो२ म३घ१वा२ वि३श्व१सौ१भग३ः श२न्नन३ आ१ व२क्षद द्वि३प२द३ च१तुष्प२द ।। [१३-८]

અશ્વિનોનો રથ અમારી પાસે આવે, ત્રણ બેઠકોવાળા, ધનથી ભરેલા, બધા સૌભાગ્યથીયુકત, તેજ ઘોડાવાળાં શિલ્પશાસ્ત્રીના રથ અમારી ચારે બાજું સુખ લઈને આવે.

સામવેદના ગૃહ્યસૂત્રો, ગોભીલમાં વાસ્તુવિદ્યાના સિદ્ધાંતો આપ્યાં છે.

प्र१ति २प्रय३त१म२ र३थ २वृ३ष१णं२ वसु३वा१हन२म् ।
३स्तोता वा१म२श्विना३वृ१षि ३स्तोमेभि२ भूषति३ प्रति३ २माध्वी३ मम२ श्रुत३ण्ह१वम्२ ।। [१३-९]

હે અશ્વિનદેવો! આપના બળવાન અને ધનને લઈ જવાવાળા અત્યંત પ્રિય રથને સ્તુતિ કરતાં ઋષિઓ સ્તોત્રોથી સુશોભિત કરે છે. મધુવિદ્યાને જાણવાવાળા! અમારી પ્રાર્થના સાંભળો.

यद्यु२ञ्जा३थे२ वृ३ष्ण१म२श्विना३ र१थं२ घृ३ते१न२ नो३ म१धु२ना क्ष३त्रमु१क्षत२म् ।
अ३स्मा२कं३ ब्र२ह्म३ पृ१तना२सु जिन्वतं व३यं२ धना३ शुर२साजा भजेमहि ।। [१३-१०]

હે અશ્વિનકુમારો! જયારે તમે તમારો રથ જોડો છો ત્યારે અમારી પ્રજાઓના જ્ઞાનની વૃદ્ધિ કરો. ક્ષત્રિયોને પુષ્ટ કરો. જેથી અમે યુદ્ધમાં ધનને પ્રાપ્ત કરી શકીએ.

## (ઘ) અથર્વવેદઃ- [૧૪]

વાસ્તુવિદ્યા એ અથર્વવેદનું એક ઉપવેદ છે. જેમ ઋગ્વેદનો આયુર્વેદ, યજુર્વેદનો ધનુર્વેદ, સામવેદનો ગંધર્વવેદ તેવી જ રીતે અથર્વવેદનો ઉપવેદ વાસ્તુશાસ્ત્ર છે.

ઋગ્વેદથી જ્ઞાન, યજુર્વેદથી ઉતમ કર્મ, સામવેદથી ઉતમ પુઢષની ઉપાસના - આ ત્રણેય કાંડોના અભ્યાસ થયા પછી આત્માનું જ્ઞાન અને બળ પ્રાપ્ત કરવાનો માર્ગ બતાવવાનું કાર્ય અથર્વવેદ કરે છે. તેથી તેને બ્રહ્મવેદ કે આત્મવેદ કહે છે.

प्रतीची दिशामियमिद् वरं यस्यां सोमो अधिपा मृडिता च ।
तस्यां श्रयेथा सुकृताः सचेथामघा पक्वान्मिपुना स भवाथः ।। [१४-१]

પશ્ચિમ દિશા જે બધી દિશાઓમાં શ્રેષ્ઠ છે, જે દિશામાં સોમ અધિપતિ અને સુખદાતા છે. તેમાં આશ્રય લો અને સારી સ્થિતિને પ્રાપ્ત કરો. હે તમે બંને વિદ્વાનો ! પરિપકવથી શકિતમાન થઈ જાઓ.

आ रा॒ड॒ता॒यु॒र्ज॒रसं॑ वृ॒णा॒ना अ॑नु॒पू॒र्वं यत॑मा॒ना य॒ति स्थ ।
तान् व॒स्त्वष्टा॑ सु॒जनि॑म स॒जोषाः स॒र्वमायु॑र्नयतु जीव॑नाय ।। [१४-२]

વૃદ્ધાવસ્થાને સ્વીકારી, દીર્ઘઆયુને પ્રાપ્ત કરે બીજી સિદ્ધિ સુધી પ્રયત્ન કરતાં રહે, ઉતમ જન્મવાળા ત્વષ્ટા આપ સર્વેને દીર્ઘ જીવન માટે સંપૂર્ણ આયુષ્ય આપે.

દીર્ઘ જીવન પ્રાપ્ત કરવાની ચાવી પહેલો નિયમ सुजनिमा શબ્દ દ્વારા પ્રગટ કર્યો છે. જનનશાસ્ત્ર સબંધી નિયમોનું પાલન કરવાનું કહ્યું છે. બીજો નિયમ सजोषाः શબ્દ દ્વારા પ્રીતિ સાથે, ઉત્સાહ સાથે સ્ત્રી-પુઢષનો સબંધ થવો જોઈએ. તેવી જ રીતે રાષ્ટ્રમાં બધાની સાથે પ્રેમસબંધ રાખવાનુ કહયું છે. ત્રીજો શબ્દ ત્વષ્ટા દ્વારા બતાવ્યો છે. 'ત્વષ્ટા'નો અર્થ થાય છે કારીગર, કુશળ કર્મ કરવાવાળા, જે મનુષ્ય દીર્ઘજીવન પ્રાપ્ત કરવા ઈચ્છે છે. તે કોઈપણ કારીગરીમાં નિપુણ હોવો જોઈએ. કારણ કે કારીગરીથી મનની તલ્લીનતા પ્રાપ્ત થાય છે અને જાગતિક દુઃખોથી મુકિત થાય છે અને દીર્ઘજીવન પ્રાપ્ત થાય છે.

क॒विर्न नि॒ण्यं वि॒दथा॑नि साध॒न्वृ॒षा यत्सेकं॑ विपि॒पानो अर्चात् ।
दि॒व इ॒त्थां जी॑जनत्स॒प्त का॒रूनह्ना॑ चिच्चक्रु॒र्वयुना॑ गृ॒णन्तः॑ ।। [१४-३]

જેવી રીતે બળવાન રાજા સોમરસનું પાન કરે છે, અને રક્ષા કરતો સત્કાર કરે છે. બુદ્ધિમાન પુઢષ જાણવા યોગ્ય કર્મોને સિદ્ધ કરીને ગૂઢ અર્થને પામે છે. અને સાત સ્તોતાઓને (વ્યવહારકુશળ ને) ઉત્પન્ન કરે છે. તેવી જ રીતે દિવસભર સ્તુતિ કરતાં તેમણે જાણવા યોગ્ય કર્મ કર્યા છે.

समि॑द्धो अ॒ग्निवृ॑षणा र॒थी दि॒वस्त॒प्तो ध॒र्मो दु॑हयते वा॒मिषे मधु॑ ।
व॒यं हि वां॑ पु॒रू॒दमा॑सो अश्वि॒ना हवा॑महे स॒ध॒मादे॑षु का॒रवः ।। [१४-४]

હે બંને પરાક્રમીઓ! પ્રદીપ્ત અગ્નિ, આકાશના રથવાળાં ઐશ્વર્યયુકત પ્રકાશમાન તમારા બંનેની ઈચ્છાપૂર્તિ માટે જ્ઞાન પરિપૂર્ણ કરવામાં આવે છે. મોટાં દમનશીલ કામ કરવાવાળાં અમે લોકો તમને બંનને (સ્ત્રી-પુરૂષ) અમારા ઉત્સવો પર બોલાવીએ છીએ.

### ૧.૧.૪.૨ બ્રાહ્મણગ્રંથોઃ- [१५]

ઋગ્વેદ, બ્રાહ્મણગ્રંથો, મહાભારત, રામાયણ, મનુસ્મૃતિ, ગુહ્યસૂત્રો, પાલિજાતકકથાઓ તેમજ કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં વાસ્તુવિષયક જે ઉલ્લેખો પ્રાપ્ત થાય છે તે બધા વાસ્તુના વિકસિત વિવરણો પૂરા પાડે છે.

**બ્રાહ્મણગ્રંથો**

રહેઠાણ મકાનોને સર્વપ્રથમ યજ્ઞયાગાદિ ક્રિયાકાંડોનો સ્થાનો સાર્થ સંબંધ હોવાના સાહિત્યિક

ઉલ્લેખ મળે છે. દા.ત. **શતપથબ્રાહ્મણ**[૧૫-૧] અને **ઐતરેયબ્રાહ્મણ**[૧૫-૨] માં યજ્ઞસ્તુપનું વર્ણન કરતાં જણાવ્યું છે કે તે વજ સમાન હતો અને વજ અષ્ટકોણ યજ્ઞકુંડ પણ છે. વજના આકારના હોવાના ઉલ્લેખો મળે છે. તદ્નુસાર શિલ્પમાં કલાત્મક રચનાઓ ઉપરાંત હસ્તકૌશલોના ઉદ્યોગોને પણ સ્થાન આપવામાં આવ્યું છે. મૂર્તિપૂજાની પ્રણાલિકા ભારતમાં ઋગ્વેદકાળમાં એટલે કે યજુર્વેદ, અથર્વવેદ અને બ્રાહ્મણગ્રંથોના સમયમાં ઉદ્ભવી છે.

**કૌષીતકિ**[૧૫-૩] બ્રાહ્મણગ્રંથોમાં કલાના ત્રણ સ્પષ્ટ ભેદો નૃત્ય, સંગીત અને શિલ્પ વર્ણવ્યા છે. બ્રાહ્મણગ્રંથોમાં સર્વપૂજાને લગતી યજ્ઞયાગાદિ વિધિમાં ચક્ર અને સુવર્ણના ટૂકડા સૂર્યના પ્રતીક તરીકે પૂજાતા હોવાનું જાણવા મળે છે.

## ૧.૧.૪.૩ સૂત્રગ્રંથો[૧૬]

<u>**ગૃહ્યસૂત્રોઃ-**</u>

શાંખાયન ગૃહ્યસૂત્રોમાં ઘરને સપ્રમાણ રચી તેના પ્રત્યેક દિશાના સ્તંભને સ્પર્શ કરી પૂર્વમાં સત્ય તથા શ્રદ્ધા, પશ્ચિમમાં બળ તથા અધિકાર, ઉતરમાં બ્રાહ્મણ તથા ક્ષત્રિય અને દક્ષિણમાં યજ્ઞ તથા દાન એમ બોલી ભાગ્યોદયરૂપી શિખર, નીતિનિયમરૂપી મુખ્ય સ્તંભ અને દિવસરાતરૂપી બે દ્વાર શાખાઓની ભાવના કરવાનો આદેશ છે. સા.ગૃ.સુ[૧૬-૧] આ ધાર્મિક ક્રિયાકાંડ પરથી નિશ્ચિત રીતે કહી શકાય કે ભારતમાં સ્થાપત્યકળા ઘણાં પ્રાચીન સમયથી જ વિકસિત થઈ ગઈ છે. વાસ્તુના ઉદ્ભવમાં યજ્ઞવેદી વગેરેએ ચોકકસ પ્રકારનું પ્રદાન કર્યુ છે તે **ગૃહ્યસૂત્રો**ના વર્ણન પરથી સ્પષ્ટ થાય છે.

-- **આશ્વાલાયન**[૧૬-૨], **ખાદિર**[૧૬-૩], **ગોભિલ**[૧૬-૪], **આપસ્તંબ**[૧૬-૫] તથા **હિરણ્યાક્ષ**[૧૬-૬] ગૃહ્યસૂત્રે કોઈપણ પ્રકારનું બાંધકામ કરતાં પહેલાં ભૂમિશોધનનો વિશિષ્ટ વિધિ આચરવાનો આદેશ આપ્યો છે.

**આશ્વાલાયન** ગૃહ્યસૂત્ર મધ્યમાં સ્તંભની રચના કરવાનું સૂચવે છે. તે પરથી અનુમાન થાય છે કે પ્રાથમિક બાંધકામો, ખાસ કરીને ગૃહ વગેરેની રચના આ મધ્યસ્તંભની આજુબાજુ કરવામાં આવતી હતી.

-- **ગોભિલ ગૃહ્યસૂત્ર**[૧૬-૭] વાસ્તુના મર્મ એટલે કે મધ્યભાગમાં યજ્ઞવેદી રચવાનો સ્પષ્ટ આદેશ આપે છે. **ખાદિર ગૃહ્યસૂત્ર**[૧૬-૮] યજ્ઞ માટે આહુતિ તૈયાર કરવાનું કહે છે. **આશ્વાલયન**[૧૬-૯] યજ્ઞમંડપનો મધ્યસ્તંભ અહી રોપવાનું કહે છે. સાંખ્યાયન ગૃહ્યસૂત્રમાં ગૃહવિધાનને લગતા ચોકકસ પ્રકારના સિદ્ધાંતોનું વર્ણન કરવામાં આવ્યુ છે. **પરાશર**[૧૬-૧૦] અને **હિરણ્યાક્ષ**[૧૬-૧૧] ગૃહ્યસૂત્રોમાં ગૃહનિર્માણ માટેના શુભ મુહર્તો અને યોગોનું વિવરણ પ્રાપ્ત થાય છે.

આમ, સૂત્રગ્રંથોમાં વાસ્તુવિદ્યાને લગતાં વ્યવસ્થિત સ્વતંત્ર ખંડો આપણને સર્વપ્રથમ જોવા મળે છે. ગૃહ્યસૂત્રોમાં ઉલ્લેખેલ અનેકવિધ સિદ્ધાંતોના આધાર પર ભારતીય શિલ્પસ્થાપત્ય પ્રણાલિકા ઉદ્ભવી છે. જે આગળ જતાં વ્યવસ્થિત શાસ્ત્રનું સ્વરૂપ ધારણ કરે છે.

### ૧.૧.૪.૪ વૈદિક સંહિતાઓ અને અન્ય સંહિતાઓઃ

**શુક્લયજુર્વેદની વાજસનેયિ** સંહિતામાં પણ મૂર્તિપૂજાને અનુલક્ષીને કેટલાક ઉલ્લેખો મળે છે. **કૃષ્ણયજુર્વેદની તૈત્તિરીય સંહિતામાં** યજ્ઞયાગાદિ પ્રસંગે સુવર્ણ પ્રતિમા સ્થાપન કરવાનું સૂચવેલ છે. આ ઉપરાંત દેવાલયોમાં સ્થાપન કરતી મૂર્તિસબંધી બાબતોનો પણ ઉલ્લેખ મળે છે. આ કાળમાં દેવતાઓની મૂર્તિમંત કલ્પના કરવામાં આવતી હોવાના સ્પષ્ટ સૂચનો મળે છે.

**ભૃગુસંહિતામાં** મહર્ષિ ભૃગુએ (૧) ધાતુખંડ (૨) સાધનખંડ (૩) વાસ્તુખંડ વર્ણવ્યા છે. જેમાં વાસ્તુખંડમાં वेश्मप्राकारनगरचना वास्तु संज्ञितम् । - વાસ્તુખંડમાં મકાનો, કિલ્લાઓ, નગરો, જળાશયો કહ્યા છે. મહર્ષિ ભૃગુ ભૂમિપરીક્ષાના પ્રકાર બતાવે છે. (૧) વર્ણ (૨) ગંધ (૩) રસ (૪) પ્લવ (૫) દિક્ (૬) શબ્દ (૭) સ્પર્શ. વળી વાસ્તુદ્રવ્ય (Building Materials) વિષે મહર્ષિ ભૃગુ કહે છે.

> शिलेष्टिकासुधादारूमृत्सनामृण्लोष्ठलोहकाः ।
> एतानि शिल्पद्रव्याणि मुख्यत्वेन निरूपिताः ।। [१७]

પાષાણ, ઈંટ, ચૂનો, લાકડું, માટી, મિશ્રધાતુ - આ વસ્તુઓ મુખ્યત્વે શિલ્પના વાસ્તુદ્રવ્યો ગણવા.

**બૃહદ્સંહિતામાં** શિલ્પાચાર્ય વરાહમિહિરે ગર્ગનો મત પ્રમાણરૂપે આપેલ છે. તેના તૃતીય ખંડ અધ્યાય ૫૩માં વાસ્તુવિદ્યા કહી છે.

> वास्तुज्ञानमथातः कमलभवान्मुनिपरम्यरायातभ्
> क्रियतेऽधुना मयेदं विदग्धसांवत्सर प्रीत्यै ।। [१८]

પિતામહ બ્રહ્માજીએ પ્રબોધેલું અને મુનિઓની પરંપરા દ્વારા પ્રાપ્ત થયેલું, વાસ્તુજ્ઞાન વિદ્વાન જ્યોતિર્વિદોની પ્રસન્નતા માટે કહેલું છે. આ દ્વારા વિવિધ ગ્રહોના પરિમાણ, વર્ણોના ગ્રહોનું પ્રમાણ, વાસ્તુપ્રકાર, તેનું ફળ, શ્રેયસ્કર ભૂમિ, ગૃહનિર્માણ પૂર્વેની માંગલ્યવિધિ વગેરેનું વર્ણન ૧ થી ૧૨૫ શ્લોકો સુધી કરેલું છે.

### ૧.૧.૪.૫ પ્રમુખ પુરાણોમાં વાસ્તુ

અગ્નિપુરાણ (અ-૩૯) લોકાખ્યાયિકામાં આવતાં શિલ્પશાસ્ત્ર પરના નીચેના પચ્ચીસ ગ્રંથોની યાદી મળે છે.

> विष्णवादीनां प्रतिष्ठादीन वक्ष्ये ब्रह्मन् श्रृणुष्व मे ।
> प्रोक्तानि प चरात्राणि सप्तरात्राणि वै मया ।। [१९]

ભગવાન શ્રી હયગ્રીવે કહયું કે વિષ્ણુ વગેરે દેવોની પ્રતિષ્ઠાના વિષય બાબતમાં મારા દ્વારા વર્ણિત પંચરાત્ર અને સપ્તરાત્રને ઋષિઓએ માનવલોકમાં પ્રચલિત કરેલ છે. તેમની સંખ્યા પચ્ચીસની છે.

(૧) પંચરાત્ર (૨) સપ્તરાત્ર (૩) હયશીર્ષતંત્ર (૪) ત્રૈલોકયમોહનતંત્ર (૫) વૈભવતંત્ર (૬) ચૌશ્કરતંત્ર (૭) નારદીયતંત્ર (૮) શાંડિલ્યતંત્ર (૯) વૈશ્વકતંત્ર (૧૦) શૌનકતંત્ર (૧૧) જ્ઞાનતંત્ર (૧૨) પ્રલ્હાદતંત્ર (૧૩) ગાર્ગ્યતત્ર (૧૪) ગાલવતંત્ર (૧૫) સ્વાયંભુવતંત્ર (૧૬) કપિલતંત્ર (૧૭) તાક્ષતંત્ર (૧૮) આત્રેયતંત્ર (૧૯) નારસિંહતંત્ર (૨૦) આનંદતંત્ર (૨૧) વસિષ્ઠતંત્ર (૨૨) આરૂણતંત્ર (૨૩) બોધાયનતંત્ર (૨૪) આર્ષતંત્ર (૨૫) વિશ્વોકતતંત્ર

ઉપર્યુકત પચ્ચીસ ગ્રંથોના નામ પરથી જ સિદ્ધ થાય છે કે તે ઋષિઓ તંત્રગ્રંથો અને શિલ્પગ્રંથોના લેખકો હતા.

| પુરાણનું નામ | - | અધ્યાય |
|---|---|---|
| અગ્નિપુરાણ[૨૦] | | |
| દેવાલયોનું મહત્વ | - | ૩૮ |
| ભૂપરિગ્રહ વિધાન | - | ૩૯ |
| વાસ્તુમંડલ વિધિ | - | ૪૦ |
| શિલાયન્સ મુહૂર્તવિધિ | - | ૪૧ |
| દેવાલયોનું વર્ણન | - | ૪૨ |
| દેવાલયમાં દેવની સ્થાપના | - | ૪૩ |
| દેવાપ્રતિમાના વર્ણન | - | ૪૪ |
| પીઠિકાનું લક્ષણ | - | ૪૫ |
| ચંડીદેવીનું પ્રતિમાવર્ણન | - | ૫૦ |
| લિંગ વર્ણન, પ્રકારો | | ૫૩, ૫૪ |
| પ્રતિમા પિણ્ડિકાની સ્થાપનાવિધિ | | ૫૫ |
| ગૃહ-દેવાલયની રચના | | ૬૫ |
| દેવની પ્રતિષ્ઠા | | ૬૬ |
| જીર્ણોદ્ધારનું ફલ | | ૬૭ |
| શિલાન્યાસ વિધિ | | ૯૨ |
| વાસ્તુપૂજા વિધાન | | ૯૩ |
| શિલાન્યાસનું વિધાન | | ૯૪ |

| | |
|---|---|
| પ્રતિષ્ઠા સામગ્રી વિધિકથન | ૯૫ |
| દ્વારપ્રતિષ્ઠા વિધાન | ૧૦૦ |
| પ્રાસાદપ્રતિષ્ઠા વિધાન | ૧૦૧ |
| ધ્વજારોપણ વિધાન | ૧૦૨ |
| પ્રાસાદલક્ષણ વિધાન | ૧૦૪ |
| નગર વગેરે વાસ્તુપૂજન | ૧૦૫ |
| વાસ્તુનું કથન | ૧૦૬ |
| ભુવનકોષનું વર્ણન | ૧૦૭ |
| ભૂમંડલનો પરિચય | ૧૦૮ |


## ✵ મત્સ્યપુરાણઃ–[૨૧]

મત્સ્યપુરાણોમાં વાસ્તુવિદ્યાના અઢાર પ્રણેતાઓમાં મય અને વિશ્વકર્માનું સ્થાન છે. ઉત્તર ભારતીય વાસ્તુવિદ્યાના મુખ્ય પ્રણેતા વિશ્વકર્મા ગણાય છે તો મય દક્ષિણ ભારતીય દ્રાવિડશૈલીના મુખ્ય પ્રણેતા ગણાય છે.

भृगुरत्रिर्वसिष्ठश्च विश्वकर्मा मयस्तथा
नारदो नग्नजिच्चैव विशालाक्षः पुरंदरः ।। १ ।।

ब्रह्माकुमारो नन्दीश : शौनको गर्ग एव च ।
वासुदेवोऽनिरूद्धश्च तथा शुक्र बृहस्पती ।। २ ।।

अष्टादर्शते विख्याताः वास्तुशास्त्रोपदेशका : ।


| | |
|---|---|
| વાસ્તુપ્રાદુર્ભાવ | ૨૫૨ |
| ઘર બનાવવાના સમયનો નિર્ણય | ૨૫૩ |
| ગૃહમાનનિર્ણય | ૨૫૪ |
| વેધપરિમાર્જન | ૨૫૫ |
| વાસ્તુવિદ્યાનું કીર્તન | ૨૫૭ |
| દેવપ્રતિષ્ઠા પ્રસંગે | ૨૫૮ |
| પ્રતિમાનું પ્રમાણ પ્રતિમાઓના લક્ષણ | ૨૫૯ |
| મૂર્તિઓના લક્ષણ | ૨૬૦, ૨૬૧ |

| | |
|---|---|
| પીઠિકા વર્ણન (મૂર્તિ કે થાંભલાની બેઠક, આધાર) | ૨૬૨ |
| દેવતાઓનું કીર્તન | ૨૬૩ |
| પ્રતિષ્ઠાનું કીર્તન | ૨૬૪ |
| અંધવાસનનો વિધિ | ૨૬૫ |
| દેવતાઓની પ્રતિષ્ઠા | ૨૬૬ |
| વાસ્તુદોષશમન | ૨૬૮ |
| પ્રાસાદઅનુકીર્તન | ૨૬૯ |

### ૧.૧.૪.૬ કૌટિલીય અર્થશાસ્ત્ર અને અન્ય ગ્રંથો

કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં[૨૨] શિલ્પસ્થાપત્યના અનેક ઉદાહરણો મળે છે.

વાસ્તુ વિશે ચર્ચા કરતા કૌટિલ્યે જણાવ્યું છે કે ભવન-પ્રાસાદો, ઉદ્યાનો, સેતુબંધો અને સરોવરો વગેરેનો સમાવેશ વાસ્તુમાં થાય છે. આ ગ્રંથના દુર્ગનિવેશ નામના પ્રકરણમાં ગ્રામ અને નગરરચનાની વિપુલ માહિતી આપેલી છે.

અર્થશાસ્ત્રમાં પાંચ પ્રકારના માર્ગો - રાજપથ, દેવપથ, મહાપથ, રથ્યા, ચર્યા બતાવ્યા છે. વાસ્તુપદવિન્યાસને લગતી સુરેખ માહિતી કૌટિલ્યે આપી છે. દુર્ગરચના પરત્વે તે દુર્ગોના વાસ્તવિક પ્રકારો આપે છે. દા.ત. જે દુર્ગોની ચારે બાજુએ નદી કે સરોવર આવેલ હોય તે ઔદક, જે પર્વત પર આવેલો હોય તે પાર્વત, જે રણપ્રદેશમાં આવેલો હોય તે ધાનવન વનમાં કે જંગલમાં આવેલ હોય તે સ્થાનીય એવું નામ આપેલ છે.

દેવકુલ, દેવાયતન, દેવતાગૃહ, દેવગૃહ વગેરે શબ્દો તેણે મંદિર માટે પ્રયોજયા છે. નગરની મધ્યમાં તેમજ મુખ્ય માર્ગો પર અપરાજિત જયંત, શિવ-વૈષ્ણવ, અશ્વિની તથા દેવીશ્રી મંદિરોના સ્થાનકો સ્થાપવા તેવો આદેશ આપ્યો છે.

અધિકરણ - ૨ પ્રકરણ - ૧૯માં શાસનવ્યવસ્થાની દષ્ટિએ કૌટિલ્ય સમગ્ર રાષ્ટ્રને પુર અને જનપદ બે વિભાગમાં વહેચ્યું છે. પુરનો નગર દુર્ગ માટે અને જનપદ માટે ભૂ-ભાગ એવો અર્થ આપ્યો છે.

ભૂમિરક્ષણ અને ભૂમિસમૃદ્ધિના ઉપાયો (૧) દુર્ગ યોજના (૨) દુર્ગભેદ (૩) દુર્ગસ્થાન (૪) ભવનનિર્માણ. જનપદોની સીમા ઉપર અંતપાલોના દુર્ગની સ્થાપના કરવી.

ખેતી માટેની અયોગ્ય ભૂમિને ઉપયોગી બનાવવાનું વિધાન તેમજ દુર્ગનિર્માણનું વિષય -વસ્તુપ્રકરણ ૨૦ અને ૨૧માં પ્રાપ્ત થાય છે.

શ્રી કૌટિલ્યના અધ્યક્ષપ્રચાર અધિકરણમાં

(૧) સન્નિધાતા :- સન્નિધાતા રાજકોષનો અધ્યક્ષ છે. સન્નિધાતા, કોશગૃહ, પર્ણ્યગૃહ, ધાન્ય કોઠારો, શસ્ત્રાગાર, કારાગાર વગેરેના નિર્માણ આદિની વાત છે.

(૨) સુવર્ણાધ્યક્ષઃ- સુવર્ણ-ચાંદીનો સામાન, સોના-ચાંદીના કાર્ય માટે શાળા

(૩) આયુધાગારધ્યક્ષઃ- આયુધાગાર બનાવવું શિલ્પીઓ પાસે યુદ્ધ કામે આવનારા દુર્ગનું રક્ષણ કરનારા અને શત્રુનાં નગરો તથા સૈન્યનો નાશ કરનારા મશીનગન, તોપો, ધનુષ, હથિયાર, બાણ, કવચ, સવારી વગેરે સાધનો બનાવવા.

આ ઉપરાંત અશ્વાધ્યક્ષ, ગોઅધ્યક્ષ (ગોશાળા), પૌતવાધ્યક્ષ (તોલમાપનો અધિક્ષક) વગેરેનો ઉલ્લેખ છે.

## ❋ રામાયણ અને મહાભારત

રામાયણમાં વાસ્તુવિદ્યા વિશે ઘણી માહિતી આપી છે. વિશ્વકર્મા અને મય એ અનુક્રમે દેવો અને અસુરોના સ્થપતિ હતા. વાસ્તુવિદ્યાનું જ્ઞાન બ્રહ્મા પાસેથી મયે કેવી રીતે પ્રાપ્ત કર્યું તેનું કિષ્કિંધાકાંડ[૨૩]માં આપ્યું છે.

अयोध्या नाम नगरी तत्रासील्लोक विश्रुता ।
मनुना मानवेन्द्रेण या पुरी निर्मिता स्वयम् ।। [२४]

ઉપર્યુકત શ્લોક પરથી સ્પષ્ટ થાય છે કે અયોધ્યા નગરીનું નિર્માણ મનુ નામના વાસ્તુશાસ્ત્રજ્ઞે કર્યુ હતું. અયોધ્યાની ઘર-રચના, દેવાલય-રચના, બગીચા-તળાવ વગેરે દરેક નાગરી સંસ્થાની રચના પણ વાસ્તુ શાસ્ત્રના સિદ્ધાંતો મુજબ કરવામાં આવી હતી.

अहं हि विश्वकर्मा वै दानवानां महाकविः ।
सोऽहं वै त्वत्कृते किंचित्कूर्तुमिच्छामि पाण्डव ।। [२५]

હે પાંડવ, હું દાનવોનો અત્યંત બુદ્ધિમાન વિશ્વકર્મા છું, માટે હું આપના માટે કંઈક કરવાની ઈચ્છા ધરાવું છું.

'વાસ્તુપશમન' વિધિને ભગવાન રામચંદ્ર ચિત્રકુટમાં પર્ણકૂટી બાંધે છે ત્યારે અનુસરે છે.[૨૬]

દુર્ગોના વિવિધ પ્રકારો જેવાકે નાદેય, પાર્વતેય, વન્ય, કૃત્રિમ વગેરેમાં ઉલ્લેખ છે. [૨૭]

**મહાભારત**માં વાસ્તુકલાવિષયક અનેક ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. શાંતિ નામે પ્રાથમિક મંગલવિધિ કોઈપણ પ્રકારનાં વાસ્તુની રચનાનાં પ્રારંભે કરવામાં આવતો **વિશ્વકર્મા** અને **મય** અનુક્રમે દેવો અને દાનવોના સ્થપતિઓ હતા. વિશ્વકર્માનો મહિમા તેણે દેવો માટેના રચેલ નગરો અને રથો વગેરેના વર્ણનમાં ગાયો છે.[૨૮]

શાંતિપર્વમાં નગરના સંરક્ષણ અર્થે વિવિધ પ્રકારના દુર્ગની રચના માહિતી આપી છે.

વાસ્તુશાસ્ત્રોલ્લિખિત વિવિધ પ્રકારના દુર્ગ દાનવદુર્ગ (રણપ્રદેશમાં) મહીદુર્ગ (ભૂમિદેશમાં) ગિરિદુર્ગ (પહાડીદેશ) વન્યદુર્ગ (વનપ્રદેશ) વગેરેના ઉલ્લેખ છે.

સભા (મંડપ) પ્રાસાદ, વિમાન, સૌંદર્ય, હર્મ્ય વગેરે પ્રકારના ભવનો બનાવવાનો મહાભારતમાં ઉલ્લેખ છે. (મહા. ૧૨,૫ અને ૮૬)

## ૧.૧.૪.૭ અન્ય ગ્રંથો

વાયુપુરાણ અને માર્કંડેય પુરાણ, ગરૂડ પુરાણ, વિષ્ણુધર્મોત્તર પુરાણ ઈત્યાદિમાં વાસ્તુવિદ્યા પરના ઉલ્લેખો જોવા મળે છે. ઉપરાંત આગમગ્રંથો, ક્રિયાકાંડના ગ્રંથો, જયોતિષગ્રંથો, તંત્રગ્રંથો, સૂત્રગ્રંથો, નીતિશાસ્ત્રના ગ્રંથોમાં શિલ્પ અંગેના ઉલ્લેખો મળે છે.

શ્રી વિશ્વકર્માના રચેલા ક્ષીરાર્ણવ, વૃક્ષાર્ણવ, દીપાર્ણવ, અપરાજિત, જ્ઞાનપ્રભકોષ, વિશ્વકર્મા પ્રકાશ, વાસ્તુશાસ્ત્રકારિકા, જયગ્રંથો આ ગ્રંથોમાં ઉલ્લેખ જોવા મળે છે. સૂત્રધાર મંડને રચેલા અનેક ગ્રંથો જેવા કે (૧) દેવતા–મૂર્તિ પ્રકરણમ્ (૨) પ્રાસાદમંડન (૩) રાજવલ્લભ (૪) રૂપ મંડન (૫) વાસ્તુ મંડન (૬)વાસ્તુ શાસ્ત્ર (૭) વાસ્તુસાર (૮) આયતત્વ અને મંડનના ભાઈ નાથુજીએ રચેલ 'વાસ્તુમંજરી' ત્રણ અધ્યાયનો ગ્રંથ જોવા મળે છે.

મહારાજા ભોજરચિત પ્રસિદ્ધ **'સમરાંગણ સૂત્રધાર'** વાસુદેવ રચિત **વાસ્તુપ્રદીપ** સૂત્રધાર મલ્લ રચિત **'પરિમાણ મંજરી'**, રાજસિંહકૃત **'વાસ્તુરાજ'**, શ્રી ગણેશકૃત **'વાસ્તુકૌસ્તુભ'** સૂત્રધાર ગોવિંદનું **'કલાનિધિ'** અને **'વાસ્તુઉદ્ધાર'** વગેરે ગ્રંથો જોવા મળે છે.

**બૌદ્ધજાતકકથાઓમાં** ભારતીય વાસ્તુકલાના અનેક સિદ્ધાંતોનું વર્ણન મળે છે. જાતકકથા નં. ૪૮૨, ૪૮૯માં વિશ્વકર્માને વાસ્તુવિદ્યાના પ્રણેતા તરીકે સ્વીકાર્યા છે.

બુદ્ધના જમાનામાં બ્રાહ્મણો વાસ્તુવિદ્યાની એક કલા તરીકે ઉપાસના કરતા હતા. એક જાતકકથામાં એક રાજકુમાર પોતાના નવા બાંધેલા પ્રાસાદનો શાંતવિધિ – પ્રાસાદમંગલમ્ – આચરતો બતાવ્યો છે. (બ્રાહ્મજાલસુત ખંડ ૨૧, ૨૭) જાતકકથાઓમાં દેવમંદિરોને દેવકુલ કે ચૈત્ય કહયા છે. મહાપ્રાસાદોના છાપરા, સીડીઓ, મંડપો અને પીઠો વગેરેનાં બાંધકામમાં ઈંટોનો ઉપયોગ કરવાની બુદ્ધે શિષ્યોને છૂટ આપી હતી. ભુવન નિર્માણમાં પાષાણનો ઉપયોગ થતો હોવાનો ઉલ્લેખ પણ મળે છે. તે પરથી લાગે છે કે પાષાણનો વસ્તુમાં મર્યાદિત ઉપયોગ તે સમયમાં થતો હશે.

**પાલિગ્રંથોઃ–**

જાતકકથાઓ ઉપરાંત બૌદ્ધધર્મને લગતા પાલિભાષામાં લખાયેલા કેટલાક ગ્રંથોમાં વાસ્તુનિર્માણકલાને લગતી માહિતી આપવામાં આવી છે. આ ગ્રંથોમાં ચુલ્લવગ્ગના પાંચમાં અને છઠ્ઠા અધ્યાયમાં બુદ્ધે શિષ્યોને ઈમારતી બાંધકામોના નામોની ગણતરી કરાવી છે. બુદ્ધે **નિવાસસ્થાનનાં પાંચ પ્રકાર**, વિહાર અધ્યયોગ, પ્રાસાદ, હર્મ્ય, ગુહા ગણાવ્યા છે. આ પાંચ પ્રકારના ભવનો સિવાય શાળા અને મંડપના સ્થાપત્યના ઉલ્લેખો આ ગ્રંથમાં જોવા મળે છે.

## ૧.૧.૫.  વેદાંગ વિચાર

જેના દ્વારા વસ્તુના યથાર્થ સ્વરૂપનું જ્ઞાન થાય છે તેને અંગ કહેવાય છે. આ રીતે વેદના અર્થજ્ઞાનને માટે જે સહાયક થાય છે તેને વેદાંગ કહેવામાં આવે છે. વેદ ગૂઢ અને રહસ્યમય અર્થોને સ્પષ્ટ કરવામાં સહાય થાય તે માટે ઋષિઓએ વેદોના છ અંગોની રચના કરી છે. નારણપુરાણના બીજા પાદમાં અ. ૪૬ થી ૫૩ સુધી ૮ અધ્યાયમાં છ વેદાંગોનું વર્ણન થયું છે.

ષડ્‌વેદાંગોના નિર્માણથી એક નવા યુગનું નિર્માણ થાય છે. આ ઉત્તરવૈદિકયુગ કહેવાય છે. આ યુગમાં છ નવા શાસ્ત્રો રચાયા.

(૧) શિક્ષા

(૨) કલ્પ

(૩) વ્યાકરણ

(૪) નિરુકત

(૫) છંદ

(૬) જયોતિષ

**(૧) શિક્ષાઃ-**

પાણિની જેવા ઋષિઓએ વૈદિક ભાષાના ઉચ્ચારણની વિદ્યાનું નિરૂપણ કરવા માટે આ અંગની રચના કરી છે.

શિક્ષાવેદ પુરૂષનું ઘ્રાણ છે.

(शिक्षा घ्राणं तु वेदस्य ।) શિક્ષાનો અર્થ છે – ઉચ્ચારનું જ્ઞાન આપવું. ઋગ્વેદભાષ્યમાં સાયણ કહે છે કે સ્વર, વર્ણ, આદિનું ઉચ્ચારણ વિધિઓનું જયા શિક્ષણ આપવામાં આવે છે તેને શિક્ષા કહેવાય છે. શિક્ષાના છ અંગ છે. (૧) વર્ણ (૨) સ્વર (૩) માત્રા (૪) બળ (૫) સામ (૬) સન્તાન (સંહિતા)

**વર્ણઃ-**

**આકાશાદિ** અક્ષરોને વર્ણ કહેવાય છે. શિક્ષાગ્રંથોમાં ૬૩ અથવા ૬૪ વર્ણોનો ઉલ્લેખ છે. જેમાં ૨૧ સ્વર, ૨૫ સ્પર્શ, સંજ્ઞક વર્ણ ૮, ૫ આદિ, ૪ યમ, અનુસ્વાર વિસર્ગ, જિહ્વામૂલીય ઉપધ્માનીય અને બે સ્વરોનો મધ્યવર્તી લ અને પ્લુત ॡ નો સમાવેશ થાય છે.

**સ્વરઃ-**

સ્વર, ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત ત્રણ પ્રકારના છે. વેદમંત્રોના ઉચ્ચારણમાં તે સ્વરોનું મહત્ત્વ છે. કારણ કે સ્વરભેદથી અર્થભેદ થઈ જાય છે.

**માત્રાઃ-**

સ્વરોના ઉચ્ચારણમાં લાગતાં સમયને માત્રા કહેવાય છે. માત્રા ત્રણ હોય છે. ઉદાત્ત, અનુદાત્ત, સ્વરિત, એક માત્રાનાં ઉચ્ચારણમાં લાગતા સમય હસ્વ, દ્વિમાત્રાને દીર્ઘ અને ત્રિમાત્રાને પ્લુત કહેવાય છે.

**બળઃ-**

વર્ણોના ઉચ્ચારણ સ્થાન અને પ્રયત્નને બળ કહે છે.

**સામઃ-**

વર્ણોના દોષરહિત અને શુદ્ધ માધુર્યાદિ ગુણોથી સમન્વિત ઉચ્ચારણને સામ કહેવાય છે.

**સંતાનઃ-**

સંહિતા પદોની અતિશય સન્નિધિને સંહિતા કહેવાય છે. યાસ્કે સંહિતાનો અર્થ પદપ્રકૃતિ કર્યો છે.

**(૨) કલ્પસૂત્રઃ-**

કલ્પનો અર્થ થાય છે - વિધિ, નિયમ, ન્યાય, કર્મ અને આદેશ. જે ગ્રંથોમાં વ્યકિતના નિર્માણ માટેની જન્મથી મૃત્યુપર્યન્તના સંસ્કારોની વ્યવસ્થાનું નિરૂપણ કરવામાં આવ્યું છે તેને કલ્પ કહે છે. મુખ્યરૂપે શ્રૌત, ગૃહ્ય, ધર્મસૂત્ર અને મનુસ્મૃતિ વગેરેની ગણના કલ્પસૂત્રોમાં થાય છે. સૂત્ર શબ્દનો અર્થ થાય છે સંક્ષેપ અર્થાત્ - જયાં થોડા શબ્દોમાં વિશેષ અર્થને કહેવામાં આવે તેને સૂત્ર કહેવાય છે. યજ્ઞ-યાગાદિના નિયમોને સંક્ષેપમાં કહ્યું તેને કલ્પસૂત્ર કહેવાય છે. કલ્પસૂત્રના ચાર ભેદ છે - શ્રૌતસૂત્ર, ગૃહ્યસૂત્ર, ધર્મસૂત્ર, શુલ્વસૂત્ર.

✵ **શ્રૌતઃ-** ઋગ્વેદના શ્રૌત જેવા કે આશ્વલાયન અને શાંખાયન

યજુર્વેદના - શુકલનું કાત્યાયન શ્રૌતસૂત્ર

કૃષ્ણ યજુર્વેદ બૌધાયન, આપસ્તમ્બ, હિરણ્યકેશી વૈખાનસ ભારદ્વાજ અને માનવશ્રૌત સૂત્ર છે.

સામવેદના - આર્ષેયકલ્પસૂત્ર, જૈમિનીય, લાટ્યાયન, દાહયાયણ શ્રૌતસૂત્ર છે.

✵ **ગૃહ્યઃ-**

**અથર્વવેદના** - વૈતાનસૂત્ર છે.

**ઋગ્વેદ** ગૃહ્યસૂત્ર - આશ્વલાયન, શાંખાયન ગૃહ્યસૂત્ર

**યજુર્વેદ** ગૃહસૂત્ર - શુકલ યર્જુવેદ પારસ્કરગૃહ્ય સૂત્ર જ છે. બૌધાયન, ભારદ્વાજ, આપસ્તંબ, હિરણ્યકેશી ગૃહ્યસૂત્ર છે.

**સામવેદઃ**- ગોભિલગૃહ્યસૂત્ર, ખદિરગૃહ્યસૂત્ર

**અથર્વવેદ** – કૌશિકગૃહ્યસૂત્ર છે.

❋ **ધર્મઃ**–

ઋગ્વેદના ધર્મસૂત્ર – વસિષ્ઠ ધર્મસૂત્ર

યજુર્વેદના ધર્મસૂત્ર – શુકલ હારીતધર્મસૂત્ર

કૃષ્ણ બોધાયન ધર્મસૂત્ર

કૃષ્ણ આપસ્તમ્બ ધર્મસૂત્ર, વિષ્ણુધર્મસૂત્ર

સામવેદ ધર્મસૂત્ર – ગૌતમધર્મસૂત્ર

અથર્વવેદનું કોઈ ધર્મસૂત્ર નથી.

❋ **શુલ્વસૂત્રઃ**–

શુલ્વનો અર્થ છે માપવાની રસ્સી, યજ્ઞસ્થાન અને વેદિઓની નિર્માણ વિધિનું વિશિષ્ટરૂપથી પ્રતિપાદન થયું છે.

માત્ર યજુર્વેદનું જ શુલ્વસૂત્ર છે. શુકલનું કાત્યાયન અને કૃષ્ણયજુર્વેદનું – બૌધાયન, આપસ્તંબ, માનવ, મૈત્રાયણીય, વારાહ અને વાધુલ શુલ્વસૂત્ર

**(૩) વ્યાકરણઃ**–

વ્યાકરણને વેદ પુરૂષનું મુખ કહયું છે. मुखं व्याकरणं स्मृतम् । જેવી રીતે મુખવિના ભોજનાદિ ન થવાથી શરીર પુષ્ટ થતું નથી તેવી જ રીતે વ્યાકરણ વિના વેદરૂપી પુરૂષના શરીરની રક્ષા અસંભવ છે. વ્યુત્પતિના આધાર પર જેના દ્વારા પદોના પ્રકૃતિ–પ્રત્યયનું વિવેચન કરવામાં આવે છે તેને વ્યાકરણ કહેવાય છે. વ્યાકરણશાસ્ત્રમાં વર્ણ, પદ, સંધિવિચાર, શબ્દરચના નિયમ તથા પ્રકૃતિપ્રત્યયનું વિવેચન કરવામાં આવ્યું છે.

**(૪) નિરૂકતઃ**–

નિરૂકત નિઘંટુની ટીકા છે. નિઘંટુમાં વેદના કઠિન શબ્દોના ક્રમબદ્ધ રૂપમાં સંકલન છે. નિઘંટુના શબ્દો નિર્વચન નિરૂકતમાં કરવામાં આવ્યું છે. વેદમંત્રોના કઠિન શબ્દોની વ્યુત્પતિ નિરુકત કરે છે. અર્થના જ્ઞાન માટે બીજાની સહાયતા વિના નિરપેક્ષરૂપથી પદોનું જયાં કથન થાય છે. તેને નિરૂકત કહેવાય છે. વર્ણાગમ, વર્ણવિપર્યય, વર્ણવિકાર, વર્ણનાશ અને ધાત્વર્થનો અતિશયયોગ નિરૂકતના પ્રતિપાદ્ય વિષય છે.

નિરુકત **ત્રણ કાંડો**માં વિભકત છે. તેમાં ૧૨ અધ્યાય છે અને અંતમાં બે અધ્યાય પાછળથી જોડેલા છે. તે રીતે કુલ ૧૪ અધ્યાય છે.

નિરુકતના પ્રથમ કાંડને નૈઘટુક કાંડ કહે છે. તેમાં ત્રણ અધ્યાય છે. પહેલા અધ્યાયમાં વ્યાકરણ અને નિરુકતના સંબંધો પર વિચાર થયેલો છે. બીજા અને ત્રીજા અધ્યાયમાં પર્યાયવાચી શબ્દોની વ્યાખ્યા છે. બીજા કાંડને **નૈગમકાંડ** કહેવાય છે. એકપદાદિ પદોનું વર્ણન છે. ત્રીજા કાંડને **દૈવતકાંડ** કહેવાય છે. દેવતાઓની પ્રધાનતયા સ્તુતિ થયેલી છે. નિરુકતમાં ત્રણ દેવતા બતાવ્યા છે. પૃથિવીસ્થાનીય (અગ્નિ), અંતરિક્ષસ્થાનીય (વાયુ), દ્યુસ્થાનીય દેવતા (આદિત્ય) બાકીના ભાગમાં અગ્નિસ્તુતિ અને બ્રહ્મની સ્તુતિ છે. બ્રહ્મનિષ્ઠ થઈને જ કર્મ કરવું શ્રેયસ્કર છે. આ રીતે નિરુકતમાં વૈદિક શબ્દોની વ્યાખ્યા થઈ છે.

## (૫) છંદઃ-

છંદ વેદનું પાંચમું અંગ છે. વેદપુરુષના **પગ** છે. વેદમંત્રોના શુદ્ધપાઠ માટે તેમજ અર્થ જાણવા માટે છંદોનું જ્ઞાન અનિવાર્ય છે. છંદોની રચના  વર્ણો અને માત્રાઓની સંખ્યા પ્રમાણે થાય છે. જેવી રીતે પગ વિના ચાલી ન શકાય. છંદોજ્ઞાન વિના વેદ પંગુ છે. અર્થાત્ શુદ્ધ ઉચ્ચારણ ન થઈ શકે. કાત્યાયનની સર્વાનુક્રમણીમાં કહયું છે કે જે અક્ષરોનું પરિમાણ છે તે છંદ છે.

છંદોના બે પ્રકાર (૧) માત્રિક (૨) વર્ણિક વેદોમાં વર્ણિક છંદોનો પ્રયોગ થાય છે. વૈદિક છંદોના જ્ઞાતા પિંગલમુનિ થઈ ગયા તેથી પિંગલશાસ્ત્ર કહેવાય છે.

## (૬) જયોતિષઃ-

જયોતિષ વેદ-પુઢષનું નેત્ર છે. યજ્ઞોના વિધાનમાં વિશિષ્ટ સમયનું જ્ઞાન અપેક્ષિત છે અને "યજ્ઞ-યાગો માટે યોગ્ય સમય, વર્ષ, માસ, ઋતુ, તિથિ, નક્ષત્ર, પક્ષ, દિન-રાત વગેરે જયોતિષ દ્વારા જ સંભવે છે. આ નિયમોની જાણકારી માટે જયોતિષનું જ્ઞાન આવશ્યક છે. (આચાર્ય જયોતિષ ૩૬)

આકાશગત સૂર્યમંડળ સાથે સંબંધ ધરાવતા નક્ષત્રવિજ્ઞાનને જયોતિષ કહે છે. આ જયોતિષશાસ્ત્ર અથવા નક્ષત્રવિજ્ઞાન વેદનું છઠ્ઠું અંગ છે. જયોતિષમાં વસિષ્ઠમુનિકૃત સૂર્યસિદ્ધાંતની ગણના થાય છે.

વેદાંગ જયોતિષના પ્રથમ આચાર્ય બ્રહ્મા છે. તેમણે તેના પુત્ર વસિષ્ઠને જયોતિષવિદ્યા શીખવી. વિષ્ણુએ તે જ્ઞાન સૂર્યને શીખવ્યું, જે સૂર્યસિદ્ધાંત કહેવાય છે.

જયોતિષશાસ્ત્રનું પ્રાચીનરૂપ વૈદિક સંહિતાઓમાં પ્રાપ્ત થાય છે. સંહિતાકાલમાં જયોતિષનું અસ્તિત્વ વિદ્યમાન છે. વેદમંત્રો અને વૈદિક સંહિતાઓમાં તેના સૂત્રો છૂટાછવાયા જોવા મળે છે. વેદોમાં સૂર્ય, ચન્દ્ર અને કેટલાંક નક્ષત્રો માટે સ્તુતિપરક મંત્રો જોવા મળે છે.

ગ્રહજ્ઞાન અને કાલજ્ઞાનવિદ્યાનું નામ જયોતિષ છે. યજ્ઞક્રિયાઓની સફળતાપૂર્વક સમાપ્તિ માટે જયોતિષ ઉપયોગી છે. જયોતિષ એક પ્રકારે ગણિત છે. વેદાંગ જયોતિષ ગ્રંથમાં જયોતિષનું મહત્ત્વ બતાવતા કહયું છે કે -

यथा शिखां मयूराणां नागानां मणयो यथा ।
तद्वद्वेदांगशास्त्राणां गणितं मूर्ध्नि संस्थितम् ।। [२९]

ભારતીય જ્યોતિષશાસ્ત્રનું મૂળ વેદાઙ્ગ જ્યોતિષ છે. વરાહમિહિર, આર્યભટ્ટ, ભાસ્કરાચાર્ય વગેરેએ અદ્‌ભુત રીતે જ્યોતિષ શાસ્ત્રનું પાયાનું જ્ઞાન આપ્યું છે.

ભારતીય જ્યોતિષની પરંપરા વૈદિકયુગથી માંડીને આજ સુધી નિરંતર રહી છે. બ્રાહ્મણકાળ માં કૃતિકા નક્ષત્રથી ગણના થતી. કૃતિકાના પ્રથમ ચરણમાં વસન્ત સંપાત થતી હતી. તૈત્તિરીય બ્રાહ્મણમાં પ્રજાપતિને નક્ષત્રનું પ્રતીક માનીને ચિત્રા, હસ્ત, સ્વાતિ વગેરે નક્ષત્રોને તેના વિભિન્ન અંગોના રૂપમાં માનવામાં આવે છે. કલ્પસૂત્રોમાં નક્ષત્રો અને ધ્રુવ, અરૂંધતી અને સપ્તર્ષિ વગેરે તારાના નામ આવે છે. કલ્પસૂત્રમાં વિવાહ-પ્રકરણમાં ध्रुव इस स्थिरा भव । વાકય દ્વારા તેના સમયે વર-વધૂને ધ્રુવદર્શન કરાવવાની પ્રથા હતી. આ રીતે જ્યોતિષશાસ્ત્રમાં વિવિધ શ્રૌતપરંપરાનો ઉલ્લેખ મળે છે.

વાસ્તુશાસ્ત્ર જ્યોતિષનો જ એક ભાગ છે અને ગ્રહજ્ઞાન અને કાલજ્ઞાન વિદ્યાના નામે જ્યોતિષ છે. વેદમંત્રો અને વૈદિક સંહિતાઓમાં તેના સૂત્ર જોવા મળે છે. વેદોમા સૂર્ય, ચંદ્ર અને કેટલાક નક્ષત્રો માટે સ્તુતિપરક મંત્ર ઉપલબ્ધ થાય છે. વાસ્તુકાર્ય જ્યોતિષના આધારે જ થાય છે. "જ્યોતિષ વેદાંગમાં વાસ્તુવિદ્યાનું પણ વર્ણન કરેલ છે. દિશાશૂળ અર્થાત કયા દિવસે કઈ દિશામાં યાત્રા નિષિદ્ધ છે? તેનું વર્ણન કરતા કહયું છે કે શનિ અને સોમવારે પૂર્વદિશામાં ન જવું, ગુરૂવારે દક્ષિણ દિશા અને શુક્રવાર અને રવિવારે પશ્ચિમ દિશામાં ન જવું, બુધ અને મંગળ ઉત્તર દિશા તરફ ન જવું." [૩૦]

મત્સ્યપુરાણમાં પણ ૧૨૯ થી ૧૪૦ અધ્યાય સુધીમાં જ્યોતિષચક્ર રહેલું છે.

આચાર્ય વરાહમિહિરે યાત્રા, વિવાહ, કરણ (ગણિત) હોરા અને સંહિતા આદિજ્યોતિષના વિવિધ અંગો પર ગ્રંથોની રચના કરી છે. અ મહાગ્રંથ, બૃહદ્‌સંહિતા એ વરાહમિહિરનો જ્યોર્તિવિદ્યાનો સર્વપ્રિય ગ્રંથ થઈ પડયો છે.

પ્રથમ ખંડમાં જ્યોતિર્વિદ્યા અને ગ્રહવિદ્યા, દ્વિતિય ખંડમાં વર્ષાવિદ્યા અને કૃષિવિદ્યા, તૃતીય ખંડમાં રાજવિદ્યા અને વાસ્તુવિદ્યા, ચતુર્થ ખંડમાં પ્રાણીવિદ્યા અને શાકુનવિદ્યા, પંચમ ખંડમાં નક્ષત્ર વિદ્યાનો સમાવેશ થાય છે.

વરાહમિહિરે કહયું છે કે

"જ્યોતિષશાસ્ત્રરૂપી મહાસાગરનું એમણે બુદ્ધિરૂપી મંદરાચલથી મંથન કર્યું છે અને સંસારમાં શાસ્ત્રરૂપી, ચંદ્રને પ્રગટાવ્યો."

વરાહમિહિરે આ જ ગ્રંથમાં **વાસ્તુવિદ્યા** જે દેવપરંપરાથી ઉતરી આવેલી છે. તેનું વિગતવાર વર્ણન કરેલું છે.

આ ઉપરાંત વિવિધ ગૃહોના પરિમાણ, વર્ણોના ગૃહોનું પ્રમાણ, વાસ્તુના પ્રકાર, વાસ્તુપુઢષની કલ્પના કરી, એના શરીર પર રહેલા દેવોના સ્થાન નિર્ધારિત કર્યા છે. વાસ્તુવિદ્યાના અંગરૂપ પ્રાસાદો દેવ મંદિરનાં લક્ષણો પણ આચાર્યે વિસ્તારથી જણાવેલા છે.

भूमयो ब्राह्मणादीनां याः प्रोक्ता वास्तुकर्मणि ।
ता एव तेषां शस्यन्ते देवतायतनेष्वपि ।। [३१]

બ્રાહ્મણાદિના વર્ણોના નિવાસના નિર્માણ માટે જે ભૂમિ શુભ કહેવાઈ છે. એવી જ ભૂમિ એ વર્ણોના દેવાલયોના નિર્માણ માટે પણ પ્રશસ્ત ગણાઈ છે.

આ ઉપરાંત વિવિધ દેવોની પ્રતિમાની પ્રતિષ્ઠાનું બૃહદ્સંહિતાના અ. ૫૯માં શ્લોક ૧ માં છે.

कर्तुरनुकूलदिवसे दैवज्ञविशोधिते शुभनिमित्ते ।
भङ्गशकुनैः प्रस्थानिकै वनसम्प्रवेशः स्यात् ।। [३२]

જયોતિર્વિદે શોધેલા શુભદિવસે અને પ્રસ્થાન માટેના મંગલ શુકન જોઈને, પ્રતિમાનું નિર્માણ કરનારે શુભ મુહૂર્તનો અનુકૂલ દિવસ જોઈને વનમાં મંગલ પ્રવેશ કરવો.

આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે **વેદાંગ જયોતિષ**માં જયોતિષની સાથે વાસ્તુવિદ્યાનો સમન્વય એક સિકકાની બે બાજુની જેમ થયેલો છે.

## ૧.૧.૬.સાહિત્ય અને કલા

'સહ' સહિત પરથી સાહિત્ય એ પ્રમાણે સમજતા સાહિત્ય એટલે **સાથે રહેનાર** અર્થાત માનવજીવનની સાથે સાથે રહેનાર, માનવ હૃદયની સાથે રહેનાર, માનવ આત્માની સાથે રહેનાર એટલે સાહિત્ય.

કવિઓ અને મીમાંસકોના મતે સામાન્ય જીવનમાંથી મળતાં આનંદ કરતા વિશિષ્ટ પ્રકારના અવનવા આનંદનો અનુભવ કરાવે તે સાહિત્ય.

સાહિત્યનો હેતુ ઉદ્દેશ માત્ર જીવનનું જેવું તેવું દર્શન કરાવવાનો નથી. માત્ર બુદ્ધિના દાવપેચ કે હૃદયની પોચટ ઉર્મિલતામાં કાવ્ય નથી પરંતુ મન, હૃદય અને આત્મા એટલે કે માનવની સમગ્ર ચેતના એક જ ધન્ય આનંદમાં તન્મય થાય છે. આ આનંદમાં મગ્ન થનાર **કવિ** કહેવાય છે. આ જ કારણે કવિવાણીને દેવતા, અમૃતા, આત્માની કલા કહે છે.

विन्देम देवतां वाचममृतामात्मनः कलाम् । [३३]

મનુષ્યનો જેમ જેમ બૌદ્ધિક વિકાસ થતો ગયો તેમ તેમ સૌંદર્યદર્શનની ઝંખના વધતી ગઈ. ભૌતિકતાને બદલે ભાવના તરફ વધારે ઢળતો ગયો. તેના આનંદ માટેની પાંગરતી જતી પ્રવૃત્તિના અમૃત ફળરૂપે કલાનો જન્મ થયો. કલાને બે વિભાગમાં વહેંચી શકાય.

(૧) સ્થિતકલા :- સ્થિતકલામાં વાસ્તુકલા, તક્ષણકલા, ચિત્ર વગેરે આવી શકે છે જેને લલિતકલા કહે છે.

(૨) ગતિશીલકલાઃ- જયારે ગતિશીલમાં ના બધા જ સંગીત પક્ષો આવી જાય છે. જેને લલિતેતરકલા કહે છે.

સ્થિતકલાઓ શુદ્ધ છે. ગતિશીલ કલાઓ યાંત્રિક છે. સ્થાપત્ય, ચિત્ર, શિલ્પ, સંગીત, સાહિત્ય એ લલિત કલાઓ છે. લલિતકલાઓ સૌંદર્યને પૂજે છે, આનંદની આરાધના કરે છે. મનુષ્યના રસમય કોષને સ્પર્શે છે.

એક જ પ્રેરણાકેન્દ્રમાંથી ઉદ્ભવ થવાવાળી કલાઓ એક જ છે. માત્ર માધ્યમ ભિન્ન છે. મૂર્તિકલાની નિરાકરણ પદ્ધતિ અને વાસ્તુકલાની સંયોજન પદ્ધતિ સાહિત્યકલા સાથે સંબંધ ધરાવે છે.

મૂર્તિકલામાં જયાં કલાકાર લાકડીના ટુકડામાંથી નકામી ચીજો કાઢીને મૂળ સૌંદર્ય પાછુ લઈ આવે છે. વાસ્તુકલાનો સર્જક વિભિન્ન વસ્તુઓનાં સંયોજનથી સૌંદર્ય લાવે છે. સાહિત્યમાં કથાવસ્તુ, પાત્રનિર્માણ, છંદની રક્ષા વગેરે સાહિત્યની શિલ્પાત્મકતા છે. સ્વયં સાહિત્ય શાબ્દિક કલા છે.

જયારે ગતિશીલ કલામાં અભિવ્યકિત પ્રાણીમાત્રનો ધર્મ છે. અભિવ્યકિત દ્વારા મનુષ્ય પોતાની પ્રતિક્રિયા બનીને સાહિત્ય તથા કલાઓની સૃષ્ટિ સર્જે છે.

માનવીય અભિવ્યકિતઓ દ્વારા કોઈ ને બોલાવવું, ખાવુ-પીવું બોલાવવું વગેરેનો સંકેત કરે છે. અંગપ્રત્યંગોના સંકેત કાઢે છે. જે ભાવાભિવ્યકિતનું માધ્યમ બને છે, તેનો સંકેત નૃત્યકલા સાથે છે. ભાષિક અભિવ્યકિતનો સંબંધ સાહિત્ય સાથે છે. તે માનવીય અભિવ્યકિતઓ અર્થાત્ કલાને જન્મ આપે છે.

**અભિવ્યકિતના પાંચરૂપોથી વિભિન્ન કલાઓ ઉત્પન્ન થાય છે.**



આંગિક – નૃત્યકલા

રૈખિક – ચિત્રકલા

શાબ્દિક – સાહિત્ય

ધ્વન્યાદિક – સંગીત

સ્થૂળવસ્તુજનિત માધ્યમથી શિલ્પકળા ઉત્પન્ન થાય છે.

## ૧.૧.૭ અથર્વવેદમાં શિલ્પવિધાન

ઋગ્વેદથી જ્ઞાન, યુજુર્વેદથી ઉત્તમ કર્મ અને સામવેદથી ઉત્તમ પુઢષની ઉપાસના – આ ત્રણે વેદના અભ્યાસ થયા પછી આત્માનું જ્ઞાન અને બળ પ્રાપ્ત કરવાનો માર્ગ બતાવવાનું કાર્ય અથર્વવેદ કરે છે. તેથી તેને **'બ્રહ્મવેદ'** અથવા **'આત્મવેદ'** પણ કહે છે.

ચારેય વેદો જ્ઞાનના રાશિ છે. અથર્વવેદ દ્વારા જે કર્મ કરવામાં આવે છે તે મનની એકાગ્રતાથી ઉત્પન્ન થયેલા સામર્થ્યથી કરવામાં આવે છે. કારણ કે આત્મા, મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર વગેરે અંતઃશકિતઓ સાથે અથર્વવેદનો વિશેષ સંબંધ છે.

मनसैव ब्रह्मा यज्ञस्यान्यतरं पक्षं संस्कारोति । [३४]

तद्वाचा ऋप्या विधयैकं पक्षं संस्कृरूते ।

मनसैव ब्रह्मा संस्करोति ।। [३५]

અર્થાત્ ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ દ્વારા વાણી પર સંસ્કાર થઈને એક ભાગ સુસંસ્કૃત થાય છે અને અથર્વવેદ દ્વારા મન પર સંસ્કાર થઈને બીજો ભાગ સુસંસ્કૃત થાય છે. મનુષ્યમાં વાણી અને મન બંને મુખ્ય પક્ષ છે. તે બંનેથી જ માનવી ઉન્નતિના સાધક અભ્યુદય નિઃશ્રેયસ વિષયક કર્મ કરે છે.

શરીરના રોગને દૂર કઈ રીતે કરવો ? અથવા રાષ્ટ્રના વિજય સંપાદન કરવાનું હોય તો બધું જ કર્મ માનસિક સામર્થ્યથી થાય છે. તેથી જ અથર્વવેદમાં મનશકિતની અભિવૃદ્ધિ દ્વારા વિવિધ પુઢષાર્થો સિદ્ધ કરવાનું કહ્યું છે.

સમાજ તથા રાષ્ટ્રમાં શાંતિસ્થાપન કરવી તે વેદનો મુખ્ય વિષય છે.

સાયણાચાર્ય કહે છે કે અથર્વવેદ લૌકિક અને પરલૌકિક બંને પ્રકારનું ફળ આપનારો છે. અહીં જાદુટોના, ધાતુયાન, પિશાચનાશન, વશીકરણ વગેરે વિદ્યા રહેલી છે તથા મંત્રોનું વિવેચન છે. અધ્યાત્મવિદ્યા, અધિભૂતવિદ્યા, આયુષ્યસૂકત, પ્રાયશ્ચિત વિધાન વગેરે વિદ્યાઓ રહેલી છે.

પ્રાચીનકાળથી સ્થાપત્યને વેદના નામે વર્ણવવામાં આવેલ છે. અથર્વવેદને સ્થાપત્ય વેદ માનેલ છે.

વૈમનસ્ય, શત્રુતા, દ્વેષ વગેરે ભાવોને દૂર કરી મિત્રતા, એક વિચાર, સુમનસ્વિતા વગેરેની વૃદ્ધિ કરવી અથર્વવેદનું સાધ્ય છે. તે કાર્યની સિદ્ધિ માટે શાંતિ પ્રકરણ છે.

(૧) ભૂકંપ, વિદ્યુત્પાત વગેરે ભય નિવારણ માટે મહાશાંતિ

(૨) આયુષ્ય પ્રાપ્તિ માટે વૈશ્વદેવી શાંતિ

(૩) અગ્નિ આદિ ભયનિવૃત્તિ માટે આગ્નેયી શાંતિ

(૪) વૈભવ પ્રાપ્ત કરવાવાળી તથા વસ્તુ સંસ્કારપૂર્વક કરવાવાળી વાસ્તોષ્પતિ શાંતિ

(૫) ભૂમિ સંબંધી કષ્ટ દૂર કરવાવાળી પાર્થિવી શાંતિ

આવી ઘણી વાતો સાથે શાંતિપ્રકરણ રહેલું છે.

દા. ત. ધરતીકંપમાં સુરક્ષા માટે

यस्या वेदिं परिगृह्णन्ति भूम्या यस्यां यज्ञं

तन्वते विश्वकर्माणः ।

यस्या भीयन्ते स्वरवः पृथिव्यामूर्ध्वाः शुक्राः

आहुत्याः पुरस्तात् ।।

सा नो भूमिवर्धयेद वर्धमाना ः ।। [३६]

જે ભૂમિ પર શ્રી વિશ્વકર્મા લોકવેદિને ઘેરી લે છે, જે ભૂમિ પર યજ્ઞ ફેલાવે છે, જે પૃથ્વી ઉપર ઊંચા અને ઉજળા વિજયસ્તંભ આહુતિથી ખોડવામાં આવે છે તે વૃદ્ધિ પામતી ભૂમિ અમને વધારતી રહે.

વળી રહેઠાણને દઢ બનાવવા માટે પણ અથર્વવેદના વૈદિક માતૃભૂમિ સૂક્તનો જપ કરવા કહ્યું છે. વાસ્તુપૂજનમાં પણ વાસ્તોષ્પતિસૂક્ત (ઋગ્વેદ ૭.૫૪) સૂક્ત સાથે જપ કરવા કહ્યું છે. અથર્વવેદના નવમાં કાંડમાં સૂક્ત ૭ માં ગૃહનિર્માણની વાત કરેલી છે. ઘરમાં એક ઉપાસના કરવાનો ઓરડો, અનાજનો ઓરડો, સ્ત્રીઓનો ઓરડો, અન્ય મનુષ્યોને બેસવાનો ઓરડો અને દેવતાઓનો ઓરડો હોવો જોઈએ.

यस्त्वा शाले प्रतिगृह्णाति येन वासि मितां त्वम् ।
उभौ मानस्य पत्नि तौ जीवतां जरदष्टी ।। [३७]

अमुत्रैनमा गच्छताद्, दृढा नद्धा परिष्कृता ।
यस्यास्ते विचृतामस्येङ्गमङ्ग परूष्परूः ।। [३८]

આ યોગ્ય પ્રમાણભાનથી બનાવેલું ઘર છે. જેણે તેને યોગ્ય રીતે બનાવેલું છે. વળી, આ ઘરનો પ્રત્યેક જોડ સારી રીતે જોડીને બનાવવામાં આવ્યો છે. તે દીર્ઘકાળ સુધી જીવિત રહે. આ પ્રકારે સુદઢ

રીતે બનાવેલું ઘર તેને આધીન થાય.

અહીંયા શિલ્પી (કારીગર) અને ઘરના સ્વામી બંનેના હિતની વાત કરી છે.

यामन्वैच्छद्बविषा विश्वकर्मान्तिरर्गवे रजसि प्रविष्टाम् ।
भुजिष्यं पात्रं निहितं गुहा यदा विभोगे अभन्मातृ मदभ्यः [३९]

શ્રી વિશ્વકર્મા (બધા કર્મોમાં ચતુર માણસ) એ લેવાદેવા યોગ્ય ગુણની સાથે જળવાળા અંતરિક્ષની અંદર પ્રવેશેલી જે પૃથ્વી ને શોધી ભોજન યોગ્ય પાત્ર ખાડામાં જે રાખ્યું હતું. માતાઓ મા, પ્રાણીઓ આહાર માટે પ્રગટ થયા.

## ૧.૨ વાસ્તુવિદ્યાની પરંપરા

### ૧.૨.૧.વાસ્તુવિવેચન

ભારતમાં શાસ્ત્રોનો ભંડાર છે. આપણા આચાર્યો મહર્ષિઓએ દરેક વાતનો સંબંધ ગ્રહો સાથે જોડયો છે. મકાન કેવું હોવું જોઈએ? મંદિર કેવું હોવું જોઈએ? આ વિષયમાં જનતા જનાર્દનનું માર્ગદર્શન કરતા આપણા પૂર્વજોએ વાસ્તુશાસ્ત્રની રચના કરી છે. કાળ, સમય અને પરિસ્થિતિ – આ ત્રણે વાતોનો વિચાર કરતા જણાઈ આવે છે કે આજના મોંઘવારીના યુગમાં પૂર્ણતયા વાસ્તુશાસ્ત્રના નિયમાનુસાર મકાન બનાવવું એ કદાચ બધા માટે શકય ન બને. સ્વતંત્ર બંગલા અને મકાન બનાવવા કરતા ફલેટને લેવા માટે યોગ્ય ગણે છે. તે પરિસ્થિતિને પણ નકારી ગણી શકાય નહી.

કેટલાક મકાનો એવા પણ હોય છે કે જેમાં રહેવાવાળાને અશાંતિ, ભય, દુઃખ અને કલેશ ઉત્પન્ન થાય છે. આવું શા માટે થાય છે? આ બધાનું કારણ છે – વાસ્તુદોષ. વાસ્તુશાસ્ત્રના નિયમથી બનાવેલ મકાનથી સંપૂર્ણ સુખ–સમૃદ્ધિ અને આબાદી મળે છે.

ભારતીય વાસ્તુશાસ્ત્ર અતિ પ્રાચીન અને ગહન છે. આપણા ઋષિમુનિઓએ સૃષ્ટિના પંચમહાભૂત તત્વો કે જેનાથી સમસ્ત જીવોના સ્થૂળ શરીર બનેલા છે તેને દષ્ટિ સમક્ષ રાખીને શરીરના આશ્રય માટે વાસ્તુ (ઘર)ની રચના કરી. તેઓએ માનવકલ્યાણ માટે પોતાની અંદર રહેલી દૈવીશકિતના બળથી અનેક ગ્રંથોનું સર્જન કર્યું.

વાસ્તુ એટલે વિદ્યમાન અથવા પ્રભાવશીલતા. કોઈપણ વસ્તુને સૂચિત કરવાવાળા શાસ્ત્રને વાસ્તુ શાસ્ત્ર કહેવાય છે. વાસ્તુ શબ્દ પૃથ્વી, ઘરની સ્થાપના, સ્થળ (રહેવાનું સ્થાન), સવારી (વાહન), પલંગ વગેરેને સ્પર્શ કરવાવાળો શબ્દ છે. આની અંતર્ગત સંપૂર્ણ દેશ, નગર અને તેમાં રહેવાવાળા નાના–મોટા ભવન, ભવનમાં રહેવાવાળા કાર્ય અને સામગ્રીનું દિશા–નિર્ધારણ વગેરેનો સમાવેશ થાય છે.

વાસ્તુશાસ્ત્ર સાથે જયોતિષશાસ્ત્ર સંકળાયેલ હોવાથી વાસ્તુ માલિક અને વાસ્તુના શુભ મેળાંકની ગણત્રી કરી રચના કરવામાં આવે તો તેવા ઘરમાં વસનારનાં જીવનમાં માધુર્ય આવે છે.

## ૧.૨.૨.વાસ્તુશાસ્ત્રઃ એક કલા

વાસ્તુકલાનો વિકાસ ભારતીય જીવનશૈલીના કલાપક્ષ પર પ્રકાશ પાડે છે. પ્રાચીન ગ્રંથોમાં ચોસઠ કલાઓ શીખવાની પરંપરા છે. વળી, કલાનો જન્મ મનોરંજનથી નહી પણ ધર્મ અને દર્શનથી થયો છે. ધર્મ એ છે કે જે સમસ્ત માનવજાતિની ઉન્નતિ કરે. દુનિયામાં એવી કોઈ કલા કે વિજ્ઞાન નહી હોય જેમાં લેશમાત્ર અધ્યાત્મ ન હોય. કલા જયારે ધર્મ સાથે જોડાઈ જાય ત્યારે તેનો ઉદ્દેશ માનવકલ્યાણ થઈ જાય છે.

### ❋ કલાની પરિભાષા

સંસ્કૃતભાષામાં કલા શબ્દની સિદ્ધિ कल ધાતુથી થઈ છે. જેનો અર્થ થાય છે संख्यान (पाण्डेय, के. सी. स्वतंत्र कला – शास्त्र पृ. ५) સંખ્યાન શબ્દનો અર્થ સ્પષ્ટ વાણીમાં પ્રગટ કરવું. બીજા શબ્દોમાં કલાનો અર્થ એ છે કે માનવીય ક્રિયા જેનું વિશેષ લક્ષણ ધ્યાનથી જોવું, મનન કરવું, સંકલન કરવું,.. **સંસ્કૃતકોશ** અનુસાર ચંદ્રમાનો ૧૬મો અંશ, શોભા અને અલંકરણ વગેરે सर्वेत्वे निष्णात्रस्य कला नाहीत षोडसी ।[૪૦] યથાર્થરૂપમાં કલા માનવની અનુપમ ઉપલબ્ધિ છે. જેને મૂર્તિમાન કરીને स्वान्तःसुखाय જ નહીં પરંતુ परजन हिताय ની અનુભૂતિ સાકાર કરી શકે.

સ્થાપત્ય એટલે વાસ્તુકલા, વાસ્તુ એટલે મકાન, જળાશય, કિલ્લો વગેરેની ઈમારત. આવી ઈમારતો સામાન્યતઃ લાકડું, માટી, ઈંટ, પથ્થર વગેરેના ચણતર વડે ઉભી કરવામાં આવે છે.

મુખ્ય વિદ્યા ૩૨ છે. મુખ્યકળા ૬૪ છે. આ વિદ્યા તથા કળાની સામાન્ય વ્યાખ્યા આપતાં શુક્રાચાર્ય કહે છે કે–

> यद् यद् स्याद्वाचिकं सम्यक्कर्म विद्याभिसंज्ञकम् ।
> शक्तो मुकोपि यत्कर्तुं कलासंज्ञंतु तत्स्मृतम् ।।[૪૧]

જે કાર્ય વાણીથી થઈ શકે છે તેને વિદ્યા કહે છે અને મૂંગો પણ કરી શકે છે તેને **કળા** કહે છે. શિલ્પ, ચિત્ર, નૃત્ય, ઈત્યાદિ મૂકભાવે પણ થઈ શકે છે તેથી તે દરેકને **કળા** કહેવાય છે.

આ મહત્ત્વપૂર્ણ વિદ્યાને આપણા પૂર્વજો બૃહસ્પતિ, શુક્રાચાર્ય, મય, વિશ્વકર્મા, વરાહમિહિરે આપી છે. જેમણે વાસ્તુશાસ્ત્રને એક મનોરમ કલાના રૂપમાં સંપન્ન કરી છે. **શિલ્પરત્ન**માં કહયું છે કે

> एवं सर्वविमानानि गो पुरोहिनी वा यत् ।
> मनोहरतरं कुर्यात् नानाचित्रे विचित्रतमः ।।[૪૨]

વાસ્તુશાસ્ત્ર માત્ર યાંત્રિક કલા ન બનતાં મનોરમ કલાના રૂપમાં આપણને પ્રાપ્ત થાય છે. જેમાં ભારતીય વાસ્તુકલા, કાવ્યકલા, સંગીતકલા, નૃત્યકલા, નાટયકલા વગેરેની જેમ જ મનોરમ કલા છે. સાથે સાથે તેનો આધાર અધ્યાત્મની જયોતિ છે.

વાસ્તુ ઈશાન આદિ ખૂણાથી આરંભ કરીને ગૃહનિર્માણની એવી એક કલા છે જે ઘરમાં નિવાસ કરવાવાળાને પ્રાકૃતિક વિધ્ન, ઉત્પાત અને ઉપદ્રવથી બચાવે છે.(આશ્વાલાયન ગૃહયસૂત્ર II

7.6-8 તથા ગોભિલ ગૃહયસૂત્ર II 7.5-6 માં વાસ્તુવિદ્યા દ્વારા ભૂમિશોધન અને પૂજનનું વિસ્તૃત વિવરણ છે.) ભૂમિ ચયન, ભૂમિ પૂજન, નીવ પૂજન, સ્તંભ અને દ્વાર પૂજન અને ગૃહપ્રવેશ સંબંધી કર્મકાંડથી વિકસિત વાસ્તુ કલાના સ્વરૂપમાં દેખાય છે. વૈદિક કાળમાં આવાસીય ભવનો માટે 'ગૃહ', 'દમ', 'પસ્ત્યા', 'હર્મ્ય' શબ્દોનો ઉલ્લેખ પણ છે. સહસ્ત્રદ્વારમ્ અને સહસ્ત્રસ્થૂળ (હજાર સ્તંભોવાળા) તથા ત્રિધાતુશરણમ્ (ત્રણ મજલા) ભવનોનો ઉલ્લેખ છે. (ઋગ્વેદ - 7.88.5) (વાસુદેવ શરણ અગ્રવાલ કૃત ભારતીય કલા - પૃ. 51)

યજ્ઞવેદિઓ સંભવતઃ **હિન્દુ મંદિર** નિર્માણની અગ્રદૂત સિદ્ધિ છે. આ વેદીઓ વૃતાકાર, વર્ગાકાર, ત્રિભુજાકાર, શ્યેનચિત્ત (ગરૂડપક્ષીના આકાર જેવી) આકારની હતી. ભવનોમાં છત નિર્માણ માટે જે સામગ્રીનો ઉપયોગ થતો તેમાં વાંસ, રસ્સીનો ઉલ્લેખ મળે છે. [૪૩]

સ્થાપત્યમાં શરીરાવયવાભિવ્યકિત નિષ્ણાંત સ્થપતિઓની કલાની પરાકાષ્ઠા છે. વિશાર ભવનો, રાજયપ્રાસાદો અને દેવપ્રાસાદોની રચના ગૌરવનું પ્રતિક છે. સ્તંભો, તોરણો, ઉત્તંગ શિખર, કલામય વિતાન એ મંદિર સ્થાપત્યના અંગો છે. એ સ્થપતિની કલામય અલંકૃત કૃતિ છે. ભારતીય મૂર્તિકલામાં દેવોની પ્રતિમા સાધારણ માણસ માટે બોધગમ્ય છે પરંતુ પશુ-પક્ષી, દેવ-યોનિ, કિન્નર, ગંધર્વ, અપ્સરાઓ, સુર-સુંદરી, શાર્દૂલ, ગજ, મિથુન વગેરે પ્રાસાદચિત્રણનું પ્રમુખ અંગ છે.

સમુદ્રપાળે જૈનસૂત્રમાં **૭૨** પ્રકારની કળા વર્ણવી છે. યશોધરે કામશાસ્ત્રમાં **૬૪** કળા કહી છે. અવાન્તરભેદે **૫૧૨** કળાના પ્રકાર થાય છે.

શિલ્પી, સુવર્ણકાર, કંસકાર, માલાકાર, લોહેકાર, શંખકાર કુંભકાર વગેરેમાં કળાના હુન્નરો સમાયા છે. શ્રી વિશ્વકર્માને શિલ્પનો સૃષ્ટા કહ્યા છે.

વાસ્તુકલા એ માનવજીવનનું અત્યંત ઉપયોગી અંગ છે. તે દ્વારા જ પ્રજાજીવનનો વિકાસ, સુઘડતા, ધ્યેય, કલાપ્રિયતા સ્પષ્ટ જોઈ શકાય છે. આ કલા હૃદય તેમજ ચક્ષુ બંનેને આકર્ષે છે. માત્ર તરંગ નથી, હૃદયનો સભરભાવ છે. ભારતના શિલ્પીઓએ પુરાણોના પ્રસંગોને પાષાણમાં સજીવન કર્યા છે. કલા કોઈ ધર્મ કે જાતિની નથી એ તો સમગ્ર માનવજાતિની છે.

ભારતીય શિલ્પીઓએ આ કલા દ્વારા સ્વર્ગને પૃથ્વી પર ઉતારેલ છે અને રાષ્ટ્રજીવનને સમૃદ્ધિ તથા પ્રેરણા આપી છે. શિલ્પકારો રંગની મદદ વગર પાષાણમાં ભાવાત્મક તેમજ કલાત્મક સર્જન કરે છે. ત્યાં જ તેની અપૂર્વ કલાત્મક શકિત દર્શનીય થાય છે. ભારતીય કલા ખરા અર્થમાં વાસ્તુમાં પ્રગટ થયેલી જોવા મળે છે.

**"વાસ્તુકલા એ ભારતીય સંસ્કૃતિની સંવાહિકા છે. રમણીયતાના ઉત્કૃષ્ટ સ્વરૂપ અને સૌંદર્યની પ્રત્યેક ક્ષણની અનુભૂતિ વાસ્તુકલાની વિશિષ્ટતા છે. આ કલામાં જ સંપૂર્ણ રાષ્ટ્રના જીવન દર્શન અને લોકવિશ્વાસોના વિભિન્ન પક્ષોનું કાલક્રમાનુસાર પ્રસ્તુતીકરણ દેખાય છે. બીજા અર્થમાં આ કલા જ કોઈપણ સંસ્કૃતિનો માપદંડ છે."** [૪૪]

આ રીતે વાસ્તુકલાના જ્ઞાનથી માનવ સુખ-શાંતિ તથા સમૃદ્ધિનો જીવનભર અનુભવ લઈને વાંછનીય લક્ષ્યની પૂર્તિ કરી શકે છે.

## ૧.૨.૩. વાસ્તુ અને તેનુ સ્વરૂપ

વાસ્તુ શબ્દ વસ્તુ શબ્દથી બન્યો છે. કોઈ પણ યોજના નિર્મિત વસ્તુ વાસ્તુ અંતર્ગત આવે છે. અર્થાત્ પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, આકાશનું સંમિશ્રણ છે. જેનો પ્રમાણસર ઉપયોગ કરાવનાર શાસ્ત્રને વાસ્તુશાસ્ત્ર કહેવાય છે.

સંક્ષેપમાં વાસ્તુ એવુ જ્ઞાન છે કે જે મકાન, ફેકટરી, દુકાન વગેરે નિર્માણ કાર્યને કેવી રીતે કરવું કે જેથી માનજીવનમાં સુખ-શાંતિ સમૃદ્ધિ, યશ અને ધનવૃદ્ધિ થઈ શકે. તે નિર્મિત ઘર બધા જ ક્ષેત્રમાં શુભ હોઈ શકે.

**સ્વરૂપ :-**

### (૧) વાસ્તુ શાસ્ત્ર અને માનવી (વાસ્તુશાસ્ત્ર અને માનવ જીવન)

આ સૃષ્ટિમાં ઉત્પન્ન થતાં નાનાં જીવ-જંતુથી લઈને મુનષ્યપર્યંત પ્રત્યેક પ્રાણી પ્રકૃતિના અતૂટ નિયમોથી બદ્ધ થઈ દુઃખની નિવૃત્તિ અને આત્મિક સુખની પ્રાપ્તિ માટે નિરંતર અનેક પ્રકારના સુખ – સાધનમાં જોડાયેલો રહી તે કારણથી જ જીવમાત્ર પોતાને અનુરૂપ નિવાસ સ્થાન બનાવીને સુખમય જીવનની કામના રાખે છે આથી તેમનું રહેઠાણ સર્વશ્રેષ્ઠ અને નિરામય હોવુ જોઈએ. પૃથ્વી, ઘર, ઘરની સ્થાપના, સ્થળ અથવા રહેવાનું સ્થાન, સવારી (વાહન), પલંગ (શય્યા) વગેરેને સાથે વાસ્તુ સબંધ ધરાવે છે.

પ્રાકૃતિક ગુફા કંદરાઓથી બહાર નીકળીને મનુષ્યે જયારે પહેલીવાર ઘાસ, લાકડી, માટી, પથ્થરનો ઉપયોગ કરીને ઘર બનાવવાનું શરૂ કર્યુ ત્યારે જ વાસ્તુશાસ્ત્ર અથવા તો ભવન – નિર્માણની જરૂરિયાત ઉભી થઈ.

અનેક અનુભવ બાદ મનુષ્યએ સદીઓ પછી ભવન વિશે કેટલાંક સિદ્ધાંત અને નિયમ પણ બનાવ્યા દર્શન, વિજ્ઞાન તથા જયોતિષના શુભાશુભના વિકાસ બાદ ભવન – નિર્માણ માટેનું એક વિધિવત્ શાસ્ત્ર બન્યુ જેને વાસ્તુશાસ્ત્રની સંજ્ઞા આપવામાં આવી છે. નિરંતન અનુસંધાન તથા નવા – નવા સાધનોથી ભવન નિર્માણ સમાગ્રીઓના વિકાસ બાદ આજ દુનિયામાં અસાધારણ કૌશલ્યવાળ ા ભવન, સ્મારક પુલ વગેરે બનવા માંડયા છે. જેના શિક્ષણની વ્યવસ્થા પૂરા દેશોમાં થઈ છે. વાસ્તુશાસ્ત્ર એક એવુ વિજ્ઞાન છે કે જેની આપણા દેશમાં જ નહી પૂરા વિશ્વમાં એક શ્રેષ્ઠ પરંપરા છે આપણા દેશમાં તેનો ઈતિહાસ શાયદ ઘણો જૂનો છે.

પરંતુ વાસ્તુશાસ્ત્ર આજથી બસો વર્ષ પહેલાં આપણા જીવનના દરેક પાસાંને સ્પર્શે છે. પરંતુ અંગ્રેજશાસન શરૂ થયુ ત્યારે આ અદ્દભુત કલાનો નાશ થયો માનવ આ કલાને યોગ માનવા લાગ્યો. તેના જીવનમાં જરાક દુઃખ આવ્યુ કે તરત જ ઈશ્વર અથવા કોઈપણ બીજા સહારાની શોધ કરવા લાગ્યા જે તેનુ દુઃખ દૂર કરી શકે. તે જ કારણથી આજે માનવના લગભગ બધા જ ક્ષેત્રમાં તે શાસ્ત્રનું ફરી પાછુ આગમન થયું અને માનવના બધા ક્ષેત્રમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવવામાં સફળ થયું છે.

આમ માનવીના જીવન ઉપર પ્રભાવ પાડનારી અનેક શકિતઓમાંની વાસ્તુશાસ્ત્ર એક

અત્યાવશ્યક શકિત છે. જેમાં

ભૂમિવાસ્તુ :- પૃથ્વિ ઈત્યાદિનું શાસ્ત્ર છે.

ગૃહવાસ્તુ :- ઘર, બંગલો, મહેલ, મંદિર, વાવ વગેરે

શયનવાસ્તુ :- પલંગ, ખુરશી, દિવાન, ફર્નિચર વગેરે

યાનવાસ્તુઃ- દ્વિચક્રી, ચાર ચક્રી, જલયાન, વાયુયાન વગેરે ના સર્જનનું શાસ્ત્ર છે. આ બધુ આપણા જીવનની નિકટ જ બને છે.

## (૨) વાસ્તુશાસ્ત્ર સંરચના અને સૃષ્ટિના પંચભૂતાત્મક સિદ્ધાંત એક વિવેચન

વિશ્વકર્મા પ્રકાશમાં કહ્યું છે કે

અધોમુખ વાસ્તુપુરૂષના શરીરમાં શિખાદિ દેવોની સ્થાપના કરવામાં આવે છે. તેથી પૂજાસમયે એ જ દેહનું સ્મરણ કરવુ જોઈએ.

આપણે જાણીએ જ છીએ કે માનવશરીર પંચતત્વોનું બનેલુ છે. પૃથ્વી, જળ,આકાશ, વાયુ અને અગ્નિ માનવ જીવનમાં જો સંતુલિત રહે તો માનવજીવન સુખ – શાંતિ પ્રસન્ન પૂર્વક વ્યતીત થાય છે. બુદ્ધિ સંતુલિત રહે છે. આપણે જીવનમાં ઉચ્ચ નિર્ણયો લઈ શકીએ છીએ. પૃથ્વી જે પ્રકારે ફરે છે તે પ્રકારથી જ પૃથ્વી પર ગુરૂત્વાકર્ષણ શકિત આભામંડળની શકિત તથા વિદ્યુત ચુંબકીય શકિતઓ નો પ્રભાવ જ વાસ્તુશાસ્ત્રનો મૂળભૂત સિદ્ધાંત છે. વાસ્તુ શાસ્ત્ર આ પંચમહાભૂત તત્વનાં ઉપયોગ વાસ્તુ રચના માટે કરવાની ભલામણ કરે છે કે જેથી વિશ્વમાં રહેલી શુભ શકિત તથા બ્રહ્માંડીય શકિત મનુષ્યને પ્રાપ્ત થાય અને તે સુખમય, શાંતિમય જીવન વ્યતીત કરી શકે આ પાંચેય તત્વોના ગુણ અનક્રમે ગંધ, રસ, રૂપ, સ્પર્શ અને શબ્દ છે.

### પાંચ તત્વોનું વિભાજન

| | | | | | |
|---|---|---|---|---|---|
| પાંચ તત્વો ➢ | પૃથ્વી | જળ | અગ્નિ | વાયુ | આકાશ |
| ઉર્જા ➢ | ગુરૂત્વાકર્ષણ | વર્ષા | સૌર | હવા | ધ્વનિ |
| કાર્યો ➢ | ઘ્રાણ | સ્વાદ | દ્દષ્ટિ | સ્પર્શ | શ્રવણ |
| ઈન્દ્રિયો ➢ | નાક | જિહવા | આંખ | ત્વચા | કાન |
| આકાર ➢ | ચોરસ | અર્ધચંદ્રાકાર | ત્રિકોણ | ષટ્કોણ | બિંદુ |

મનુષ્ય શરીર પણ આ જ પાંચ તત્ત્વોથી બનેલુ છે અને તેના સ્થાન પણ માનવશરીરમાં રહેલ પાંચ ચક્રો છે.

ઉપર્યુકત ગુરૂત્વાકર્ષણ શકિતઓ કોઈપણ નિર્માણ કરવામાં આવેલાં ભવનમાં રહે છે જે માનવ શરીરની વિદ્યુત ચુંબકીય શકિતને પ્રભાવિત કરી શુભ અને અશુભ ફળ આપે છે.

માનવ શરીરને સારુ રાખવા માટે વાસ્તુ રચનામાં જુદા જુદા ઓરડાઓની એવા પ્રકારની ગોઠવણ કરવાની જરૂરત સમજાય છે કે પંચહાભૂત તત્ત્વોનો તથા નિસર્ગના નિયમોનો યોગ્ય રીતે ઉપયોગ કરવાથી માનવશરીરમાં રહેલા તથા બહાર વાતાવરણમાં રહેલા તત્વો સપ્રમાણમાં રહે છે.

## (૩) વાસ્તુશાસ્ત્ર અને જયોતિષ

વર્તમાન સમયમાં જયોતિષશાસ્ત્રની સાર્થકતાનું પ્રમાણ વાસ્તુશાસ્ત્ર જ છે અને જયોતિષશાસ્ત્રમાં વાસ્તુથી સંબંધિત સંપૂર્ણ જાણકારી છે. તેનું અધ્યયન હોવુ આવશ્યક છે. અધૂરા જ્ઞાનથી લોકોને માર્ગદર્શન જો આપવામાં આવે તો જયોતિષ અને જયોતિષી બંનેનુ નુકશાન થઈ શકે છે.

સંપત્તિ, સંતાન, આનંદની અનુભૂતિ માટે વાસ્તુશાસ્ત્રમાં અનેક ઉકેલ આપ્યા છે.

- વાસ્તુશાસ્ત્રમાં નક્ષત્ર અને કાર્ય વિચાર

- ભૂમિનું શુભાશુભત્વ ગુણ

- દિશાજ્ઞાન, દિક્ નિર્ણય

- યોગ વિચાર, રાશિ ગણ, વર્ણ, ગ્રહવિચાર

- ગૃહપ્રવેશ મુહૂર્ત વિચાર

આમ, આચાર્યો મહર્ષિઓએ દરેક વાતનો સબંધ ગ્રહો સાથે જોડયો છે. વાસ્તુમાલિક અને વાસ્તુના શુભ મેળાપની ગણત્રી કરી રચના કરવામાં આવે તો ઘરમાં રહેનાર વ્યકિતના જીવનમાં માધુર્ય આવે છે.

આચાર્ય વરાહમિહિરે દેવપરંપરાથી ઉતરી આવેલી વાસ્તુવિદ્યાનું નિરૂપણ બૃહદ્સંહિતામાં કર્યુ છે. વાસ્તુપુઢષની કલ્પના કરી, એના શરીર પર રહેલા દેવોનાં એમણે સ્થાન નિર્ધારિત કર્યા છે. અને એ સ્થાનોના આધારે ગૃહના શુભ-અશુભ લક્ષણોનું કથન કર્યુ છે. ગૃહ માટેની ભૂમિ સંપાદનથી પ્રારંભ કરી, ગૃહપતિના મંગલપ્રવેશ સુધીની વિધિ અને ગૃહનિર્માણની પ્રક્રિયા અને પ્રકાર સમજાવ્યા છે. ગૃહમાં પ્રવેશ દ્વારની સ્થિતિ પ્રમાણે ફળકથન કહયું છે. દેવમંદિરોમાં પ્રતિમાની પ્રતિષ્ઠાના શુભ મુહૂર્તના પણ માર્ગદર્શક સિદ્ધાંતો વર્ણવ્યા છે.

उद्गयने सितपक्षे शिशिर गभस्तौ च जीववर्गस्थे
लग्ने स्थिरे स्थिरांशे सौम्ये धीमधर्मधकेन्द्रगतः ।।२०।।

पापे रूपचयसंस्थै ध्रुवमृदुहरितिष्यवायुदेवेषु ।
विकुजे दिनेऽनुकूले देवानां स्थापनं शस्तम् ।।२१।। [४५]

ઉત્તરાયણમાં જયારે સૂર્ય હોય, શુકલ પક્ષ હોય, ચંદ્ર અને ગુરૂના ષડ્ વર્ગમાં, સ્થિર લગ્નમાં હોય, સ્થિર નવમાસમાં જયારે શુભગ્રહો પાંચમા તથા નવમા સ્થાનમાં હોય અથવા પહેલા, ચોથા,

સાતમાં અને દસમા કેન્દ્ર સ્થાનમાં હોય, અથવા પાપગ્રહો ત્રીજા, છઠ્ઠા દસમા અને અગિયારમાં સ્થાનમાં હોય ત્યારે ત્રણેય ઉતરા, રોહિણી, મૃગશીર્ષ, રેવતી, ચિત્રા, અનુરાધા,શ્રવણ, પુષ્ય અથવા સ્વાતિ નક્ષત્રમાં મંગળવાર સિવાયના અન્ય વારોમાં અનુકૂલ દિવસે દેવપ્રતિમાની પ્રસ્થાપના પ્રશસ્ત શુભ ગણાય છે.

આ ઉપરથી જોઈ શકાય છે. વાસ્તુશાસ્ત્ર અને જયોતિષ એકબીજા સાથે અવિનાભાવિ સબંધ ધરાવે છે.

## (૪) વાસ્તુશાસ્ત્ર એક વિજ્ઞાન

વાસ્તુશાસ્ત્રના નિયમોમાં વિજ્ઞાનની અનેક બાબતોને ધ્યાનમાં રાખવામાં આવી છે જેમાં સૂર્ય ઉર્જા, વાયુ ઉર્જા, ચંદ્રમાં અને અન્ય ગ્રહોનો પૃથ્વી પર પ્રભાવ છે. પ્રાકૃતિક વાતાવરણમાં અનેક પ્રતિકૂળ પ્રભાવ મળે છે. તે પછી એટમ બોમ્બના વિસ્ફોટના હોય કે પછી મોટાં મોટાં નિર્માણ ના હોય, તે બધાના સબંધમાં જો આપણાં વાસ્તુનિયમાનુસાર અને પ્રાકૃતિક પ્રદૂષણની સમસ્યા દૂર થઈ શકે છે.

ભારતીય ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વાસ્તુશાસ્ત્રના નિયમો બન્યા છે જેમાં શકિતનો ઉપયોગ વાયુમંડલમાં વ્યાપ્ત સુક્ષ્મમાં સુક્ષ્મ શકિતનું આકલન કરીને વાસ્તુશાસ્ત્રના નિયમોમાં સમાવેશ કર્યો છે.

પૃથ્વીથી જળ સો ગણુ છે, જળથી અગ્નિ સો ગણુ છે, જેના ગર્ભમાં સૌર-મંડળ એક ખૂણામાં સ્થિર છે. સૂર્યનો વ્યાસ પૃથ્વીથી ૧૦૯ ગણો વધારે છે. તથા તે ૯ કરોડ ૩૦ લાખ કિ.મી. ની દૂરી પર સ્થિર થઈને આપણી આવશ્યકતા અનુસાર ઉર્જા પ્રદાન કરે છે. તેવી જ રીતે ચંદ્રમાં પણ આપણને શીતળતા પ્રદાન કરે છે તેથી જ આ પૃથ્વી પર જીવન સંભવિત બની શકે છે.

સૂર્યથી ઉર્જા અને તાપ પૂર્વ અને ઉત્તરના ભાગ ભવનોથી પ્રાપ્ત થાય છે. તે જ પ્રકારે દક્ષિણ અને પશ્ચિમ દિશામાં ઓછી ખુલ્લી જગ્યા રાખવાને કારણે હવાઓનો ઉચિત ઉપયોગ કરી શકીએ છીએ. જેનાથી ભવનમાં પ્રદૂષણ મુકત વાતાવરણ બની રહે છે. સૂર્યનો તાપ કઈ દિશામાં અનુકૂળ તથા પ્રતિકૂળ અવસ્થામાં હોવો જોઈએ તે બધુ જ વાસ્તુશાસ્ત્રમાં વર્ણિત છે.

પૃથ્વીનુ ચુંબકીય ક્ષેત્ર જેનું આકર્ષણ ઉત્તરથી દક્ષિણ તરફ હોય છે. પરંતુ સૂર્ય જ ભૂલોકનાં સમસ્ત જીવોનો આધાર છે. તે કારણ છે કે જયારે સૂર્યોદય થાય છે ત્યારે સંપૂર્ણ વિશ્વમાં પ્રાણાગ્નિનો સંચાર થાય છે. સૂર્ય કિરણોમાં બધા જ રોગોને દૂર કરવાની શકિત છે. તે જ કારણથી વાસ્તુશાસ્ત્રમાં પૂર્વ દિશાને અધિક મહત્વ મળેલુ છે. પૂર્વ અને ઉત્તરનું ક્ષેત્ર અધિક ખુલ્લું હોવું જોઈએ વાસ્તુશાસ્ત્રાનુસાર પૂર્વ અને ઉત્તરમાં અધિક બારીઓ અને દરવાજા હોવા જોઈએ. તથા દક્ષિણ પશ્ચિમમાં ઓછા હોવા જોઈએ કારણ કે તેનાથી વાયુમંડળનુ પ્રદૂષણ દૂર થાય છે.

વાસ્તુશાસ્ત્રમાં ભવનનિર્માણ કરતી વખતે પૂર્વ અન ઉત્તરીય ભાગને નીચા રાખવાનું વિધાન છે. કારણ કે તેમ કરવાથી સૂર્ય ઉર્જા અધિક સમય સુધી ભવનને પ્રાપ્ત થાય છે. પ્રાતઃ કાલીન

સૂર્ય કિરણોમાં અલ્ટ્રાવાયલેટ કિરણોથી આપણને વિટામીન ડી તથા એફ મળે છે. જેથી રકત કોશિકાઓના માધ્યમથી આપણેં તેને ગ્રહણ કરીએ છીએ.

ઉત્તર પૂર્વ ભાગ ઈશાનમાં પૂજા ઘર હોવું જોઈએ. આ ભાગ પવિત્ર મનાયો છે. મંદિરોના પ્રવેશ દ્વાર તે જ જગ્યાએ બનાવવામાં આવે છે ઉત્તરીય ક્ષેત્રથી પૃથ્વીની ચુંબકીય ઉર્જાના અનુકૂળ પ્રભાવ આપણને પ્રાપ્ત થાય છે. ઉત્તર પૂર્વભાગમાં દૈનિક ઉપયોગમાં આવવાવાળાં પાણીના સ્ત્રોત બનાવવાનું વિધાન છે. પાણીમાં પ્રદૂષણ શીઘ્ર થાય છે. આથી સૂર્યતાપથી જલ શુદ્ધ રહે છે.

બ્રહ્માંડમાં કેટલીક શકિતઓ એવી છે કે જેને આપણે જોઈ શકતા નથી. પરંતુ તેનો ભાવ દીર્ઘકાળ સુધી અનુભવી શકીએ છીએ. જેનો અનુભવ ધીમે-ધીમે આપણને પ્રાપ્ત થાય છે. વૈજ્ઞાનિકોએ પોતાની શોધ દ્વારા શોધ્યુ કે જીવિત માનવની ચારે બાજુ એક વિશેષ ચુંબકીય ક્ષેત્ર રહે છે. જેથી (Bio-electric magnetic field) બાયો ઈલેક્ટ્રીક મેગ્નેટિક ફિલ્ડ કહે છે. વાયુમંડળમાં તે વીસ પ્રકારનું હોય છે. જેમાં માનવ શરીર માટે ચાર પ્રકારનું બી.ઈ.એમ.એફ. અધિક ઉપયોગી છે. આપણા ઋષિઓએ આધુનિક યંત્રો વિના વાયુમંડલીય અલૌકિક શકિતનુ પૂર્વજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું.

વળી ઉત્તરીય ક્ષેત્ર કુબેર સ્થાન છે. વૈજ્ઞાનિક મતાનુસાર ઉત્તરીય ક્ષેત્રથી ચુંબકીય ઉર્જા પ્રાપ્ત થાય છે. જયારે વ્યાપારિક જ્ઞાન, પરિચર્યા વખતે તે દિશામાં રાખવું જોઈએ દક્ષિણ-દિશામાં મસ્તક રાખીને સૂવું જોઈએ જેનાથી પૃથ્વી ક્ષેત્ર ઉત્તરી ધ્રુવ માનવના દક્ષિણી ધ્રુવને આકર્ષિત અર્થાત્ સ્વીકાર કરે છે. જેનાથી આપણા શરીરના મસ્તકને રકતસંચાર મળે છે.

દક્ષિણ પૂર્વ દિશામાં અલ્ટ્રા વાયોલેટ કિરણો મળે છે જે રસોઈઘરના ખાદ્યપદાર્થોને શુદ્ધ રાખે છે તેથી રસોડુ આ ખૂણામાં રાખવું જોઈએ.

દક્ષિણ પશ્ચિમ ભાગમાં પૂર્વ ઉત્તરની સરખામણીમાં ઓછા દરવાજા, બારીઓ રાખવા જોઈએ. વૈજ્ઞાનિક દષ્ટિકોણ અનુસાર ગરમીઓમાં આ ક્ષેત્રના ઓરડામાંથી ઠંડક અને ઠંડીમાં ગરમી નો અનુભવ થાય છે. કારણ કે વધારે જગ્યા ખુલ્લી રાખવાથી ભવનની દીવાલોની મધ્યમાં જે તાપયુકત વાયુ એક વિશેષ દબાવ તથા બારી - દરવાજાથી ભવનમાં પ્રવેશ કરે છે અને હવાના અણુઓના દબાવથી ઓછી તાપયુકત બને છે.

મકાન બનાવની વખતે ચારે બાજુ ખુલ્લુ સ્થાન છોડવુ જોઈએ કારણ કે વાયુના આદાન પ્રદાનથી પર્યાવરણ શુદ્ધ રહે છે. આવશ્યકતા પ્રમાણે પ્રાણ-વાયુ અને ચુંબકીય શકિત મળતી રહે છે.

ઉપર્યુકત સત્યતા અને વ્યાવહારિકતા આજે આધુનિક યુગમાં સિદ્ધ થતી જાય છે.

## (૫) વાસ્તુશાસ્ત્ર ધર્મ પર આધારિત છે

વાસ્તુ એ ભવનનું ધાર્મિક અનુષ્ઠાન છે. લોકોના સુખી જીવનની ખાતરી વાસ્તુવિદ્યા આપે છે. જયાં સુધી આપણે ધાર્મિક રહસ્યને નહી સમજી શકીએ ત્યાં સુધી આપણે વાસ્તુના રહસ્યને કયારેય નહિ સમજી શકીએ.

જો ભવન નિર્માણમાંથી વાસ્તુકલાને બાદ કરવામાં આવે તો તેની કિંમત શૂન્ય છે. એ માત્ર

ઈંટ, પથ્થર, લોઢુ, સિમેન્ટનો ઢગ છે. બીજું કંઈ નહી.

આપણા દેશમાં પ્રત્યેક કર્મ ધર્મ સાથે જોડાયેલું છે. વાસ્તુમાં પણ નિરાકાર બ્રહ્મના સાકારરૂપને પ્રતિષ્ઠિત કરવામાં આવ્યું છે. બ્રાહ્મણની પૂર્ણશકિતનું આવાહન થયુ છું. **વાસ્તુપુઢષના** આધાર પર ભારતીયોનું વિજ્ઞાન અને દર્શન ધર્મ પર આધારિત છે તેથી જ વાસ્તુ નિર્માણ એક ધાર્મિક કૃત્ય માનવામાં આવે છે.

વળી, આપણા સોળે સંસ્કારોના ધાર્મિકતાનો ભાગ પૂર્ણપણે રહેલો છે. દા.ત. યજ્ઞોપવિત સંસ્કાર દ્વારા વ્યકિતનો બીજો જન્મ થાય છે તે ખરા અર્થમાં દ્વિજ બને છે. પરંતુ જો તેમાંથી ધાર્મિકતાને બાદ કરવામાં આવે તો તે માત્ર દોરો છે તેવી જ રીતે લગ્ન એ માત્ર કરાર નથી પરંતુ સંસ્કાર છે અને બે આત્માનું મિલન છે. આ અનુભૂતિ કયારે શકય બને! જો તે ધાર્મિકતા દ્વારા રચાયેલ હોય તો!

તેથી જ બધા સંસ્કારો = ધાર્મિકતા

વાસ્તુશાસ્ત્ર = ધાર્મિકતા

તેથી જ ઉલ્ટું યજ્ઞોપવિત કે અન્ય કોઈ સંસ્કારોમાંથી ધાર્મિકતા બાદ એટલે શૂન્ય તેમ ભવનકળામાંથી વાસ્તુબાદ એટલે શૂન્ય.

આ રીતે પ્રત્યેક તહેવારો, સંસ્કારો, શ્રદ્ધા, વિશ્વાસ અને સંસ્કાર નિર્માણ કરે છે. જો તે ધર્મના પાયા પર રચાયેલ હોય તો જ તે શકય બને છે.

ભૂમિપૂજનથી માંડીને ગૃહપ્રવેશ સુધી પ્રત્યેક કાર્યમાં ધર્મ અર્થાત્ ધાર્મિક ભાવનાઓ સાથે ઓતપ્રોત કરવામાં આવ્યુ છે જેનું લક્ષ્ય માનવજીવનને સુખી અને સમૃદ્ધ કરવાનું છે. ભૂખંડ – ચયન, શોધન અને ભવન નિર્માણને માટે વાસ્તુ પુઢષની કલ્પના ૠગ્વેદના ૭ મંડલમાં ૫૪માં સૂકતમાં કરવામાં આવી છે.

ભૂખંડને ૮૧ પદોમાં વિભાજીત કરીને દેવતાઓનાં પદ વિન્યાસ કરવામાં આવ્યો છે. ૮૧ પદોમાં પ્રતિષ્ઠિત દેવતાઓને સાકાર બ્રહ્માની સાથે જોડી દેવામાં આવ્યો છે. મધ્યમાં બ્રહ્મ સ્થાન છે. આથી ભૂખંડ અને ભવનમાં મંદિર જેવો સંબંધ દેખાય છે. તેથી જ શુભ મુહૂર્તમાં વાસ્તુપૂજા અને શાંતિ કર્યા બાદ ભવન નિર્માણ કરી ગૃહ પ્રવેશ કરવામાં આવે છે.

વાસ્તુને ધાર્મિક કાર્યો સાથે જોડીને આપણે સાકાર બ્રહ્મા સાથે સંબંધ સ્થાપિત કરીને ભવનને મંદિર જેવું માનીને પૂજા કરી સુખ-શાંતિ-સમૃદ્ધિ અને આત્મિક શાંતિ પ્રાપ્ત કરી શકીએ છીએ.

જયારે માનવને પૂજા-માનવને પૂજા-અર્ચન માટે ભવનોની જરૂર પડી ત્યારે ધાર્મિક વાસ્તુ અસ્તિત્વમાં આવ્યું. ઉપાસના સ્થળોનું નિર્માણ વૈદિકકાળથી જ થઈ રહ્યુ છે. પ્રાચીન ગ્રંથોમાં યજ્ઞવેદી અને યજ્ઞશાળાઓનો ઉલ્લેખ છે. વળી, મૂર્તિપૂજા વગેરે મનુષ્યને માનસિક શાંતિ આપે છે. મંદિર નિર્માણ માટે આવશ્યક સામગ્રી અને કારીગરનું વર્ણન માનસાર, શિલ્પરત્ન, શુક્રનીતિ, રૂપમંડન વગેરેમાં મળે છે. માનવ મસ્તક એ અગત્યનું અંગ છે. ઈશાન ખૂણામાંથી આવતા ચુંબકીય તરંગોથી

આપણને અનુકૂળ ઉર્જા પ્રાપ્ત થાય છે. તેથી મંદિર ઈશાનખૂણામાં હોવું જોઈએ.

વાસ્તુપુઢષનો સંબંધ નિર્માણ કાર્યના પ્રત્યેક અંગ સાથે ગૂઢ્ય રીતે ગ્રહના શુભ ફળની પ્રાપ્તિ સાથે જોડેલો છે. વાસ્તુપુઢષ યંત્ર નગરયોજના, ગૃહનિર્માણ તથા અન્ય સુવિધાઓ તથા અન્ય પ્રકારના નિર્માણકાર્ય કરવા માટે ઉપયોગમાં લઈ શકાય છે.

ગૃહનિર્માણ માટે બ્રહ્મસ્થાન પદમાં કોઈપણ પ્રકારનું નિર્માણ કાર્ય ન કરવું નહિ તો વાસ્તુનો પ્રકોપ થાય છે. જયારે મંદિરની યોજનામાં બ્રહ્મસ્થાનની બહારની જગ્યા, પ્રદક્ષિણા, પ્રવચનો માટે ઉપયોગમાં લઈ શકાય છે જેથી વાતાવરણનું સુખ લઈ શકાય છે. આ સિદ્ધાંતનું નાનામા નાના અને મોટામા મોટી નગર યોજનામાં શાસ્ત્રમાં દર્શાવેલ પદમાં વિભાજીત કરી અપનાવી શકાય છે.

આપણુ વાસ્તુ, સંસ્કૃતિ, રીતરિવાજ અને આપણી રહેણી-કરણી ધર્મ સાથે જોડાયેલ છે. જેથી લોકોને આ પ્રમાણે અનુસરવાનું સુગમ અને સરળ પડે.

### (૬) વાસ્તુશાસ્ત્ર અનુભવસિદ્ધ શાસ્ત્ર છે.

વાસ્તુશાસ્ત્રનો ઉદય હજારો વર્ષ પૂર્વે ઋષિમુનિઓની દિવ્ય દષ્ટિથી થયો છે.

પ્રાચીનકાળમાં આપણા ઋષિમુનિઓએ માનવજીવનની સુખાકારી અને અનિષ્ટ શકિતઓથી શરીર અને તેમાં થતો જીવરસાયણી ક્રિયાઓને રક્ષણ આપવા, શાંતિમય દીર્ઘ જીવન વ્યતિત કરવા, નિસર્ગ, પર્યાવરણ, સૂર્યમંડળ વગેરેની સારી અસર પ્રાપ્ત કરવા માટે વાસ્તુની કેવા પ્રકારની રચના કરવી. તેના સિદ્ધાંતો અને નિયમોનું પરિશ્રમ પૂર્વક સંશોધન કરી, જે શાસ્ત્રની રચના કરી તે વાસ્તુશાસ્ત્ર છે.

આપણી હાલની જે પરિસ્થિતિ હોય, તેમાં પણ આપણે વાસ્તુશાસ્ત્રના નિયમો મુજબ સુમેળ સાધીએ અને જરૂરત મુજબ સુધારા – વધારા કરીએ તો પણ પરિસ્થિતિ સુધરશે જ. આપણું ઘર માત્ર મોટું છે કે નહી તે જોવાને બદલે વાસ્તુના નિયમો પ્રમાણે રચાયેલુ છે કે નહી તે જોવું મહત્ત્વનુ છે. મુંબઈ, પૂણે વગેરેના કેટલાંક ઘરોમાં આર્થિક મુશ્કેલીઓ આવી પડી, આનાથી આપણને સમજ પડે છે કે નવુ ઘર આપણને લાભકર્તા નિવડયું કે નહી આ અનુભવનાં વિષય છે. તેજ અનુભવે સમજાય કે વાસ્તુના નિયમને અનુરૂપ હોય તેવી નાની જગ્યા ખરીદીને પણ આપણે સુખ – શાંતિ મેળવી શકીએ અને પ્રગતિ સાધી શકીએ છીએ.

## ૧.૨.૪. વાસ્તુશાસ્ત્રની વિશેષતાઓ

### (૧) ભારતીય સ્થાપત્ય કલાની જાણકારી થાય

કોઈપણ દેશની સંસ્કૃતિનું મૂલ્ય તેના પ્રાચીન સ્થાપત્ય અને સાહિત્ય વડે જ અંકાય છે. શિલ્પવિદ્યા અથવા સ્થાપત્યવિદ્યાએ માનવજીવનનું ઉપયોગી અંગ છે તે દ્વારા જ પ્રજાજીવનનો વિકાસ જોઈ શકાય છે. આ કલા હૃદય અને ચક્ષુ બંનેને આકર્ષે છે. શિલ્પની કેટલીક શૈલી જે ભારતની આધ્યાત્મિક વિચારધારામાંથી ઉદ્ભવેલી છે. પુનર્જન્મના સિદ્ધાંત મુજબ સૃષ્ટિના જીવો વિકાસ સાધતા

અનેક ઉચ્ચ કોટિ યોનિઓમાં જન્મતાં જન્મતા આખરે બ્રહ્મમાં વિલીન થાય છે. આ સિદ્ધાંત દેવમંદિરના શિખરે મૂકયો છે. ભારતીય સ્થાપત્ય કલા શાશ્વત સત્યનું પ્રતીક છે. કારણ કે, સત્યમ્, શિવમ્ અને સુન્દરમ્ ની ભાવનાથી યુકત હોવાથી તેમાં નિત્ય એક નવીનતા દષ્ટિગોચર થાય છે. ભારતીય સ્થાપત્યમાં મૂર્તિપૂજામાં રહેલા દેવોની મૂર્તિમંત કલ્પના વર્ણ, વાહન, આયુધો, વસ્ત્રો અને આભૂષણોના સંપૂર્ણ વર્ણન છે.

આ ઉપરાંત વિષ્ણુ, ગણેશ દેવ-દેવીઓ આદિની મૂર્તિકલા માટેની સપ્રમાણ માહિતી પણ મળી શકે છે. આમ, ભારતીય સ્થાપત્યની રચના સપ્રમાણતા તથા કલાત્મક અંગો જોનારને મંત્રમુગ્ધ કરે છે. પ્રત્યક્ષ દેશ અને જાતિની વાસ્તુ કૃતિઓમાં તે દેશીય અને જાતિય વિશેષતાની છાપ ઉભી કરે છે.

પ્રાચીન યુગ, મધ્યયુગ અને અર્વાચીન યુગમાં થયેલા રાજાઓએ પોતાના ધર્મ, રૂચિ અને દષ્ટિ પ્રમાણે આપણા ભારત દેશમાં તાજમહેલ, ફતેપુર સિક્રી, દિવાને આમ, દક્ષિણભારતના મંદિરો, અજંતા – ઈલોરા જેવી ગુફાઓ અનેક કલાકૃતિઓથી યુકત નમૂના વગેરે અસંખ્ય સ્થાપત્યના સુંદર નમૂનાઓ છે. જેનાથી આપણી વૈવિધ્યપૂર્ણ સંસ્કૃતિ અને કલાની જાણકારી થાય છે.

ભારતના પૃથક્ – પૃથક્ ભાગના હિન્દુ શિલ્પશૈલીના સ્થાપત્યોના વિહંગાવલોકન પરથી ભારતીય સ્થાપત્યોનો વિકાસ તેનુ નિર્માણ અને તેના પ્રકારનો સ્પષ્ટ ખ્યાલ આવી શકે છે. ભારતીય કલા અધિક મૌલિક અને અધિક વૈવિધ્યપૂર્ણ છે. તેના પ્રકારોમાં પણ નિત્ય નવીન વૈચિત્ર્ય છે. ભારતીય **શિલ્પ સ્થાપત્ય આજપણ જીવતી જાગતી કલા** છે. ભારતીય શિલ્પોનું લક્ષણ પોતાની કૃતિમાં કેવળ ભાવના ઉતારવાનું છે.

ભારતીય શિલ્પીઓએ ભારતીય જીવન દર્શન અને સંસ્કૃતિને પોતાનું સર્વોત્તમ લક્ષ માનીને રાષ્ટ્રના પવિત્ર સ્થાનો પસંદ કરીને ત્યાં પોતાનું જીવન વિતાવી શિલ્પની સાધના કરી છે. વિશ્વની શિલ્પકલાના ઈતિહાસમાં અદ્વિતીય વિશાલ ભવનો નિર્માણ કર્યા છે. જે જોતાં જ સૌ કોઈ આશ્ચર્યમુગ્ધ બને છે. ભારતીય શિલ્પકારોએ પહાડોના દુધિયા, મગીયા, રતુંબડા, શ્યામ, રેતાળવા કે ચુનાળવા પાષાણની દીર્ઘકાય શિલાઓ ખોદી કાઢી ભૂખ-તરસની પરવા કર્યા વગર પોતાના ધર્મ – સંસ્કૃતિના પ્રતિકનું પ્રસ્તાન કર્યું છે. જનતાએ પણ શિલ્પકારની અક્ષય કીર્તિને બિરદાવી છે. જેથી અજબ સ્થાપત્યકલાને કારણે ભારત અજર – અમર પદે સ્થપાયેલ છે.

મહાભારતકાલીન વાસ્તુકલામાં દેવોના સ્થપતિ વિશ્વકર્મા દાનવોના સ્થપતિ મય દ્વારા નિર્મિત લાક્ષાગૃહ, માયામહલ, દેવમંદિરો, સભાભવનો, મલ્લશાલાઓમાં જોવા મળતું સૌદર્ય આપણી કલાદષ્ટિને પોષે છે.

"આ કલા વ્યકિતની ચિરસ્થાયી કીર્તિ અને સંસ્કૃતિની શાશ્વત ધરોહર જ નહી, પરંતુ તેની પ્રધાન પ્રેરણા છે અને બધાને એકસૂત્રમાં બાંધવાવાળી એક મહાન શકિત છે. કલા સ્ફૂર્તિ આપે છે અને જનજીવન પર તેનો પ્રભાવ વ્યાપક છે." [૪૬]

## (૨) કલા એ જ અધ્યાત્મની અનુભૂતિ

ભારતીય શિલ્પ-વાસ્તુશાસ્ત્ર ભારતી વાસ્તુ કલાના મુકુટમણિ નહિ પણ સર્વસ્વ છે. ભારતીય સ્થાપત્યની મૂર્તિમંત વિભૂતિ દેવપ્રસાદો છે. પ્રાસાદરચના જગતી વેદિથી પ્રારંભ થઈ શિખર સુધી સમાપ્ત થાય છે.

ભારતીય વાસ્તુકલાની સર્વપ્રમુખ વિશેષતા તેની અધ્યાત્મનિષ્ઠા છે. આપણી વાસ્તુકલા વિશેષ કરી મંદિર નિર્માણમાં પ્રણમી વૃદ્ધિગત થઈ અને મંદિરના ઉત્તુંગ શિખર સમાન થઈ. આ આધારભૂત પ્રયોજન ભારતીય જન-સમાજની ધાર્મિક ચેતના અને વિશ્વાસના મૂર્ત સ્વરૂપ પ્રદાન કરે છે. મંદિરના નિર્માણમાં જનસમાજના ધાર્મિક ઉપચેતનાથી મળતી નિષ્ઠામાં દેવમિલનની ભાવના પ્રધાનરૂપ છે.

મંદિરના પીઠ, કલેવર અને ઉત્તંગ શિખર, આકાર, વિસ્તાર તથા ઉપસંહાર એ ઈશ્વરી ભાવનાનું પ્રતિક છે. પ્રાસાદના ઉત્તંગ શિખરએ દેવત્વની ખોજ વિકાસ સ્થાપિત કરે છે.

ભારતીય સ્થાપત્યમાં પ્રમુખ અંગ વાસ્તુપદ વિન્યાસ અથવા વાસ્તુ પુઢષ મંડલ છે તેનો મર્મ બરાબર જાણવો જોઈએ. વાસ્તુપૂજા, વાસ્તુબલીએ પ્રાચીન સંસ્થા છે. તે વૈદિક કાલથી વાસ્તૂપૂજા, વાસ્તુબલી વિધાન મંત્ર સનાતન ઉચ્ચારણ છે. તેમા વાસ્તોષ્પતિ અથવા વાસ્તુબ્રહ્મા અથવા વાસ્તુપુઢષનુ આવાહન કરવુ ભારતની સહુથી મહાન વિભૂતિ એ છે કે જેને સ્થાપત્યમાં નિરાકાર બ્રહ્મને સાકારરૂપમાં પ્રતિષ્ઠિત્ કરેલ છે. સાગરને બિંદુમાં સમાવી દીધેલુ છે.

મંદિર નિર્માણમાં કલ્પના દ્વારા ભિટ્ટ, જગતી, પીઠ, મંડાવેર, બલાણક, શિખર, આમલસાર, કલશ વગેરે વિન્યાસ પ્રતિપાદિત છે. તેમાં પૂર્ણ રૂપે નિરાકાર બ્રહ્મની સાકાર પ્રતિષ્ઠા છે. શિલ્પની કેટલીક શૈલી જ ભારતની આધ્યાત્મિક વિચાર ધારામાંથી ઉદ્ભવી છે. ધર્મપ્રવૃતિથી જ ધાર્મિક સ્થાપત્ય ભારતમાં ઉભા થયા અને તે દ્વારા જ શિલ્પીવર્ગને ઉત્તેજન મળ્યુ છે. પ્રાચીનકાળમાં શિલ્પીને બહ્માના પુત્ર ગણી તેનું પૂજન થતું. “એશિયા ખંડ જાપાનમાં બુદ્ધ ધર્મનો પ્રચાર થતાં તે દેશની રાજમાતાએ એવી ઈચ્છા કરી કે મારા રાજયના નગરો તથા ઉપવનોમાં શિલ્પીઓના ટાંકણાનો ગુંજરવ સદા થતો રહે. [૪૭]

## (૩) પરમ લક્ષ્યની પ્રાપ્તિ થાય (ચતુવિર્ઘ પુઢષાર્થ)

आलयं सर्वभूताना विजयाय विजात्मनाम ।
धर्मार्थकाममोक्षाणा प्राप्तिहेतु कामद ः ।। [४८]

હિંદુ સંસ્કૃતિનો મૂળ આધાર ધર્મ અને ચાર પ્રકારના પુઢષાર્થોમાં પણ ધર્મને જ પ્રથમ પુરૂષાર્થ ગણવામાં આવે છે તેથી બધા ગ્રંથોનો પ્રારંભ જેવી રીતે ધર્મવૃદ્ધિ થાય એ દષ્ટિએ જ થયેલો છે. આ જ કારણને લઈ શિલ્પશાસ્ત્રની વિજ્ઞાનસિદ્ધ બાબતોમાં પણ ધર્મની ભાવના ઓતપ્રોત થયેલી જોવા મળે છે અને એમાં પ્રાચીન ઋષિમુનિઓની રચના બુદ્ધિની ખૂબી એ છે કે શિલ્પશાસ્ત્ર જેવા સર્વાપયોગી શાસ્ત્રમાં પણ હિન્દુ સંસ્કુતિના મૂળને સંક્રાંત કરી લીધુ છે.

ગૃહ ભવન, રાજયપ્રાસાદો, પ્રજા અને રાજાઓને વસવા માટેના સ્થાન જે દરેક ઋતુ, ઠંડી, ગરમી, વર્ષાથી રક્ષણ કરે છે અને સર્વ સુખ ભોગો ભોગવી શકાય છે. દેવ પ્રાસાદો ધર્મ-અર્થ-કામ-મોક્ષને આપનાર છે તે ધર્મનું પ્રતિપાદન કરે છે.

વિશ્વકર્મા વાસ્તુશાસ્ત્રમાં વાસ્તુશાસ્ત્રને કારણે ચાર પુઢષાર્થોની પ્રાપ્તિ મહત્ત્વ બતાવ્યુ છે. 'વાસ્તુ પ્રસાર' માં માહિતી મળે છે કે ચાર પુઢષાર્થોની પ્રાપ્તિ વાસ્તુશાસ્ત્રને કારણે છે.

**ધર્મ :-** મકાનની રચના એવી હોવી જોઈએ કે જેમાં મનુષ્યને આધ્યાત્મિક, આત્મિક, સુખમળી શકે તેમાં રહેવાવાળી વ્યકિતને આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક ત્રિવિધ તાપોથી મુકિત મળવી જોઈએ. પ્રાચીન ઋષિમુનિઓના આશ્રમ ક્ષેત્રમાં આવતાં જ હિંસક પ્રાણીઓ પોતાનો નૈસર્ગિક વેરભાવ ભૂલી જતાં હતા સિંહ તેમજ બકરી સાપ તેમજ નોળીયો એકી સાથે બેઠા રહેતા હતા. આમ, ભૂમિપૂજનથી લઈ ગૃહપ્રવેશ સુધી પ્રત્યેક બાબતમાં ધાર્મિક ભાવના વણાયેલી હતી.

**અર્થ :-** વળી ભવનમાં નિવાસ કરવાવાળા ગૃહસ્વામીને ભવન પ્રત્યેકરૂપમાં ફલદાયી, સુખ-સમૃદ્ધિ પ્રદાતા, ઐશ્વર્યયુકત, લક્ષ્મી અને પુત્ર-પૌત્રાદિ કરવાવાળા કૃત્યનો વિચાર થયેલો છે.

ગૃહસ્થ જીવનની સાથે જ સંપત્તિ વધવી જોઈએ, વ્યકિતએ મકાન બનાવ્યુ તો એવુ ન હોવુ જોઈએ તે સતત આર્થિક ભાર હેઠળ દબાયેલો રહે જો આવી સ્થિતિ નિપજે તો ભવનનુ વાસ્તુ ખરાબ છે. તેવુ સમજવું તેથી વાસ્તુ શાસ્ત્રમાં વ્યકિતનો આર્થિક ઉત્કર્ષ થાય તેનો વિચાર થયેલો છે.

**કામ :-** એવુ મકાન કે જેમાં રહેવાથી પતિ-પત્નિ સમાજની સંપતિરૂપ બનીને પોતાનાં જીવનમાં પ્રેમ, સદાચાર અને ભાવનુ નિરૂપણ રહે, धन्यो गृहस्थाश्रम ની અનુભૂતિ થાય.

ઘણીવાર મનુષ્યો બધી રીતે સુખી હોય પરંતુ માનસિક તાણમાં તે સતત જીવતો હોય, સંઘર્ષ અને કલહ જીવનમાં રોજ બનતાં હોય ત્યારે વાસ્તુશાસ્ત્ર શયનકક્ષ સબંધી રંગો ફર્નિચર અને ખૂણાઓ, દિશાઓ સબંધી સિદ્ધાંતો રજૂ કરી પતિ-પત્નિ વચ્ચેના સબંધને ચિરસ્થાયી બનાવી શકે છે. દંપતિ એ સમાજની સંપત્તિ બની શકે છે. "પ્રભુ નાનકડું ઘર મારું સદા તારું જ મંદિર હો" એવી શુભ ભાવના સિદ્ધ થાય છે.

**મોક્ષ :-** ઘણીવાર એવુ બને કે વ્યકિત પોતાના જન્મથી જ નહિ કર્મોથી અમર બનતો હોય છે. તેની હાજરીમાં નહિ પરંતુ તેની ગેરહાજરીમાં તેના ગુણ ગવાય તેને મોક્ષની પ્રાપ્તિ થવી જોઈએ સદ્‌ગૃહસ્થના સદ્‌વ્યવહારને કારણે સદ્‌ગતિ મળવી જોઈએ.

વાસ્તુ અનુરૂપ સિદ્ધાંતોથી મકાનનું નિર્માણ થયેલુ હોવાથી આ વસ્તુ શકય બને છે. વ્યકિત જીવ્યા પછી શાંતિથી મોક્ષપ્રાપ્તિ મેળવી શકે છે.

## (૪) સુખી અને સમૃદ્ધ જીવનની બાંહેધરી

ઘણી વાર મનુષ્ય મકાન બનાવે તેની પાછળ ઘણો બધાં ખર્ચ કરે છતાં પણ તેને શાંતિ ન મળે  અને વાસ્તુ શાંતિવિષયક વિધિ કરે તોપણ તેને સુખશાંતિ ન મળે અને વાસ્તુ શાંતિવિષયક

વિધિ કરે તોપણ તેને સુખ શાંતિ ન મળે તો તેની પાછળનું મુખ્ય કારણ વાસ્તુદોષ જ છે.

શિલ્પશાસ્ત્રીએ શાસ્ત્રના બરાબર નિયમોનું પાલન કરી પછી જ પ્રાસાદ કે ગૃહ બાંધવા. જેથી પ્રાસાદ ગૃહ બાંધનાર તથા બંધાવનાર ગૃહપતિને સુખ, સમૃદ્ધિ, કીર્તિ, આયુષ્ય, પુત્ર પૌત્રાદિકનો લાભ આપે છે.

શાસ્ત્રીય પદ્ધતિએ તૈયાર થયેલા દેવાલયો અને ગૃહો કરનાર, કરાવનારને રાષ્ટ્રને સુખપ્રદ, લાભકર્તા માનેલ છે. પરંતુ આપણે તેને વહેમ માની ધુત્કારીએ છીએ તે આપણી અજ્ઞાનતા છે.

वास्तुशास्त्रवृते तस्य न स्याल्लक्षणनिश्चय ।
तस्माल्लोकस्य कृपया शास्त्रयेत दुदीर्यते ॥ [४९]

અર્થાત્ "વાસ્તુશાસ્ત્રના સિદ્ધાંત સિવાય બીજો કોઈ પ્રકાર નથી કે જેના દ્વારા એવું નકકી કરવામાં આવ્યુ હોય કે કોઈ પણ ભવન યોગ્ય છે કે નહિ."

ઘર કે મંદિર બનાવતી વખતે ઉત્તમ યોગ અને અનુકુળ નક્ષત્ર, ચંદ્ર, આય, વ્યય વગેરે આવેલા હોય તો તેનુ ઉત્તમ ફળ પ્રાપ્ત થાય છે અને ખરાબ હોય તો ખરાબ ફળ પ્રાપ્ત થાય છે આ પ્રાચીન ઋષિમુનિઓની સુક્ષ્મદષ્ટિ અને રચના બુદ્ધિનું કૌશલ્ય અને ખૂબી છે.

સુંદર દેવાલયો ભવ્ય મહાલયો કોઈ પણ દેશના ગૌરવ અને શોભાને વધારનારા છે. સુંદર દેવમંદિરો, મહેલો, બગીચાઓ, તળાવો, પ્રતોલ્યા અને કીર્તિસ્તંભો કરાવવાએ નગરોના અલંકાર છે. તેને લીધે નગરોની શોભાવધે છે. અને પ્રાણીમાત્રને વિશ્રાંતિ મળે છે. તેમા ધીરપુરૂષોનો વિજય અને કીર્તિ સમાયેલી છે.

ભવન, પ્રાસાદ રચનામાં ગણિત એ મુખ્ય વસ્તુ છે. તે ગણિત જયોતિષ ચક્રો સાથે સંકળાયેલ છે. (૧) ક્ષેત્રફળ (૨) આય (૩) નક્ષત્રફળ (૪) નક્ષત્રગણ (૫) નક્ષત્રચંદ્ર (૬) નક્ષત્રવૈર (૭) વ્યય (૮) તારા (૯) નાડી (૧૦) રાશિ (૧૧) રાશિસ્વામી (૧૨) ગ્રહના નામાક્ષર (૧૩) અંશક (૧૪) લગ્ન (૧૫) તિથિ (૧૬) વાર (૧૭) કરણ (૧૮) યોગ (૧૯) વર્ગ (૨૦) તત્વ (૨૧) આયુષ્ય આ એકવીસ અંગો પ્રમાણે બનાવેલ ભવન સંપૂર્ણ બને છે આ રીતે એકવીસ અંગો મેળવવાનું કહેલ છે. વાવ, કુવા, તડાંગ એ જીવોતી તૃપ્તિ માટે છે, દુર્ગ સંરક્ષણ માટે છે.

વળી, વાસ્તુશાસ્ત્રમાં વૈજ્ઞાનિક નિયમોનુ પાલન થવાથી તે ગૃહ, પ્રાસાદ મજબૂત ટકાઉ, લાંબો સમય સુધી ટકી રહે તેવુ બને છે. તેથી ઘરમાં રોગ, આત્મહત્યા, અજંપો, ઉદ્વેગ, ભય, હાનિ વગેરે રહેતા નથી. મકાનમાં રહેનારને માનસિક-સુખશાંતિ મળે છે. પોતાનું જીવન ધર્મ-અર્થ-કામ-મોક્ષ એ ચાર હેતુઓને પાર-પાડતા-પાડતા સરળતાથી જીવી શકે છે.

આધ્યાત્મિક, આધિભૌતિક આધિદૈવિક દુઃખો દૂર રહે છે અને એક ભવન-શિલ્પી ઉત્તમ ભવનતો બનાવી શકે છે. પરંતુ તેમા નિવાસ કરવાવાળા મનુષ્યને સુખી જીવનની ગેરંટી આપી શકતો નથી. પરંતુ વાસ્તુકલા પર આધારિત ભવનમાં નિવાસ કરવાવાળ મનુષ્યને તે શાંતિ સ્વતઃ સિદ્ધ થાય છે.

જો ભવન-નિર્માણ કલામાંથી વાસ્તુ વિજ્ઞાન કલાને કાઢી નાખવામાં આવે તો તેની કિંમત શૂન્ય છે. તે માત્ર - ઈંટ - પથ્થર, લોખંડ, સીમેન્ટ સિવાય કશું જ નથી. આમ, શ્રેય, પ્રેયનો માર્ગ બતાવનાર, કલા સાથે વિજ્ઞાન જોડનાર સ્થાપત્ય કલાની શાસ્ત્રીય મીમાંસા કરનાર, બધા શાસ્ત્ર સાથે જોડાયેલ વાસ્તુશાસ્ત્રની મહત્તા અનેકગણી છે.

## ૧.૨.૫ વાસ્તુશાસ્ત્રનાં અન્ય શાસ્ત્રો જોડે સંબંધ

### ૧. વાસ્તુનો ગણિતશાસ્ત્ર સાથે સંબંધ

સ્થપતિનો સંબંધ ગણિત સાથે છે. તે વર્ધકિ કહેવાયો છે. વાસ્તુશાસ્ત્રમાં માલિક અને મકાનનો સંબંધ કાયમી અને સુખી રહેવા માટે આયાદિ ષડ્ વર્ગનો મેળાપ કરવા ઋષીમુનિઓએ માર્ગદર્શન આપેલુ છે.

**આયાદિ ષડ્ વર્ગ**

આયાદિ ષડ્ વર્ગ એટલે આય, વ્યય, અંશક, નક્ષત્ર, યોની, રાશી, તિથિ, વાર ગૃહમૈત્રી તત્વ વગેરે નિર્માણ કાર્ય સાથે જોડાયેલ સિધ્ધાંત છે.

આ સિદ્ધાંતો જયોતિષશાસ્ત્ર સાથે સુમેળમાં છે. આય અને વ્યય વચ્ચેનો સંબંધ વાસ્તુ નિર્માણની સંકલ્પના સાથે એક ગૂઢ રહસ્ય છે. સામાન્ય રીતે આય એટલે આવક વ્યય એટલે જાવક અથવા ખર્ચ તેમ પણ કહી શકાય.

બુદ્ધિમાન વ્યકિત વાસ્તુનિર્માણમાં કેટલો ખર્ચ થશે તે પહેલેથી જ નકકી કરી લે છે. પરંતુ ઋષિમુનિઓ આનાથી વધારે, ગ્રહની સ્થિતિ ઉપરથી, વાસ્તુ નિર્માણથી ઉદભવતા લાભ અને પ્રતિકૂળતાના નિર્ણયમાં વધારે રસ ધરાવતા હતા. આપણા ઋષિમુનિઓએ ફકત ભૌતિક સુખ, દ્રવ્ય ખર્ચથી ઉત્પન્ન થતા લાભ-હાનિ ને બદલે મનુષ્યની માનસિક શાંતિ, વૈભવ અને સુખ સમૃદ્ધિ તરફ તેઓનું વધારે ધ્યાન રહેતુ હતું. વિભિન્ન પ્રકારના ભવન નિર્માણ માટે આય-વ્યય નિર્ધારણ કરવા એક સરળ પદ્ધતિ આપેલ છે.

સ્થપતિની દષ્ટિએ જોઈએ તો આય-વ્યય એટલે વધતા-ઘટતા માપ, બીજા અર્થમાં લંબાઈ અને પહોળાઈના માપ નકકી કરવાની રીત હોય તેમ જણાય છે.

વાસ્તુશાસ્ત્રમાં આય મેળવવા માટે ગણિત શાસ્ત્રનો આધાર લેવાતો.

લંબાઈ અને પહોળાઈના માપનો ગુણાકાર કરી, ગુણાંક ફળને ૮ વડે ભાગવાથી જે શેષ રહે તેને આય ગણવામાં આવે છે બીજા અર્થમાં ક્ષેત્રફળને ૮ વડે ભાગવાથી જે શેષ અંક રહે તેને આય અંક કહેવાય છે.

જેમ કે – એક ઘર ૨૪ ફૂટ અને ૪ ઈંચ લાંબુ છે અને ૧૬ ફૂટ ૩ ઈંચ પહોળુ છે. તો શેષ વધી તેથી ચોથા ક્રમની આય કહેવાય જેનું નામ શ્વાનાય છે.

વાસ્તુશાસ્ત્રમાં મકાનમાલિકના હાથનું માપ એકમ તરીકે વાપરવા માટે ધ્યાન આકર્ષિત કરેલુ છે. એક હસ્તનું માપ હાલ જે હલન ચલનમાં છે.તેમાં બદલીએ તો તે ૧૮" અથવા ૪૫ સે.મી. બરોબર થાય. ક્ષેત્રફળને ભાગ આપ્યા પછી આઠ પ્રકારની શેષ રહેશે. જો શેષ શૂન્ય હોય તો આઠ અંકવાળી આય ગણવી. જો શેષ ૧ હોય તો ધ્વજાય, ૨ હોય તો ધુમ્રાય ૩ હોય તો સિંહાય ૪ હોય તો શ્વાનાય, ૫ હોય તો વૃષાય, ૬ હોય તો ખરાય, ૭ હોય તો ગજાય, ૮ હોય તો ધ્વાક્ષાય નામની આય કહેવાય છે.

આ રીતે નક્ષત્ર, ગણ, ઘરનો વ્યય શોધવા, ગૃહસ્વામીનો આય શોધવો, અંશક કાઢવો, તારા શોધવી, ક્ષેત્રફળ શોધવા માટેનું એક વિશેષ પ્રકારનું ગણિત હોય છે. જે ગણિતશાસ્ત્ર સાથે સંબંધ ધરાવે છે.

## ૨. વાસ્તુશાસ્ત્ર અને ધર્મશાસ્ત્રોનો સંબંધ

આપણા પ્રાચીન ઋષિમુનિઓએ માનવની મૂળભૂત આવશ્યકતા નિવાસ બારામાં ઉંડુ અધ્યયનના ફળ સ્વરૂપે અનેક વાસ્તુશાસ્ત્રના ગ્રંથો ઉપલબ્ધ થાય છે.

મનુસ્મૃતિમાં વાસ્તુશાસ્ત્ર સંબંધી નિયમો જોવા મળે છે. કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં પણ રાજાના કક્ષ વગેરેનાં નિર્માણમાં વાસ્તુ શાસ્ત્રના નિયમોની વાત કરેલી છે.

સ્કંદપુરાણમાં નગર પ્રયોજન સંબંધિત સિદ્ધાંતોની ચર્ચા છે. અગ્નિપુરાણમાં રહેઠાણ યોગ્ય ભવનોની ચર્ચા છે. વાયુપુરાણમાં ઉંચાઈ બનાવેલા મંદિરોના સાથે સંબંધિત વાતો રહેલી છે. ગરૂડ પુરાણમાં પણ રહેઠાણ સાથે મંદિરોની ચર્ચા છે. નારદપુરાણમાં જળ ભંડાર, કૂવાઓ, ઝરણા અને મંદિર સબંધમાં ચર્ચા છે. મત્સ્યપુરાણમાં શિલાઓ પર નકશીકામ બાબત, સ્થલ સ્તંભની ચર્ચા છે. શાસ્ત્રીય ગ્રંથો સિવાય રામાયણ, મહાભારત, અષ્ટાધ્યાયી, અર્થશાસ્ત્ર, જૈન બૌદ્ધ, બૃહત્સંહિતા વગેરેમાં સ્થાન સ્થાન પર ચર્ચા છે. જે દ્વારા આપણે જાણી શકીએ છીએ કે વાસ્તુશાસ્ત્રનો ધર્મશાસ્ત્ર જોડે સંબંધ છે.

સાંખ્યમાં સત્વના સાક્ષાત્કાર માટે ત્રણ પ્રકારના પ્રમાણ માનવામાં આવે છે. (૧) પ્રત્યક્ષ (૨) અનુમાન (૩) આપ્તવાકય વાસ્તુશાસ્ત્ર આપ્તવાકય પર આધારિત વિજ્ઞાન છે. સત્યની ખોજ કરનારા ઋષિમુનિઓને પોતે બળીને, આપત્તિઓ સહન કરીને વાસ્તુવિદ્યાની દિવ્ય જયોતને જીવિત રાખી છે તે ઋષિઓ પ્રતિ આભાર વ્યકત કરતા- કરતા આપણે જ્ઞાન-વિજ્ઞાનની નિર્મળધારાને આ ધર્મશાસ્ત્ર દ્વારા આગળ લઈ જવાની છે.

## ૩. વાસ્તુશાસ્ત્ર સાથે ભૂગોળનો સંબંધ

વાસ્તુશાસ્ત્રમાં દિશાઓનું મહત્વ છે. વાસ્તુશાસ્ત્રના સિદ્ધાતો દિશાઓ પર આધારિત છે.

ભારતીય વાસ્તુશાસ્ત્રાનુસાર વિભિન્ન દિશાઓનો માનવજીવન પર પ્રભાવ પડે છે.

(૧) સૂર્ય પૂર્વમાં ઉગે છે કોઈ પણ ભવન નિર્માણમાં પૂર્વ દિશામાં ખુલ્લુ સ્થાન રાખવું જોઈએ. સૂર્ય કિરણોનું આગમન થાય છે. વળી તે પૈતૃક સ્થાન પણ છે.

(૨) અગ્નિ દિશા માનવજીવનમાં સ્વાસ્થ્ય પ્રદાન કરે છે. તે ખૂણામાં અગ્નિ સબંધી રસોઈ વગેરે કાર્ય કરવા જોઈએ.

(૩) નૈઋત્યદિશામાં (ખૂણ) કોઈ પણ પ્રકારનો ગંભીરદોષ આવવો ન જોઈએ. નૈઋત્યકોણ કરતાં તેનાથી વિરૂદ્ધ ઈશાનખૂણો (ઉંચો) ભારી હોવો જોઈએ.

(૪) પશ્ચિમદિશા નો ઉચિત પ્રયોગ સફળતા, યશ, ભવ્યતા પ્રદાન કરે છે. પશ્ચિમ દિશાનો સ્વામી વરૂણ માનવામાં આવે છે.

(૫) વાયવ્ય ખૂણો અન્ય વ્યકિતઓ સાર્થનો પરસ્પર સંબંધ નિયંત્રિત કરે છે. જાતે ખૂણાનો પ્રયોગ વાસ્તુઅનુસાર કરવામાં આવે તો તે વ્યકિત આજે શત્રુ છે, કાલે મિત્ર પણ બની શકે છે.

(૬) ઉતરદિશા માં પણ ખાલી જગ્યા રાખવી જોઈએ પિતૃ પક્ષમાંથી મુકિત અનુભવી શકાય છે.

(૭) ઈશાનખૂણો ઈશ્વરનું સ્થાન માનવામાં આવે છે તેનો સ્વામી સોમ અર્થાત્ સૂર્ય છે તેમાં છેદ ન આવવો જોઈએ. ઈશાન વંશ-વૃદ્ધિને સ્થાયિત્વ પ્રદાન કરે છે. તેમા હલકો સામાન કે દેવપૂજા થવી જોઈએ અને શુધ્ધ સ્થાન રાખવું જોઈએ.

આ બધી જ દિશાઓ ભૂગોળ શાસ્ત્ર સાથે સંબંધ ધરાવે છે અને તે પૂર્ણ ભૂગોળનું ચિત્ર રજૂ કરે છે.

આ ઉપરથી ખ્યાલ આવે છે કે વાસ્તુ શાસ્ત્રમાં આઠે દિશાઓ પર જ તેનો આધાર ટકયો છે. આ દિશાઓની સાથે આધ્યાત્મિક મહત્ત્વ પણ રહેલું છે. વાસ્તુશાસ્ત્રી દિશાઓ અનુસાર ઓરડા, બેઠક, રસોઈ, સ્નાનગૃહ વગેરેનું નિર્માણ કરવાની સલાહ આપે છે.

આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે ભૂખંડ નિર્ધારણ દ્વારા ભૂગોળનું જ્ઞાન વધારે સ્પષ્ટ થાય છે તેથી તેમની વચ્ચે સંબંધ છે. મંદિર કઈ દિશામાં છે ? દરવાજો કઈ દિશામાં છે ? આંતરિક સાજ-સજ્જા કેવી છે? આ બધાના અભ્યાસ પર વાસ્તુશાસ્ત્ર પ્રકાશ પાડે છે જેને વાસ્તુશાસ્ત્રીય ભૂગોળ કહેવાય છે.

## ૪. વાસ્તુશાસ્ત્ર સાથે જયોતિષનો સંબંધ

મનુષ્યનું જીવન ભાગ્ય અને વાાસ્તુ બંનેથી સમાનરૂપમાં પ્રભાવિત થાય છે. બંનેનો પ્રભાવ પચાસ-પચાસ ટકા છે. મનુષ્ય પોતાના ભાગ્યને બદલી તો નથી શકતો પરંતુ વાસ્તુની સહાયતાથી પોતાના પ્રયત્નોની સફળતા સુધી પહોંચી શકે છે.

જો મનુષ્યનું ભાગ્ય ઉત્તમ છે અને વાસ્તુ દૂષિત છે. તો તેના પ્રયાસોનું પરિણામ પચાસ ટકા જ મળશે. જો વાસ્તુદોષ દૂર થઈ જાય તો તે પરિણામ સો ટકા મળી શકે છે. જો ભાગ્ય નિર્બળ હોય અને વાસ્તુદોષ પણ હોય તો સફળતા મળવી અસંભવ છે. જો વાસ્તુદોષ દૂર કરવામાં આવે તો પચાસ ટકા સફળતા મળે છે પરંતુ ભાગ્ય બદલી શકાતું નથી.

વાસ્તુ અને જયોતિષનો સનાતન સંબંધ છે જો ભવન વાસ્તુદોષયુકત હોય અને ભાગ્ય પણ નિર્બળ હોય તો તેમાં રહેવું ઉચિત નથી.

ભૂમિનો કારક ગ્રહ મંગળ છે. જન્મપત્રીનો ચોથો ભાવ ભૂમિ અને ભવન સાથે સંબંધિત રાખે છે. ઉત્તમ ભવનની પ્રપ્તિ માટે ચતુર્થેશ અર્થાત્ ચોથા ભાવનો સ્વામીનો કેન્દ્ર ત્રિકોણ સ્થિર રહેવો જોઈએ. જન્મકુંડળીમાં મંગળની સ્થિતિ પણ સુદઢ હોવી જોઈએ. ચોથા ભાવ પર શુભાશુભ ગ્રહોની દષ્ટિ યુતિ અથવા પ્રભાવનું વિશ્લેષણ એકાદ ઉદાહરણ દ્વારા કરી શકાય.

(૧) દા.ત. જાતકની જન્મકુંડળીમાં ચતુર્થેશ અર્થાત્ ચોથા ભાવનો સ્વામી કોઈ પણ અન્ય શુભ ગ્રહ ની સાથે યુતિ કરીને ચોથા, પાંચમા, સાતમા, નવમા અથવા દસમાં ભાવમાં હોય તો જાતક સ્વશ્રમથી નિર્મિત ઉત્તમ સુખ – સુવિધાથી યુકત ભવન પ્રાપ્ત કરવાનો યોગ ધરાવે છે.

(૨) દા.ત. જાતકની જન્મકુડળીમાં ચોથા ભાવનો સ્વામી બારમાં અથવા આઠમાં ભાવમાં થઈને પાયગ્રહોથી યુકત અથવા દુષ્ટ હોય તો જાતકની સંપતિ અને ભવન નષ્ટ થવાનો યોગ પ્રાપ્ત થાય છે. તેની સંપતિ અથવા ભવન તેના સબંધી તથા શત્રુ દ્વારા હડપ કરવાની સંભાવના થાય છે. તે નુકશાનથી બચવાને માટે ચોથા ભાવનો સ્વામીનો જાપ કરવા જોઈએ. અથવા તો રત્ન ધારણ કરવું જોઈએ.

આવી તો અનેક ગ્રહો સંબંધી વાતો જયોતિષમાં કરેલી છે. જે વાસ્તુશાસ્ત્રમાં જોવા મળે છે.

પ્રાચીન વાસ્તુશાસ્ત્રને જયોતિષશાસ્ત્રનું સાર્થકતાનું અભિન્ન અંગ માનીને દરેક પ્રકારના કાર્ય, નક્ષત્ર, તિથીઓ અને ચંદ્રમાની ચડતી–પડતી કલાને ધ્યાનમાં રાખીને કરવામાં આવતુ હતું.

પાયો ખોદતી વખતે સૂર્યની રાશિગત સ્થિતિનું વિશેષ ધ્યાન રાખવામાં આવતુ આ રીતે વર્ગ, રાશિ અને કયું ગામ કે નગર રહેવા માટે લાભદાયી છે તે માટે જુદા જુદા ચક્ર રહેલા છે. જેના દ્વારા નામ રાશિથી શુભાશુભ જોવાની રીત મળે છે. ગૃહપ્રવેશ, મુહૂર્ત વખતે પણ જયોતિષનો સહારો લેવાય છે.

## ૫. વાસ્તુ અને વિજ્ઞાન વચ્ચેનો સંબંધ

વાસ્તુશાસ્ત્ર એ સમય, શકિત અને અવકાશને  આવકારતી આકૃતિ કે રેખાંકનનું યર્થાથ વિજ્ઞાન છે. પરમાત્માની શુદ્ધ શકિત જે સગુણ સાકાર સ્વરૂપમાં પરિણમી ભૌતિકરૂપે પ્રગટ થાય છે. તે સર્વ ભૌતિક પદાર્થો જ છે. શુદ્ધ શકિતના જે આંદોલનો છે તે કાળ છે, સમય છે, આપણે જયારે આંદોલનના ઘટનાક્રમની વ્યાખ્યા કરીએ ત્યારે તે કાર્યને ‘તાલ’ એમ નામ આપીએ છીએ. આ સમયનું એક પ્રમાણ છે જેનાથી ધ્વનિના અવકાશો શિસ્તબદ્ધ નિયમિત સ્વરૂપમાં રૂપાન્તરિત થાય છે. આ પ્રક્રિયા માળખાકિય રીતે સૂક્ષ્મ છતાં પ્રસન્નતા આપતી આકૃતિનું સર્જન કરે છે. આ પ્રમાણે શુદ્ધ શકિત જે ભૌતિક સ્વરૂપમાં બદલાય છે તે એક **વિજ્ઞાનની પ્રક્રિયા છે.**

વાસ્તુવિજ્ઞાન આવા ભૌતિક રૂપોનો ઉપયોગ કરી વાસ્તુનું સર્જન કરે છે અને તે માટે નિર્સગની શકિતની યથા યોગ્ય ગોઠવણ કરે છે.

વાસ્તુશાસ્ત્ર એ બાંધકામ અંગેના મનુષ્યના વિચારો અને ઉત્કટ ઈચ્છાની ભૌતિક અનુભૂતિની સૈદ્ધાંતિક ભૂમિકા પુરી પાડે છે. આપણે જે માળખુ પૃથ્વી પર રચીએ છીએ તે આસપાસના વાતાવરણ

સાથે સંવાદિતતાથી વિલિન થઈ, પંચમહાભૂતો તત્વોકે જેનાથી પૃથ્વી સહિત ભૌતિક કે અભૌતિક એવા તમામ પદાર્થોની રચના થયેલ છે.

આ પંચમહાભૂત તત્વો પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ છે. તેની અસર વિશ્વના સજીવ કે નિર્જીવ તમામ પ્રાણીઓ કે પદાર્થો ઉપર થાય છે. ઉપરાંત વાતાવરણ કે પર્યાવરણનું સમતોલપણું તથા નિયમબદ્ધતા પણ આ પંચમહાભૂત તત્વો દ્વારા થાય છે. વાસ્તુશાસ્ત્ર આ પંચમહાભૂત તત્ત્વોને યથાયોગ્ય ઉપયોગ વાસ્તુરચના માટે કરવાની ભલામણ કરે છે કે જેથી વિશ્વમાં રહેલી શુભ શકિત તથા બ્રહ્માંડીય શકિત મનુષ્યને પ્રાપ્ત થાય અને તે સુખમય, શાંતિમય જીવન વ્યતિત કરી શકે.

આ પાંચેય તત્વોને ગુણ અનુક્રમે ગંધ, રસ, રૂપ, સ્પર્શ અને શબ્દ છે. મનુષ્ય શરીર પણ આ જ પાંચ તત્ત્વોથી બનેલુ છે. અને તેમા સ્થાન માનવના શરીરમાં રહેલા પાંચ ચક્રો છે.

(૧) મૂલાધાર (૨) સ્વાધિષ્ઠાન (૩) મણીપુર (૪) અનાહત (૫) વિશુદ્ધમાં છે.

ભવન નિર્માણમાં ઉત્તરી ધ્રુવથી આવવાવાળા ચુંબકીય તરંગો અને સૂર્યોકિરણોમાં લાભની વાત કરી છે. પૂર્વમાંથી આવતા સૂર્યના કિરણો ઉર્જાને અલ્ટ્રાવાયોલેટ કિરણોના માધ્યમથી આપણા મન, મસ્તક અને શરીરને પ્રભાવિત કરીને વિટામીન ડી ની પ્રાપ્તિ કરાવે છે. ભવનનો દક્ષિણ ભાગ ઉંચો હોવાને કારણે સૂર્યનાં કોસ્મિક કિરણોથી રક્ષા થાય છે.

આમ, પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ તત્વનું સંચાલન માનવશરીરમાં રહેલ વાત, પિત, કફ એમ ત્રણ પ્રકારની નાડીથી થાય છે. શરીર ત્યારે જ તંદુરસ્ત કહેવાય જયારે આ ત્રણેય નાડીઓ સમસ્થિતિમાં હોય ત્રણેય નાડીનું તુલ્નાત્મક પ્રમાણ મનુષ્યને સુખી થવા જવાબદાર છે. આયુર્વેદના આધારે જોઈએ તો કફ, પિત અને વાત એ માનવશરીરના અનુક્રમે નીચેના ભાગમાં, મધ્યભાગમાં અને ઉપરના ભાગમાં રહે છે. એટલે કે મળાશયમાં કફ જેનું તત્વ જલ છે, ઉદરમાં પિત જેનું તત્વ અગ્નિ છે અને ગળુ તથા મસ્તકમાં વાત જેનું તત્વ હવા છે. બાહ્ય હવા, બાહ્ય ગરમી શરીરની અંદરના વાત સાથે સંલગ્ન છે. બાહ્ય ગરમી પિત્ત સાથે સંલગ્ન છે, બાહ્ય જલ શરીરની અંદર રહેલા કફ સાથે સંલગ્ન છે.

આપણે જોયુ કે ઉપર જણાવેલ પાંચ તત્વો મનુષ્યની પાંચ જ્ઞાનેન્દ્રિયોનું સંચાલન કરે છે તથા અગ્નિ, જલ અને વાયુ શરીરની તંદુરસ્તીને અસર કરે છે.

માનવશરીરને સારું, સુદઢ અને તંદુરસ્ત રાખવા માટે વાસ્તુ રચનામાં જુદા જુદા ઓરડાની એવા પ્રકારની ગોઠવણ કરવાની જરૂરત સમજાય છે કે પંચમહાભૂત તત્વોનો તથા નિસર્ગના નિયમોનો યોગ્ય રીતે ઉપયોગ કરવાથી માનવ શરીરમાં રહેલા, ઘરમાં રહેલા તથા બહાર વાતાવરણમાં રહેલા તત્વો સપ્રમાણમાં રહે ઉપરાંત ઈશાનખૂણામાંથી પ્રવેશ પામતી ધનશકિત તેના મહદ્ પ્રમાણમાં વપરાય છે. જેથી ઘરમાં રહેનાર સુખી, તંદુરસ્ત, ધનવાન અને સમૃધ્ધ બને.

દા.ત. ઈશાનખૂણામાં જો કોઈ પણ પ્રકારની ખામી થાય તો તેના બંધારણ મનને અસર થાય છે. અને શકિતપ્રવાહની પંકિતમાં ખલેલ પહોંચે છે. વળી, જમીનનો પટ પરસ્પરાવલંબી ઈન્દ્રિયો વાળી સજીવરચના છે. તેથી આ પ્રકારની જમીનની પટની શકિત ક્ષેત્રનું મન મનુષ્ય શરીરના કોષોના

મનને આડી અવળી અસર પહોંચાડે છે. જેના કારણે અનિયંત્રિત ગુણાંકન થાય છે જે કેન્સર સુધીના રોગને નિમંત્રે છે.

આ રીતે વાસ્તુશાસ્ત્રનો વિજ્ઞાન જોડે સંબંધ છે એટલુ જ નહિ તે તેની સાથે વણાયેલ છે તે સત્યતા અને વ્યવહારિકતા આજના આધુનિક યુગમાં સ્વતઃ સિદ્ધ થતી જાય છે.

## ૬. વાસ્તુશાસ્ત્રનો ભૂમિતિ જોડે સંબંધ

ભૂખંડ એ પ્રકૃતિની દેણ છે જેને મનુષ્યએ પોતાની આવશ્યકતાનુસાર કેટલાય સ્વરૂપોમાં વહેંચી દીધી છે. સંપૂર્ણ પૃથ્વી દેશ, પ્રાંત, જીલ્લા, નગર, ગલી, મહોલ્લા અને અંતે નાના-નાના ભૂખંડોમાં વિભકત થયેલી છે.

ભૂખંડના અનેક પ્રકાર જોવા મળે છે તેમાં વાસ્તુની દષ્ટિથી કેટલાંક ભૂખંડ સર્વશ્રેષ્ઠ , કેટલાક મધ્યમ અને કેટલાક દોષયુકત હોય છે તેથી સાવધાનીપૂર્વક ભૂખંડ શોધવા જોઈએ. ભૂખંડના ઘણા પ્રકાર જોવા મળે છે.

**સવોત્તમ ભૂખંડ :-** જો ઈશાન ખૂણો ૯૦° કરતા ઓછો હોય, વાયવ્ય ખૂણો ૯૦° કરતા વધારે હોય તો તે ઉત્તમ પ્લોટ ગણાય છે. આ વર્ગાકાર ભૂખંડ કહેવાય છે. કારણકે તે સમચોરસ છે.

આ જ રીતે **આયાતકાર ભૂખંડ, ગોળાકાર ભૂખંડ, લંબચોરસ ભૂખંડ, પટલાકાર ભૂખંડ, ત્રિકોણાકાર ભૂખંડ, ચક્રાકાર ભૂખંડ, શકટાકાર ભૂખંડ, પંખાકાર ભૂખંડ, મૃદંગાકાર ભૂખંડ, સૂર્પાકાર ભૂખંડ, ધનુષાકાર ભૂખંડ, ભદ્રાસન ભૂખંડ, ષટ્કોણાકાર ભૂખંડ, ગોમુખાકાર ભૂખંડ, અંડાકાર ભૂખંડ, અષ્ટકોણાકાર ભૂખંડ, સિંહમુખાકાર ભૂખંડ, મુસલાકાર ભૂખંડ, ટી આકારના ભૂખંડ, કાકમુખાકાર ભૂખંડ,** વગેરે ભૂખંડો હોય છે.

જો કોઈ ભૂખંડ વર્ગાકાર હોય કે આયાતાકાર પોતાના ચારે કોણોમાંથી કોઈ પણ કોણથી વધી કે ઘટી જાય તો એ ભૂખંડની સ્થિતિ બદલાઈ જાય છે. અહિંયા એવા જ શુભ તથા અશુભ કોણોની વૃદ્ધિવાળા ભૂખંડનો ફલાદેશ આપવામાં આવ્યો છે. દા.ત. ઈશાનછેદી પ્લોટ વળી, વિભિન્ન દિશામાં માર્ગયુકત ભૂખંડનું ફળ પણ બતાવેલુ હોય છે. જેનું વિસ્તૃત વિવરણ પછીના પ્રકરણમાં થયેલું છે. વાસ્તુકલાના સિદ્ધાંત ભૌગોલિક પરિસ્થિતિઓને અનુરૂપ બનાવવા આવ્યા છે. તેથી સ્પષ્ટ થાય છે કે ભૂગોળ સાથે વાસ્તુશાસ્ત્રનો સંબંધ ઘનિષ્ઠ છે.

## ૭. વાસ્તુશાસ્ત્રનો પર્યાવરણ જોડે સંબંધ

ભવનનિર્માણ માટે પ્રથમ ચરણ ભૂમિ શોધન છે. શ્રેષ્ઠ ભૂમિ તે છે જેમાં અનેક પ્રકારનાં ઔષધ, વૃક્ષ અને લતાઓથી સુશોભિત હોય, મધુર સ્વાદવાળી, ઉત્તમ સુગંધવાળી, ચિકણી, છિદ્રરહિત, માર્ગના શ્રમને શાંત કરવાવાળી, આનંદ આપવાવાળી તેવી ભૂમિ શ્રેષ્ઠ છે.

મંદિર માટે પણ એવી ભૂમિ હોવી જોઈએ કે જેમાં બનાવેલ મંદિર લાંબા સમય સુધી જીવોના કલ્યાણનું સાધન બની શકે.

प्रासादोमण्डपश्च विना शास्त्रेण यः कृतः ।
विपरीतं विभागेषु योऽन्यथा विनिवेशयेत् ।। ५०

અર્થાત્ શાસ્ત્ર પ્રમાણ વિના જો દેવાલય, મંડપ, ગૃહ, દુકાન વગેરે જો બનાવવામાં આવે તો તેનું વિપરીત ફળ મળે છે આમ કહી ભૂમિપ્રકાર બતાવ્યા છે.

(૧) બ્રાહ્મણી ભૂમિ (૨) ક્ષત્રિયાભૂમિ (૩) વૈશ્યાભૂમિ (૪) શુદ્રાભૂમિ

જેના વર્ણ, રૂપ, રસ, ગંધ સ્વાદ અલગ અલગ છે. તેથી તેનું પરીક્ષણ કરવું જરૂરી છે.

જે ભૂમિમાં સારા ફળ, ફળાઉ ઔષધિય ગુણો ધરાવતાં વૃક્ષો ફૂલતા હોય / અનાજનો પાક સારો થતો હોય તેવી ભૂમિ વાસ્તુ માટે સારી ગણાય છે.

(૧) વળી, ભેજયુક્ત જમીન, પોચી જમીન

(૨) જે ભૂમિ પર સાપનો રાફડો હોય

(૩) જમીન પર ઉધય હોય

(૪) સર્પો અને વીંછીઓ હોય

(૫) જે ભૂમિ પર વાંદરાઓ વસે છે. તે શનિ પ્રધાન ભૂમિ છે.

(૬) જે ભૂમિ પર ગધેડા, શ્વાન, શિયાળ અને ભૂંડ જેવા હિંસક પ્રાણીઓ વસવાટ કરતા હોય તે ત્યજવી અને તેની બીજી બાજુ – જયાં હરણાઓ વસે છે.

– નોળિયાઓનો વાસ હોય છે.

– જે ભૂમિ પર ઘોડાઓ બેસતા હોય, અશ્વશાળા હોય, આ જમીન પર વસવાટ કરવાથી યશ, આરોગ્ય સુખાકારી મળે છે.

આ જગતમાં વનસ્પતિ જીવન પછી માનવ-જીવનની શરૂઆત થઈ છે તેથી ભવનનો વાસ્તુ સાથે સંબંધ છે ભવન આજુબાજુ કેવા વૃક્ષો વાવવા લાભદાયક છે. તેનો વિચાર વાસ્તુમાં કરવામાં આવ્યો છે.

વાસ્તુશાસ્ત્રાનુસાર કોઈ પણ વૃક્ષ ઉત્તર પૂર્વ દિશામાં લગાવવુ નહી, મોટા વૃક્ષ દક્ષિણ અને પશ્ચિમ તરફ વાવવા જોઈએ ભવનથી ઉંચાઈ મોટી હોવી જોઈએ. ફળદાર વૃક્ષો વાવવાથી અડોશ-પાડોશમાં બાળકોમાં ઉત્પાત રહે છે. કાંટાદાર વૃક્ષો રોપવા ન જોઈએ. જે વાયુશોધક અને રોગનાશક વૃક્ષો હોય તે વાવવા જોઈએ. શમી, અશોક, નાગકેસર, ચંપો, બિલી, દાડમ, વગેરે વૃક્ષો શુભ પરિણામ આપે છે. ચંપો, ગુલાબ, ચમેલી, કેતકીના છોડ શુભ છે. કેસર, અશોક, માલતિ, નાગકેશરા જામવંતિ, ચંદન, નારિયેળી, અને ફણસ ઘરની કોઈ બાજુએ હોય તે શુભ છે. દક્ષિણમાં ઉમરાનું, પશ્ચિમમાં પીપળાનું ઝાડ પણ શુભદાયક છે. પરંતુ ઘરની પૂર્વમાં પીપળો, પશ્ચિમમાં વડ અને ઉત્તરમાં ઉમરો તો ન જ હોવો જોઈએ કોઈ પણ વૃક્ષની છાંયા ઘર પર ન પડવી જોઈએ.

અર્થાત્ હે અધ્વર્યુ: પ્રાણીમાત્રને આરોગ્ય અને તેજ પ્રાપ્તિ થાય તે માટે પૃથ્વી પર ખોદેલ આ ખાડામાં જળ પ્રવેશો તેમાં ચિર આરોગ્ય પ્રદાન કરનાર ઔષધિયુક્ત અને ફળસમૃદ્ધ વનસ્પતિની સ્થાપના કરો. [૫૧]

આ રીતે મંત્રના ઉચ્ચાર કરવાથી વનસ્પતિનું વધુને વધુ શુદ્ધિકરણ થાય છે. તેથી શુદ્ધ વાતાવરણ ઉત્પન્ન થાય છે.

તુલસીના છોડને શુભ અને સ્વાસ્થ્યવર્ધક માનવામાં આવે છે. એના પાંદડાનો પ્રયોગ પૂજન કાર્યમાં થાય છે. તુસલીનો છોડ શુદ્ધ અને સ્વાસ્થ્યવર્ધક માટીમાં ઉગે છે. એટલા માટે કે તે વાયુ શોધક છે, આયુર્વેદિક ગુણો ધરાવે છે. જે ભૂખંડ પર તુલસી ફળે છે તો એ જમીન સૌથી ઉત્તમ ગણાય છે.

આ બધા વૃક્ષો, જમીન વગેરેનો પર્યાવરણમાં જ સમાવેશ થાય છે. તેથી પર્યાવરણને ધ્યાનમાં રાખીને વાસ્તુશાસ્ત્રની રચના થઈ હોય એમ લાગે છે.

## ૧.૩ શિલ્પકળાના સૂત્રાધારશ્રી વિશ્વકર્મા

### ૧.૩.૧ વિશ્વકર્મા એક પરિચય

વિશ્વકર્મા શબ્દ વિશ્વ + કૃ ધાતુ પરથી નિષ્પન્ન થયો છે. विश्वकर्मा सर्वस्य कर्ता [૫૨] એમ નિરૂકિત આપી યાસ્કાચાર્ય તેમને સૃષ્ટિકર્તા પરમાત્મા કે પ્રાણવાયુ તરીકે ઓળખાવે છે. નિરૂકતમ્ (અ) (૧૦.૨૬)

શબ્દકલ્પદ્રુમ પણ विश्वेषु कर्म यस्य सः [૫૩] એમ કહી સૂર્ય એવો અર્થ કરે છે. આ વ્યુત્પત્તિના આધારે વિશ્વકર્માનો સંબંધ વિશ્વના સર્જન કે નિર્માણ સાથેનો સંબંધ સમજી શકાય છે.

### ૧.૩.૨. વૈદિક સાહિત્યમાં શ્રી વિશ્વકર્મા

એક દેવતાના અભિધાયક રૂપમાં ઋગ્વેદમા ફકત પાંચ વખત ઉલ્લેખ થયો છે. દસમાં મંડળ ના ૮૧ અને ૮૨ એમ બે સૂકતોમાં તેમની સ્તુતિ છે તે દરેક બાજુએથી અનેક આંખો, મુખ, હાથ અને પગ ધરાવે છે. તેમને પાંખો પણ છે. તે ધાતા વિધાતા છે તે વાણીના દેવ છે. તેમણે પૃથ્વીને ઉત્પન્ન કરી અને આકાશને અનાવૃત કર્યુ છે.

द्यावाभूमी जनयन् देव एकः । [૫૪]

સ્વર્ગ અને પૃથ્વીને ઉત્પન્ન કરતો એક જ દેવ છે.

अजस्य नाभावध्येकमर्पितं यस्मिन् विश्वानि भुवनानि तस्थुः [૫૫]

તે સ્વર્ગ, પૃથ્વી, દેવો અને અસુરોથી પર છે. અજ એવા તેના પિતાનાં નાભિકેન્દ્રમાં મૂકેલું છે. જેમાં બધાં ભુવનો રહેલાં છે.

વિશ્વકર્મા શબ્દ કયારેક સૂર્ય કે ઈન્દ્રના વિશેષણ રૂપે મૂકાયો છે.

શતપથબ્રાહ્મણમાં પ્રજાપતિ સાથે તેનું સામ્ય છે.

## અથર્વવેદમાં પ્રભુ વિશ્વકર્મા

एतं भागं परिं ददामि विद्वान् विश्वंकर्मन् प्रथमजा ऋतस्यं ।
अस्माभिंदतं जरसंः परस्तादच्छिन्नं तन्तुमनु सं तंरेम ।। [५७]

શ્રેષ્ઠોમાં પ્રસિદ્ધ, વિદ્વાનોમાં સત્યધર્મના આ સેવનીય વ્યવહારને જગતમાં રચનારા એવા શ્રી વિશ્વકર્મા પરમેશ્વરમાં સમર્પણ કરુ છું. બુઢાપાથી દૂરદેશમાં પરબ્રહ્મની પાછળ-પાછળ યથાવત્ અમે પાર કરીએ.

ये भक्षयंन्तो न वसूंन्यानृधुर्यानग्नयौ अन्वतंप्यन्त धिष्ण्यांः ।
या तेषांमवया दुरिंष्टि स्विष्टिं नस्तां कृणवद्विश्वकंर्मा ।। [५८]

જે અન્ન ખાતા પણ શ્રેષ્ઠ કર્તવ્યો કરતા નથી. જેના કારણે અંદર રહેવાવાળો અગ્નિ પશ્ચાતાપ કરે છે. તેનાથી જે દોષ થાય છે તે સુધરી જાય અને વિશ્વકર્માની કૃપાથી અમારી સાથે મળીને કાર્ય કરે.

बृहस्पतिंः सविता ते वयो दधौ त्वष्टुर्वायोः पर्यात्मा त आभृतः ।
अन्तरिंक्षे मनंसा त्वा जुहोमि बर्हिष्टे द्यावांपृथिवी उभे स्तांम् ।। [५९]

હે મનુષ્ય ! બધા લોકોનો સ્વામી સર્વપરમેશ્વર તારા માટે અન્ન આપ્યું તે શ્રી વિશ્વકર્માએ સર્વવ્યાપક પરમેશ્વરથી તારો આત્મા બધી બાજુએ પુષ્ટ કરવામાં આવ્યો છે બધામાં જોવાતા પરમેશ્વરની વચ્ચે તને વિજ્ઞાનથી હું ગ્રહણ કરું છું. બંને સૂર્ય અને ભૂમિ તારા માટે વૃદ્ધિ થાય.

घोरा ऋषंयो नमो अस्त्वेभ्यश्चक्षुर्यदेषां मनंसच्च सत्यम् ।
बृहस्पतंये महिष धुमन्क्षमो विश्वंकर्मन् नमंस्ते पाह्यस्मान् ।। [६०]

ઋષિઓ તેજસ્વી અને પ્રભાવશાળી હોય છે કારણ કે તેના મનમાં અને આંખમાં સત્ય ચમકે છે. તે જ્ઞાનીને અમે પ્રણામ કરીએ છીએ હે સર્વશકિતમાન વિશ્વકર્તા ! અમારી બધા જ પ્રકારે રક્ષા કરો તમારા માટે અમે નમસ્કાર કરીએ છીએ.

બીજા કાંડના ૩૫ મું આખુ સૂકત વિશ્વકર્માને ઉદેશીને જ રચાયેલુ છે. અને આત્મસમર્પણ કરવાનો ઉપદેશ આપે છે.

विश्वकंर्माणं ते सप्तऋषिर्वन्तमृच्छन्तु ।
ये मांधायव उदीच्या दिशोऽभिदासात् ।। [६१]

જે પાપી ઉત્તર દિશામાંથી આવી મને દાસ બનાવવા ઈચ્છે છે. તે સપ્તર્ષિ યુકત વિશ્વકર્માના વશમાં થઈને રહે.

## ૧.૩.૩. પૌરાણિક વાઙ્મયમાં શ્રી વિશ્વકર્મા

રામાયણ-મહાભારત પુરાણોમાં વિશ્વકર્માનું નામ દેવોના શિલ્પી તરીકે બતાવ્યું છે.

વૈવસ્વત મન્વન્તરમાં દક્ષ પ્રજાપતિની સાઠ કન્યાઓ પૈકી દશ કન્યાઓ ધર્મને આપવામાં આવી હતી. ધર્મ અને દક્ષ પુત્રી વસુ દ્વારા આઠ પુત્રો થયા જેઓ વસુ નામે ઓળખાય છે. પ્રભાસ નામના વસુ અને બૃહસ્પતિની બહેન આંગિરસી યોગસિદ્ધામાં વિશ્વકર્માનો જન્મ થયો હતો આમ, શ્રી વિશ્વકર્મા ધર્મના પૌત્ર આ રીતે ધર્મના પુત્ર પ્રભાવસુ અને તેમના પુત્ર શ્રી વિશ્વકર્મા એ રીતે તેનું વંશ બને છે. તે દેવોના શિલ્પી કહેવાયા.

તેમના વંશપરંપરાગત દષ્ટિપાત કરીએ તો

– વિશ્વકર્મા પ્રભાસવસુના પુત્ર

– વિશ્વકર્મા બૃહસ્પતિના ભાણેજ

– વિશ્વકર્મા દ્વારા ઈન્દ્રની અમરાવતીનું નિર્માણ, વિશ્વકર્મા આ સંસારના સર્વપ્રથમ શાસક મહારાજ અને પૃથુના સમકાલીન.

**વિવિધ પુરાણો :-**

(૧) વાયુપુરાણ[૬૨]માં બે સ્થળોએ શ્રી વિશ્વકર્મા અંગેની વિગતો મળે છે. વિશ્વકર્મા કલ્પ ના આરંભે વારંવાર વિભાગ કરે છે.

(૨) મત્સ્યપુરાણ[૬૩] કર્મપુરાણ[૬૪] અગ્નિપુરાણ[૬૫] અને હરિવંશ[૬૬]માં શ્રી વિશ્વકર્મા અંગે મળતી વિગતો ઉપર દર્શાવેલી માહિતી સાથે સામ્ય ધરાવે છે.

(૩) બ્રહ્મપુરાણ[૬૭] એક સ્થળે અન્ય પુરાણોની જેમ શ્રી વિશ્વકર્મા વિશે વિગતો આપે છે.

(૪) વિષ્ણુપુરાણ[૬૮] પણ વિશ્વકર્મા પરિચય તેના ચાર પુત્રોમાં ઐજકપાદ, અર્હિબુધ્ન્ય, ત્વષ્ટા અને રૂદ્ર એવા નામ આપે છે. ત્વષ્ટાનો પુત્ર વિશ્વરૂપ છે.

(૫) ભાગવત પુરાણ[૬૯] માં વસુ અને આંગિરસીના પુત્ર વિશ્વકર્માની સંતતિ વિષે જણાવે છે અને તેમની પત્ની કૃતિ દ્વારા ચાક્ષુસ મનુના જન્મ વિષે ઉલ્લેખ છે. આ જ પુરાણ સંજ્ઞાને વિશ્વકર્માની પુત્રી ગણે છે.

(૬) ભાગવતપુરાણ (૭.૪.૮) ઈન્દ્રનું ભુવન અને તેની નગરીનુ નિર્માણ તેમણે કર્યુ છે. વેદકાળના ધાતા, વિધાતા કે પ્રજાપતિ મનાયેલા વિશ્વકર્માનું એ સ્થાન પુરાણયુગમાં બ્રહ્માએ લીધુ છે.

(૭) વિષ્ણુપુરાણ[૭૦] તેમણે લક્ષ્મીજીને આભૂષણો આપ્યા હતા.

## ૧.૩.૪. વિશ્વકર્મા સંબધી અન્ય માહિતી

"માનસાર" ગ્રંથમાં જણાવ્યા પ્રમાણે શ્રી વિશ્વકર્મા સત્યયુગમાં મૃગશીર્ષમાં બ્રહ્મકુળમાં

થયેલા વિશ્વકર્મા પુરાણને આધારે વર્તમાન શિલ્પશાસ્ત્રીઓ મહાસુદ – ૧૩ ના રોજ તેમનો જન્મોત્સવ ઉજવે છે.

વિશ્વકર્માપ્રકાશના આરંભમાં કહ્યુ છે કે "પ્રાચીન વાસ્તુશાસ્ત્ર પરાશરઋષિને શીખવ્યુ તેમણે બૃહદ્રથને, બૃહદ્રથે વિશ્વકર્માને, વિશ્વકર્માએ જગતના કલ્યાણાર્થે લોકોમાં તે પ્રવર્તાવ્યું (૧) પ્રજાપતિ – બ્રહ્મા (૨) શિલ્પશાસ્ત્રના કર્તા વિશ્વકર્મા (૩) લોકવાર્તા વિશ્વકર્મા આ ત્રણે ભિન્ન છે. કેટલાક માને છે કે ગુપ્તકાળ પહેલાં વાસ્તુશાસ્ત્રના રચનારા વિશ્વકર્મા નામે એક પ્રધાન પુરૂષ હતા. તેમણે નિરૂપેલા સિદ્ધાંત ઘણાં લોકપ્રિય થયેલાં.

## 'વેધવાસ્તુ પ્રભાકર' મુજબ

યજુર્વેદ ૩૧-૧૧ મુજબ તથા તથા વસિષ્ઠ પુરાણ અ. ૬ મુજબ વિશ્વકર્મા કુળમાં જન્મેલા જન્મથી જ બ્રાહ્મણો છે. તેમાં શંકા નથી તેઓ આચરણને પાળનારા હતા. વ્યવસાયને કારણે તે કર્મકાંડ વિસરતા ગયા. તેથી તેઓને મૂળકર્મકાંડી બ્રાહ્મણો પોતાનાથી ભિન્ન માનવા લાગ્યાં આથી તેમની અલગ – અલગ જ્ઞાતિઓ થઈ.

(૧) વિશ્વજ્ઞ (૨) આચાર્ય (૩) પંચાલ (૪) દૈવજ્ઞ (૫) સ્થપતિ (૬) રથકાર (૭) સૌધન્વ (૮) પૌરૂષેય (૯) નારાશંસ (૧૦) કંસાલી (૧૧) કમાલિયન (૧૨) અર્કશાળી (૧૩) જાંગીડ (૧૪) ધીમાન્ (૧૫) પંચશિલ્પ (૧૬) કોકાસ (૧૭) તક્ષા (૧૮) કર્મકાર.

આ રીતે અઢાર શિલ્પીઓની નોંધ જોવા મળે છે.

"સૂત્ર સંતાન અપરાજીત" ગ્રંથમાં વિશ્વકર્માના ચાર માનસપુત્રો જય, વિજય, સિદ્ધાર્થ, અપરાજીત કહ્યા છે.

અન્ય જગ્યાએ મય અને ત્વષ્ટા નામ પણ આપેલા છે.

પદ્મપુરાણમાં શ્રી વિશ્વકર્માના પાંચ મુખના નામ અને પાંચ શિલ્પીના નામ કહ્યા છે.

(૧) મનુ – લોહકર્મના

(૨) મય – કાષ્ટકર્મના

(૩) ત્વષ્ટા – કંસઆર

(૪) શિલ્પી – શિલ્પકાર

(૫) દૈવજ્ઞ – સુવર્ણકાર

શિલ્પકર્મકરનારાઓ કમંડળ, સુત્ર, હથોડી, સાઘણી, પુસ્તક જમણા હાથમાં અને ટાંકણું, ગજ, ચૂનાલોઢુ, માળા અને ઓળંભો એમ પાંચ ડાબા હાથમાં ધારણ કરેલા છે.

સ્કંદપુરાણમાં કહેવાયુ છે કે શ્રી વિશ્વકર્મા પ્રભુની શકિતથી મુખની જવાલા દ્વારા મહેશ

ઉત્પન્ન થયા, બાહુમાંથી વિષ્ણુ, ઉદરમાંથી બ્રહ્મદેવ એમ ત્રણે દેવોની ઉત્પતિ થઈ. તે મહાન વિશ્વકર્માના ચરણથી ઈન્દ્ર ઉત્પન્ન થયા મનથી ચન્દ્રમા, નેત્રથી સૂર્ય, પ્રાણથી વાયુ અને નાભિમાંથી આકાશ, મસ્તકમાંથી દેવલોક, પગમાંથી પૃથ્વી, કાનમાંથી દિશાઓ ઉત્પન્ન થઈ અને વિશ્વ સર્જાયું.

સુવર્ણની લંકા અને શ્રીકૃષ્ણની દ્વારિકાની રચના તેમણે કરી આપી હતી. સૂર્ય, કુબેર, ઈન્દ્ર તથા અગસ્ત્યને તેમણે જ ભવનો બાંધી આપ્યા હતા. બ્રહ્માને માટે પુષ્પક રથ પણ તેમણે જ બનાવી આપ્યો હતો હિમાલયની વિનંતીથી સભાગૃહની રચના પણ કરી હતી. ભરત નાટયશાસ્ત્રને અનુરૂપ નાટયગૃહ તેમણે જ બાંધી આપ્યો હતો.

જૈનગ્રંથોમાં પાંડવોના રાજમહેલની સભાની રચના "અર્જુનના મિત્ર મણિચુડ વિદ્યાધરે" કરી હતી. વિધાના બળ વડે ઈન્દ્રની સભા જેવી નવીન સભા રચી તેમણે મણિમય સ્તંભો ઉભા કર્યા. જૈન ગ્રંથોમાં વિશ્વકર્માને મણિચૂડ વિદ્યાધર તરીકે ઓળખાવ્યા છે.

પાશ્ચાત્ય વિદ્વાન ડો. એચ. કેર્ન કહે છે કે ઈ.સ. છઠી સદીના પ્રારંભમાં વરાહમિહિરના પ્રખ્યાત યુગમાં વિશ્વકર્માની હયાતી હતી પણ કેર્નની આ માત્ર ભ્રમણા જ હતી. વિશ્વકર્મા તો યુગે યુગે થયા છે.

વિશ્વકર્માના ચાર પુત્રોમાં સિદ્ધાર્થ (ત્વષ્ટા) એ લોહકર્મમાં કુશળતા મેળવી હતી. બાકીના ત્રણ પુત્રોએ વિશ્વકર્મા પાસેથી પ્રશ્નો પૂછીને વિદ્યા સંપાદન કરી હતી. તેથી લગભગ બધા શિલ્પગ્રંથો ગુરૂ વિશ્વકર્મા અને શિષ્ય વચ્ચેના સંવાદરૂપે જ મળે છે.

'સૂત્ર સંતાન અપરાજીત ગ્રંથો'માં જણાવ્યા મુજબ જય-વિશ્વકર્માએ એક ગૃહાશ્રમના સ્થાને વાસ્તુજ્ઞાન આપ્યુ હતું.

મય - સો યોજન ઉંચે વિરૂપાખ્યાશ્રમે શ્રી વિશ્વકર્માએ નૃત્ય, ગીત, સંગીત, તાલ, લાસ્ય, તાંડવ, રાગ, રાગિણી વગેરે વિષયોનું જ્ઞાન આપ્યુ.

સિદ્ધાર્થ - ને મંદાર પર્વત સુખાસનથી સ્વરશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, જયોતિષ, વ્યાકરણ, અલંકાર, છંદ, મુકિતમાર્ગનું રહસ્ય આપ્યુ.

અપરાજિતને વાસ્તુવિદ્યાનું જ્ઞાન જયના જેવુ જ આપેલુ ઉપરાંત લિંગ, પ્રતિમા, પીઠ, રાજગૃહો, નગર, દુર્ગ વગેરેનું જ્ઞાન આપ્યુ હતું.

## ૧.૩.૫. શ્રી વિશ્વકર્માના દશ અવતારો

'વેધવાસ્તુ પ્રભાકર' મુજબ

(૧) ભૃગુકુળમાં ઋગ્વેદ અને યજુર્વેદમાં ઉત્પન્ન થયા.

(૨) તે પછીના કાળમાં આંગિરસકુળમાં ઉત્પન્ન થયા

(૩) ત્રીજા અવતાર તરીકે બ્રહ્મકુલોત્પન્ન પ્રભાવસુના પુત્ર શ્રી વિશ્વકર્મા ઉત્પન્ન થયા.

(૪) ચોથા અવતાર તરીકે મહાભારતમાં આંગિરસ વિશ્વકર્મા વિરાટનો અવતાર મનાય છે.

(૫) વાયુપુરાણમાં પાંચમા આચાર્ય તરીકે શ્રી વિશ્વકર્માનો અવતાર મનાય છે.

(૬) છઠ્ઠા અવતાર તરીકે સકલાધિકારમાં જગદગુરૂ શ્રી વિશ્વકર્માનો અવતાર મનાય છે.

(૭) મૂલ સ્તંભમાં સાતમાં અવતાર તરીકે પ્રજાપતિ શ્રી વિશ્વકર્માનો અવતાર મનાય છે.

(૮) સ્કંદપુરાણમાં આઠમાં અવતાર તરીકે કાશ્યપીય શ્રી વિશ્વકર્માનો ગણાય છે.

(૯) બ્રહ્મવૈવર્ત પુરાણમાં શિલ્પાચાર્ય શ્રી વિશ્વકર્માનો અવતાર મનાય છે.

(૧૦) બ્રહ્મવૈવર્ત પુરાણમાં જ દશમા અવતારનો ઉલ્લેખ બ્રહ્મકુલોત્પન્ત શ્રી વિશ્વકર્માનો ગણાય છે.

## ૧.૩.૬. વિશ્વકર્માની અન્ય કૃતિઓ

પ્રાચીન ઋષિમુનિઓ તત્ત્વવેત્તા હતા. તેમણે અનેક વિદ્યાકળાના શાસ્ત્રોની રચના કરી છે. વાસ્તુ વિદ્યાના ૧૮ આચાર્યોએ જે ગ્રંથો રચેલ છે. તે સાહિત્ય આજે પુરૂ ઉપલબ્ધ નથી. શ્રી વિશ્વકર્માના રચેલા ગ્રંથો

ક્ષીરાર્ણવ

વૃક્ષાર્ણવ

દીપાર્ણવ

અપરાજિત

જ્ઞાનપ્રભકોશ

વિશ્વકર્માપ્રકાશ

વાસ્તુશાસ્ત્રકારીકા

જયગ્રંથ

વિશ્વકર્મા આધારિત રચાયેલા ગ્રંથો સૂત્રધાર મંડન દ્વારા રચિત ગ્રંથો ઉત્તર વાસ્તુ પરંપરા

(૧) દેવતામૂર્તિ પ્રકરણમ્

(૨) પ્રાસાદ મંડન

(૩) રાજવલ્લભ વાસ્તુશાસ્ત્ર

(૪) રૂપમંડન

(૫) વાસ્તુમંડન

(૬) વાસ્તુશાસ્ત્ર

(૭) વાસ્તુસાર

(૮) આયતત્વ

(૯) વાસ્તુમંજરી

**અન્ય ગ્રંથો**

ભોજરાજા રચિત સમરાંગણ સૂત્રધાર

વીરપાલ રચિત પ્રાસાદ તિલક

ઠક્કર ફેરૂનો વત્તુસાર (વાસ્તુસાર)

વાસુદેવ રચિત 'વાસ્તુ પ્રદીપ'

સૂત્રધાર મલ્લરચિત 'પરિમાણ મંજરી'

સૂત્રધાર રાજસિંહનો 'વાસ્તુરાજ'

સૂત્રધાર ગણેશનો 'વાસ્તુ કૌસ્તુભ'

સૂત્રધાર ગોવિંદનો 'કલાનિધિ' 'વાસ્તુ ઉદ્ધાર'

કૌશિકનો 'વાસ્ત્વધ્યાય'

સુખાનંદના 'વાસ્તુ રત્ન તિલક પટલ', સૂત્રપ્રતાન 'દેવ્યાધિકાર સંભવ'

આ ઉપરાંત દ્રાવિડાદિ શિલ્પગ્રંથો દક્ષિણી વાસ્તુપરંપરા

અંશુમાનભેદાગમ

કાશ્યપ શિલ્પ

માનસાર

વૈખાનસાગમ

મયમતમ્

શિલ્પશાસ્ત્રમ્

મનુષ્યાલયચંદ્રિકા

વાસ્તુવિદ્યા

શ્રી તત્ત્વનિધિ

મયશાસ્ત્રમ્

પ્રતિમાલક્ષણાધ્યાય

વિશ્વકર્મા પ્રકાશ

વાસ્તુસારસંગ્રહ

વાસ્તુબંધ

હય શિર્ષ પંચરાત્રમ્

શિલ્પરત્નમ્

બૃહદ્ શિલ્પશાસ્ત્રમ્

અભિલષિતાર્થ ચિંતામણિ

મધ્યમાં વૈરાજયાદિ જાતિના પ્રાસાદોનાં ગ્રંથો

આ જાતિના પ્રાસાદોના ગ્રંથો મધ્યકાળમાં અસ્તવ્યસ્ત થતાં તેના કેટલાંક ભાગ છૂટા પડી ગયા જે જૂદા ગ્રંથ તરીકે કેટલાંક શિલ્પીઓ પાસે મળે છે.

દા.ત. આયતત્ત્વ

કેશરાજ

નિર્દોષવાસ્તુ

ગૃહપ્રકરણ

પ્રાસાદમંજરી

સમવસરણ

પુણ્ય વિદ્ધી

દેવપ્રતિષ્ઠા

વાસ્તુપૂજા

જીનપ્રાસાદ

ઋષભાદિપ્રાસાદ, કેશરાદિમેરૂ પ્રાસાદ, એકાન્તવિશંતિ મેરૂપ્રાસાદ, વિજયાદિ પ્રાસાદ

ઉપર્યુકત નાના – નાના ગ્રંથો જોવા મળે છે. આ દરેક કોઈ એક અગર બીજા મોટા ગ્રંથના

માત્ર અધ્યાય જ છે.

## ૧.૪. ત્વષ્ટા એક પરિચય

### ૧.૪.૧. ત્વષ્ટાનો અર્થ

પુરાણ સાહિત્યના અભ્યાસ કરતાં સર્જન કે નિર્માણ ક્ષેત્રે ત્વષ્ટા અને વિશ્વકર્મા એ દેવોના ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. કયારેક આ બંને દેવો એકબીજાથી ભિન્ન હોય તો કયારેક બંને એક જ દેવતાના બે ભિન્ન નામોલ્લેખ છે. એવું જણાય છે.

ત્વષ્ટા શબ્દ त्विष् ધાતુ કે त्वक्ष् કે तक्ष ધાતુનો અર્થ કોતરી કાઢવું, ઘાટ આપવો એવો થાય છે. નિરૂકતમા ત્વષ્ટા શબ્દની ત્યુત્પતિ આ પ્રમાણે આપી છે.

त्वष्टा तूर्णभश्नुते इति नैरूक्ताः ।
त्विषेर्वा स्याद् दीप्तिकर्मणः ।।
त्वक्षतेर्वास्यात् करोतिकर्मणः । [૭૧]

અર્થાત્ દીપ્તિવાચક અર્થમાં આ શબ્દ લેવામાં આવ્યો.

શબ્દ કલ્પદ્રુમ ખંડ–૨ માં નિર્માતા કે સર્જક એવો અર્થ થાય છે.

प्रति नः स्तोम् त्वष्टां जुषेतु स्यादुस्मे अश्मेतिवसुयु ।। [૭૨]

અવેસ્તામાં પણ ત્વક્ષ ધાતુનું સમાંતરરૂપ ધ્વક્ષ પ્રાપ્ત થાય છે. જેનો અર્થ થાય છે. ખંતથી કાર્ય કરવું.

### ૧.૪.૨ વૈદિક સાહિત્યમાં ત્વષ્ટા

त्वष्टा वीरं देवकामं जजान त्वष्टुर्स्वी जायत आशुश्र्वं ।
त्वष्टेदं विश्र्वं भुवनं जजान बहोः कर्तारमिह यक्षि होत ः ।। [૭૩]

ત્વષ્ટા દેવતા દિવ્ય કામનાવાળા વીરપુત્રને ઉત્પન્ન કરે છે. ત્વષ્ટા દેવથી શીઘ્રગામી ત્વરાથી કામ કરવાવાળા અશ્વ અર્થાત્ સૂર્ય ઉત્પન્ન થાય છે. અને ત્વષ્ટા પરમાત્મા જ સંપૂર્ણ જગત ઉત્પન્ન કરે છે હોતા આ પ્રકારે મોટા જગતનું નિર્માણ કરવાવાળા પરમાત્માનું આ યજ્ઞમાં પૂજન કરો.

વૈદિક સાહિત્યમાં ઋગ્વેદમાં કુલ ૬૫ વખત ત્વષ્ટાનો ઉલ્લેખ થયો છે. જેમા સૌથી વધારે ઉલ્લેખો પ્રથમ અને દશમા મંડળમા છે તેમની સ્તુતિમા આખુ સૂકત જોવા મળતું નથી, પણ જુદા જુદા સ્થળે કુલ ૧૨ મંત્રોમા તેમની દેવતા તરીકે સ્તુતિ જોવા મળે છે.

त्वष्टां तुरीपो अदभुतं इन्द्राग्नी पुष्टिवर्धना ।
द्विपदा छन्दइन्द्रियमक्षा गौर्न वयो दधु ः ।। [૭૪]

હે મનુષ્યો! આશ્ચર્યગુણ સ્વભાવયુકત શીઘ્ર પ્રાપ્ત થતા (ત્વષ્ટા) અને સૂક્ષ્મકાર્ય કરવાવાળા તથા પુષ્ટિને વધારવાવાળા પવન અને અગ્નિ બંને પાદવાળા છંદ શ્રોત વગેરે ઈન્દ્રિયોને

સેવન કરવામાં સમર્થ બળદ સમાન જીવનને ધારણ કરે તેમ જાણો.

आ रोहतायुर्जरसं वृणानां अनुपूर्वं यतमाना यतिष्ठ ।
इह त्वष्टा सुजनिमा सजोषा दीर्घमायु ः करति जीवसे वः ।। [७५]

હે મનુષ્યો! તમે વૃદ્ધ થતા આયુષ્યમાં અધિષ્ઠિત રહો, પ્રયત્નશીલ રહો, આ લોકમાં કુલીનત્વષ્ટા તમને તમારા લોકો સાથે દીર્ઘ આયુષ્ય અર્પે.

वातरंहा भव वाजिन् युज्यमान् इन्द्रस्य याहि प्रसवे मनोजवाः ।
युञ्जन्तु त्वा मरूतोविश्ववेदस आ ते त्वष्टा पत्सु जवं दधातु ।। [७६]

હે અશ્વ ! જોડવાથી વાયુના વેગથી યુકત થાય, ઈન્દ્રની આ સૃષ્ટિમાં મનોવેગથી ચાલે, સર્વ જ્ઞાનથી યુકત આજીવન વીર તારી નિયુકિત કરે અને ત્વષ્ટા એવા ઘોડાના પગમાં વેગ આપે. આ જ કાંડ-૬માં પણ બધી ગાયોને ઓળખ માટે ત્વષ્ટા તેની પુષ્ટિ કરે છે, વળી

त्वष्टा जायामजनयत् त्वष्टा स्यै त्वा पतिम् ।
त्वष्टा सहस्त्रमायूषि दीर्घमायुः कृणोतु वाम् ।। [७७]

જગરચયિતા દેવે સ્ત્રીને ઉત્પન્ન કરી છે અને ત્વષ્ટા એ માટે પતિને ઉત્પન્ન કર્યો છે. રચયિતા ત્વષ્ટા ઈશ્વરી તમને બંનેને હજારો વર્ષો સુધી રહેવાનુ દીર્ધાયુષ આપે.

द्यावा धम्रगि पृथिवी जनिष्टा मापस्त्वष्टा भृगवो यं सहोभिः ।
इडैन्यं प्रथमं मातरिश्वा देवास्ततक्षुर्मनवे यतत्रम् ।। [७८]

જે અગ્નિને પૃથ્વીએ ઉત્પન્ન કર્યા ભૃગુઓને સ્તોત્રાદિ વડે પ્રાપ્ત કર્યા, બળ વિદ્યુતરૂપથી જેને મેળવીએ છીએ ત્વષ્ટાને જેણે ઉત્પન્ન કર્યા છે. વાયુએ સ્તુતિને ઉત્પન્ન કર્યા અને અન્ય સમસ્ત દેવોએ જે યજ્ઞાર્હ અગ્નિને મનુષ્યના હિતાર્થે નિર્માણ કર્યો છે.

## ૧.૪.૩ પુરાણ સાહિત્યમાં ત્વષ્ટા

દક્ષ પ્રજાપતિની ૧૩ કન્યાઓ મહર્ષિ કશ્યપને પરણી હતી. તેમાં અદિતિ દ્વારા જન્મેલો બાર પુત્રોને આદિત્ય કહેવામાં આવે છે. દેવતાઓ શાપવશાત્ જુદા જુદા મન્વન્તરમાં જન્મ લે છે. તેઓ સ્વાયંભુવ મન્વન્તરમાં જિત, સ્વારોચિષ મન્વતરમાં તુષિત, ઉતમમાં સત્ત્ય, તામસમાં હરિ, ચારિષ્યણવમાં વૈકુંઠ, ચાક્ષુષમાં સાધ્ય અને વૈવસ્વત મન્વન્તરમાં આદિત્ય રૂપે જન્મ લે છે.

પુરાણોમાં બાર આદિત્યોની નામાવલી મળે છે. તેમા ત્વષ્ટાનું નામ પ્રાપ્ત થાય છે.

ત્વષ્ટાની ઉત્પતિને આ પ્રમાણે દર્શાવી શકાય બ્રહ્મા -- મરીચિ -- કશ્યપ -- ત્વષ્ટા (બાર આદિત્યો માના એક)

| | |
|---|---|
| અગ્નિપુરાણ | ૧૯, ૨, ૩ |
| કૂર્મપુરાણ | ૧, ૧૬, ૧૮ |

| | |
|---|---|
| બ્રહ્મપુરાણ | ૩,૫૭,૫૮ |
| ભાગવતપુરાણ | ૬,૬,૩૯ |
| વિષ્ણુપુરાણ | ૧-૧૫, ૧૩૧-૩૨ |
| હરિવંશમ્ | ૧,૩, ૬૦-૬૧ |
| મત્સ્યપુરાણ | ૬,૪, ૧૭૧ ૫૬ |
| બ્રહ્મપુરાણ | ૩ – ૫૭ – ૫૮ |
| વાયુપુરાણ | ૬૬.૬૬ |

પુરાણોમાં ત્વષ્ટા અંગેની માહિતી તેમની પુત્રી સંજ્ઞા અંગેના પ્રસંગમાંથી મળે છે.

સંજ્ઞા વિવસ્વાન સૂર્યને પરણી હતી સંજ્ઞાએ સૂર્ય દ્વારા વૈવસ્વત મનુ, યમ અને યમુનાને જન્મ આપ્યો સૂર્યનું પ્રખર તેજ સહન ન થવાથી સંજ્ઞાએ પોતાની પ્રતિકૃતિ સમી છાયાનુ સર્જન કર્યુ અને પોતે પિતા ત્વષ્ટા પાસે ચાલી ગઈ પતિનું ઘર છોડીને આવેલી પુત્રી સંજ્ઞાને ત્વષ્ટાએ આશ્રય આપવાની ના કહેતા તે અન્ય સ્થળે જતી રહી સમય જતા સૂર્ય દ્વારા છાયામાં સાવર્ણિ મનુ, શનિ અને તપતી નામે ત્રણ સંતાનો ઉત્પન્ન થયા એક દિવસ સૂર્યને જાણ થઈ ગઈ કે જેને પોતે સંજ્ઞા માને છે તે મૂળ સંજ્ઞા નથી પણ તેની પ્રતિકૃતિ સમી છાયા છે. તેણે પોતાના સસરા (ત્વષ્ટા) ને સમગ્ર વૃતાંતની જાણ કરી ત્વષ્ટાએ સૂર્યને સરાણ પર ચઢાવી તેના તેજને છોલી નાખીને સહ્ય બનાવ્યુ. છોલી કઢાયેલા આ તેજમાંથી ત્વષ્ટાએ વિષ્ણુનુ ચક્ર બનાવ્યુ બાદમા સૂર્યે સંજ્ઞાની શોધ કરતાં તે વડવા (ધોડી) ના સ્વરૂપે મળી આવી. સૂર્યે પણ અશ્વનુ રૂપ ધારણ કરી તેની સાથેના સમાગમથી નાસત્ય અને દસ્ર નામે બે અશ્વિનીકુમારોને ઉત્પન્ન કર્યા

(૧) મત્સ્ય[૭૯], કુર્મ[૮૦], હરિવંશ[૮૧] માં સંજ્ઞાના પિતા ત્વષ્ટા છે. તેવા ઉલ્લેખ છે. જો કે અગ્નિપુરાણ[૮૨] કશ્યપ અને સુરભિના પુત્ર એવા અગિયારમાં રૂદ્રમાં એ ત્વષ્ટા નામનો ઉલ્લેખ કરે છે. જયાં ત્વષ્ટાનો પુત્ર વિશ્વરૂપ છે.

(૨) વિષ્ણુપુરાણ[૮૩]માં વિશ્વકર્મા અને ત્વષ્ટા એક જ વ્યકિત હોય તેમ બંને શબ્દોનો પ્રયોગ થયો છે.

(૩) વાયુપુરાણ[૮૪]માં વસુના પુત્ર વિશ્વકર્માના પ્રસંગ સાથે જ ત્વષ્ટા અને પુત્રી સંજ્ઞાનું કથન જોડાઈ ગયું છે. સૂર્યસંજ્ઞા વૃતાંત શરૂ થયા બાદ તેના અંત સુધી સંજ્ઞાના પિતા તરીકે 'ત્વષ્ટા' નામ જ પ્રાપ્ત થાય છે.

(૪) ભાગવતપુરાણ[૮૫] બાર આદિત્યો પૈકી ત્વષ્ટાની સંતતિનું વર્ણન આપતી વખતે ત્વષ્ટા અને દૈત્ય કન્યા રચનાથી સંનિવેશ અને  વિશ્વરૂપ નામે બે પુત્રોની ઉત્પત્તિ વિશે કહે છે ઈન્દ્ર દ્વારા વિશ્વરૂપની હત્યા થતા દુઃખી થયેલા ત્વષ્ટાએ વૃત્રનું સર્જન કર્યુ ત્વષ્ટા પુત્ર વૃત્રના વધ માટે વિશ્વકર્માએ દધીચિ મુનિના હાડકામાંથી વજ્ર બનાવ્યુ અહી ઋગ્વેદ અને ભાગવતપુરાણમાં અનુક્રમે નિર્માતા

અને ત્વષ્ટાપુત્રના વધાર્થે વિશ્વકર્મા વજ્ર નિર્માણ કરે છે. અહી આ બંને દેવો ભિન્ન છે. ઋગ્વેદાનુસાર જે સુરેણુ કે સંજ્ઞા ત્વષ્ટાની પુત્રી છે. તેને ભાગવતપુરાણ વિશ્વકર્માની પુત્રી ગણાવે છે. વળી સમુદ્રમંથન બાદ ત્વષ્ટાને શંબર સાથે વિશ્વકર્માને મયદાનવ સાથે લડતા નિર્દેશે છે.

આમ ભાગવતપુરાણમાં બંને પરંપરાઓનું મિશ્રણ થયુ છે એમ જણાય છે.

(૫) બ્રહ્મપુરાણ[૮૬]માં એક જ સ્થળે સંજ્ઞાને ત્વષ્ટાની પુત્રી તરીકે વર્ણવી છે તો અન્ય સ્થળે સંજ્ઞાના પિતા તરીકે ત્વષ્ટા અને વિશ્વકર્મા એમ બંને શબ્દો પર્યાયની માફક પ્રયોજાયા છે.

(૬) મત્સ્યપુરાણ[૮૭]માં ત્વષ્ટાએ સ્કંદને રમવા માટે કુકડો આપ્યો હતો. તેમણે પૃથુને રથ આવ્યો હતો. શ્રીકૃષ્ણ માટે દ્વારામતી નગરી બાંધી હતી.

(૭) વાયુપુરાણ[૮૮]માં ભૃગુવંશમાં ત્વષ્ટાનો ઉલ્લેખ મળે છે ભૃગુના પુત્ર શુક્ર અને સોમપાયી પિતૃઓની કન્યા ગો દ્વારા ઉત્પન્ન થયેલા ચાર પુત્રોમાં એક 'ત્વષ્ટા' પણ છે. ત્વષ્ટા અને વિરોચનની પુત્રી યશોધરા દ્વારા ઉત્પન્ન્ન થયેલા ચાર પુત્રોમાં એક ત્વષ્ટા પણ છે. ત્વષ્ટા અને વિરોચનની પુત્રી યશોધરા દ્વારા વિશ્વરૂપ અને વિશ્વકર્મા નામે બે પુત્રો જન્મ્યા હતા.

## ❋ ત્વષ્ટા અને વિશ્વકર્મા

વૈદિક સાહિત્યમાં ત્વષ્ટા અને વિશ્વકર્મા એ બંને દેવો વચ્ચેની ભેદરેખા સ્પષ્ટ છે. વૈદિક યુગમાં ત્વષ્ટા અને વિશ્વકર્મા તદન ભિન્ન દેવતા છે. બંનેના કાર્ય અંગે મતભેદ નથી. પરંતુ પુરાણ સાહિત્યમાં પરિવર્તન છે.

ઋગ્વેદમાં વિશ્વકર્માનું જે સર્જનનુ કાર્ય છે તે પુરાણોમાં બ્રહ્માને સોંપવામાં આવ્યુ છે. વજ્ર વગેરે આયુધોનુ નિર્માણ કરતા ત્વષ્ટાનું કાર્ય પુરાણોમાં વિશ્વકર્મા કરે છે. ત્વષ્ટા કયારેક વિશ્વકર્માના પર્યાય બની જાય છે. તો કયારેક દેવશત્રુ બની જાય છે.

ત્વષ્ટા આયુધ નિર્માણ સાથે સંલગ્ન દેવતા છે અને વિશ્વકર્મા સૃષ્ટિના સર્જન સાથે સંકળાયેલા છે. પુરાણ સાહિત્યમાં બંને દેવો વચ્ચેની ભેદરેખા અમુક બાબતે સ્પષ્ટ છે તો કેટલીક વાર તાદાત્મ્ય સધાયુ છે.

વિશ્વકર્મા એ ધર્મના પુત્ર વસુના પુત્ર છે. જયારે ત્વષ્ટા મરીચિપુત્ર કશ્યપના પુત્ર છે. વેદકાળ થી ત્વષ્ટાનું સર્જનકાર્ય પૌરાણિક કાળમાં વિશ્વકર્માને પ્રાપ્ત થયુ છે ત્વષ્ટા અને વિશ્કર્માના સ્વરૂપમાં પૌરાણિક યુગમાં અમુક પ્રકારનું પરિવર્તન થતા બંને દેવતાઓ વચ્ચે તાદાત્મય સાધવાથી બંને એક જ ગણતી પૌરાણિક પરંપરા ઉદભવી છે. આથી જ બંનેને પર્યાય ગણેલા છે. પરંતુ આ તાદાત્મ્ય સંપૂર્ણપણે થઈ શકયુ નથી. આથી જ બંનેને એકબીજાથી ભિન્ન વર્ણવતી પરંપરા પણ પુરાણોમાં સચવાઈ રહી છે. વિવધ પુરાણોમાં આ બંને પરંપરાઓ દષ્ટિગોચર થાય છે. તો કયારેક એક જ પુરાણ બંને પરંપરાને અનુસરતુ હોય એમ લાગે છે.

ત્વષ્ટા અને વિશ્વકર્મા બે શબ્દો એક જ દેવતાના બે ભિન્ન નામોલ્લેખ બની રહ્યા છે.

## ૧.૫ શિલ્પનો ઉદ્‌ભવ અને વિકાસ

શિલ્પ શબ્દ વાસ્તુશબ્દની જેમ વેદમાં વપરાયો છે. ત્યાં તેનો અર્થ વિશેષણ તરીકે વિવિધતા વાળો આકાર, વિભૂષણ વગેરે અર્થમાં વપરાયો છે. निघण्टु માં અધ્યાય ૨.૧ માં શિલ્પ ૨૬ કર્મ નામોમાં અને ૩-૭ માં ૧૬ રૂપ નામોમાં ગણાવ્યુ છે. શિલ્પના આ બે અર્થો ઉપરથી રૂપ અને રૂપ ઘડવાની ક્રિયા કે કલા અર્થો પ્રચારમાં આવ્યા છે.

ઐતરેય બ્રાહ્મણ[૮૯]માં કહ્યુ છે કે "દેવશિલ્પો" હોય છે. આ શિલ્પોની અનુકૃતિને અહિંયા શિલ્પ સમજવાનું છે. હાથી, કાસુ, વસ્ત્ર, ઘરેણા, સોનું, અશ્વતરી રથ વગેરે શિલ્પ છે.

આ ઉલ્લેખમાં મૂર્તિ, દર્પણ, વસ્ત્ર, ઘરેણા, રથ વગેરે ઘાટની કળાઓ માટે શિલ્પ શબ્દ વપરાયો છે.

ટીકાકાર **કાટયવેમ**[૯૦] शिल्पं कलाविद्या શિલ્પ એટલે કલ્પની વિદ્યા એમ સમજાવે છે. હેમચંદ્ર તો शिल्पं कलाविज्ञानं (રૂ. ૫૬૪) આમ, શિલ્પથી કલા અને વિજ્ઞાન બંનેનો સામાન્ય અર્થ સૂચવાય **છે ઘાટ આપવાની કલા** આ અર્થ વધારે યોગ્ય લાગે છે.

આ અર્થમાં તેમાં વાસ્તુનો પણ સમાવેશ થઈ જાય છે. વાસ્તુના ગ્રંથોને શિલ્પના ગ્રંથો પણ કહેવાય છે. જેમ કે શ્રી कुमारकृत शिल्परत्न. કૌશીતકિ બ્રાહ્મણ[૯૧]માં શિલ્પને ત્રણ પ્રકારનું કહ્યુ છે નૃત્ય, ગીત અને વાદિતને ગણાવ્યાં છે.

પ્રાચીનયુગમાં શિલ્પકળા ઘણા સાદા રૂપમાં હતી. ઘાંસ, વાંસ, કાષ્ઠ કે માટી જેવા અલ્પજીવી પદાર્થોનો ઋષિમુનિઓએ પર્ણકુટિઓની રચનામાં ઉપયોગ કર્યા હતો. આ યુગનું નામ માલણ કે છાજણયુગ અપાય છે. પછી **કાષ્ઠયુગ** બેઠો. તેમાં લાકડુ ઘડવાની કળા હસ્તગત કરી. કાષ્ઠઘડીને ઘરો બંધાવ્યા. આ યુગ પછી ભીની માટીના ચોસલા પકવીને ઈંટો બનાવવાની કળા હસ્તગત થઈ. માનવસભ્યતાના વિકાસ સાથે જ શિલ્પ – વિજ્ઞાનનો વિકાસ ક્રમશઃ થતો ગયો છે.

કાષ્ઠયુગ પછી પાષાણ યુગ આવ્યો. પાષાણનો પ્રયોગ પહાડોમાં ગુફા કોતરવાની પ્રથાથી શરૂ થયો શિલ્પીઓએ જડ પાષાણને સજીવરૂપ આપી પુરાણના કાવ્યને આબેહૂબ દેખાડયુ છે.

શિલ્પના ઉદ્‌ગમ અંગે પૌરાણિક વાતોમાં એક મનોરંજક કથા પણ છે. અપરાજિત સૂત્રસંતાન (અધ્યાય-૩૨) માં વિસ્તારથી આપેલી છે.

પૃથુ રાજાના ભયથી ત્રસ્ત થયેલી પૃથ્વી સૃષ્ટિકર્તા બ્રહ્માજીપાસે ફરિયાદ કરવા ગઈ. તે વેળા વિશ્વકર્મા ત્યાં જ બેઠા હતા. પૃથ્વીએ પોતાના પર થતા ત્રાસનું નિવેદન કર્યુ. તેથી બ્રહ્માજીએ રાજા પૃથુને બોલાવ્યા અને હકીકત પૂછી, પૃથુએ બ્રહ્માજીને પ્રાર્થના કરી ' હે જગન્નાથ ! આપે મને જગતનો સ્વામી બનાવ્યો પૃથ્વી પર તો ખાડા-ટેકરા, પર્વતાદિ છે તેથી વર્ણાશ્રમ ધર્મને યોગ્ય લાકોને વાસ માટે સમતલ પૃથ્વી બનાવ્યા વિના કેમ ચાલે ? મહારાજા પૃથુનુ નિવેદન શ્રવણ કરીને બંનેને નિર્ભય બતાવતા બ્રહ્માજી બોલ્યા " હે મહીપાલ ! આપ પૃથ્વીનું પાલન કરો, તો જ આ પૃથ્વી નિઃસંદેહ નિષ્પાપ બની તમારા તેમજ સમસ્ત પ્રાણીજાતિને ઉપભોગને યોગ્ય બનશે. તેમ વિશ્વકર્માનું બહુમાન

કરીને તેની સેવાસંપાદન કરો. તેઓ તમારા રાજયમાં ગામ નગરો વસાવશો માટે હે વત્સ ! તમે જાવ તમારુ કાર્ય કરો.હે પૃથ્વી, તુ ભય છોડીને રાજા પૃથુની પ્રિયકર બન.

હે વિશ્વકર્મા ! તમે પણ મહારાજાપૃથુના પ્રિય ઈચ્છિત કાર્ય કરો. આમ, પૃથુરાજાએ વિશ્વકર્માની સેવા સંપાદન કરી અને પૃથ્વીને શિલ્પસ્થાપત્યથી અલંકૃત કરી.

શિલ્પબનાવનાર શિલ્પી દુર્ગુણોથી રહિત તેમજ બુદ્ધિમાન, સર્વગુણ સંપન્ન હોવો જરૂરી છે જેથી શિલ્પનું મહત્વ જળવાઈ રહે .

## ૧.૫.૧ વાસ્તુનો ઉદ્‌ભવ અને વિકાસ

વાસ્તુવિદ્યા એ ભારતીય સ્થાપત્યકલાનું એક વિજ્ઞાન છે. ભવન નિર્માણની વિધિ વેદોમાં રહેલી છે. મૂળભૂત રૂપે આ શાસ્ત્રની ઉત્પતિ તેમજ તેના મૂળસ્વરૂપની જાણકારીનો મૂળ આધાર વેદ જ છે.

વાસ્તુ શબ્દનો અર્થ वसन्ति प्राणिनः यत्र [૧૨] અર્થાત્ જયાં પ્રાણીઓનો વાસ થાય છે તે વાસ્તુ વાસ્તોષ્પતિ નામક વિશિષ્ટ દેવની કલ્પના ઋગ્વેદના એક સૂત્રમાં નિરૂપાઈ છે. સાયણાચાર્ય વાસ્તોષ્પતિનો અર્થ ગૃહની રક્ષા કરનાર દેવ હોવાનું સૂચવે છે.

બીજો અર્થ સંસ્કૃત वस् ધાતુથી થયો છે જેનો અર્થ નિવાસ કરવો થાય છે વાસ્તુ શબ્દના પર્યાયમાં સ્થાપત્યનો પ્રયોગ પણ કરવામાં આવ્યો છે જે શબ્દ સ્થપતિથી બન્યો છે સ્થ ધાતુ મૂળ છે. જેનો અર્થ સ્થિર બેસવું તેવો થાય છે. ભવન પણ સ્થાન વિશેષ છે. અને તેનો નિર્માણ સંબંધી જ્ઞાનનો સંપૂર્ણ સ્વામી યા પતિ 'સ્થપતિ' કહેવાય છે.

અને તે અનુરૂપ સ્થપતિ દ્વારા બનાવવામાં આવેલી આ કલાને સ્થાપત્ય કલા કહેવાય છે.

જગતમાં પ્રત્યેક પ્રાણીને શીત-તાપ વર્ષાની પ્રાકૃતિક અગવડો સામે રક્ષાની આવશ્યકતા જણાઈ. આથી જ વાસ્તુવિદ્યાનો પ્રારંભ સ્થૂળ રૂપે આદિકાળથી થયેલો ગણાય.

પૃથ્વી પર વસનારા પ્રાણી જીવો ભૂમિ ખાદીને કોતરોમાં કરેલા દર અને પક્ષીઓએ વૃક્ષ પર બાંધેલા માળાની માફક માનવીએ ઘાસની પૂર્ણકુટી બનાવી, પર્વતોની ગુફાઓની શોધ કરી તેમાં વાસ કર્યો. આમ માનવ વિકાસની પછી સામૂહિક વાસનું ગ્રામ્ય સ્વરૂપ અને ત્યાર પછી નગર રૂપ થયેલ જોઈ શકાય છે. માનવ સંસ્કૃતિ અને સભ્યતાની સાથે - સાથે વાસ્તુનો વિકાસ પણ જોઈ શકાય છે.

વાસ્તુવિદ્યાનો ઉદ્‌ગમ અને વિકાસ વગેરે બાબતો તે માટેના ગ્રંથોમાં પૌરાણિક શૈલીએ આપ્યા છે. જેમ કે નાટયવિદ્યા, વેદ કે શાસ્ત્રનો ઉદ્‌ગમ ભરતનાટયશાસ્ત્રમાં આપેલા છે આ પૌરાણીક શૈલીમાં તે કલાના સ્વરૂપ, કાર્ય અને અંગોના નિરૂપણ સમાયા છે.

વાસ્તુવિદ્યાના ગ્રંથોમાં માનસાર પ્રમાણ ગ્રંથ છે. તેમાં વાસ્તુ રચના માટે ચાર પ્રકારના શિલ્પીઓ ગણાવ્યા છે. મનુષ્યાલયચંદ્રિકા માં ચાર પ્રકારના શિલ્પી બતાવ્યા છે.

स्थपतिः सूत्रग्राही तक्षकसंज्ञश्च वर्धकिः क्रमशः ।
स्वोचितकर्मणि दक्षा ग्राह्यास्ते कारवश्चतुर्धेति ।। [९३]

(૧) સ્થપતિ : સ્થાપત્યની સ્થાપનામાં પૂર્ણ યોગ્યતાવાળા સ્થપતિ (ચીફ એંજીનીયર)

(૨) સૂત્રગ્રાહી : સ્થપતિના ગુણને અનુસરનારો સ્થપતિનો પુત્ર કે શિષ્ય જેને શિલ્પીઓની ભાષામાં " સુતર છોડો " કહે છે. નકશા દોરનાર ' ડ્રાફટમેન ' (આર્કિટેકટ)

(૩) તક્ષક : સૂત્ર સમાન પ્રમાણને જાણનારો નાના મોટા પાષણ કાર્ય કરનાર / કરાવનાર

(૪) વર્ધકિઃ (૧) કાષ્ઠકાર્ય કરનાર વર્ધકી (૨) માટી કાર્યમાં નિપૂણ ગુરૂ ભકત વર્ધકિ જાણવો.

शास्त्रं कर्म तथा प्रज्ञाशीलं च क्रिययान्वितम् ।
लक्ष्यलक्षणं युक्तार्थन्शास्त्रनिष्ठो नरो भवेत् ।। [९४]

અર્થાત્ સ્થપતિ તે શાસ્ત્રજ્ઞ અને વ્યવહારિક કર્મમાં કુશળ હોવા જોઈએ. તેના માટે પ્રજ્ઞાવાન, શીલવાન હોવું આવશ્યક છે. આ બધા લક્ષણો સાથે જ વાસ્તુજ્ઞાન ધરાવતો હોવો જોઈએ.

'દીપાર્ણવ'માં પણ કહ્યું છે કે  તે ગુણવાન, શાસ્ત્રજ્ઞ, ગણિતજ્ઞ, ધાર્મિક, સદાચારી, ચારિત્ર્યવાન, મિષ્ટભાષી, અલોભી, ઘણા બંધુવાળો, નિરોગી, શારિરીક દોષ વગરનો વ્યસન રહિત, ચિત્ર રેખાના કર્મમાં પ્રવીણ સ્થપતિ હોવો જોઈએ.

ટૂંકમાં વાસ્તુકલાનો મુખ્ય પુઢષ એટેલે સ્થપતિ. જેને **સ્થાપનાધિપતિ** કહેવાય છે.

ભૂ-ભૂમિ એ જ મુખ્ય છે. તેમાં જે જે સર્જવામાં આવે પ્રાસાદાદિ તે વસ્તુના આશ્રયે રહેવાથી તે વાસ્તુ બને છે.

વાસ્તુના અર્થમાં ભવન, રાજપ્રાસાદો, દેવ પ્રાસાદો, સામાન્યગ્રહો, જળાશયો, નગર, દુર્ગ, દેશમાર્ગ, વિશ્રામ સ્થાન વગેરનો સમાવેશ થાય છે. વેદો, બ્રાહ્મણો, રામાયણ, મહાભારત, બૌદ્ધગ્રંથો, જૈન આગમો, સંહિતાઓ, વગેરેમાં વાસ્તુવિદ્યા નો ઉલ્લેખ મળે છે.

સ્થાપત્યકળા ભારતમાં બહુ જ પ્રાચીનકાળથી વિસ્તરતી ગઈ છે. ઈ.સ. પૂર્વે ૩૦૦૦ વર્ષથી ૧૫મી સદી સુધીના હજારો વર્ષ દરમિયાન રચાયેલ ગ્રંથોમાં વાસ્તુવિદ્યા સાથે જોડાયેલા ક્રિયાકાંડના વર્ણનો ગૃહ્યસૂત્રો, તંત્ર ગ્રંથો તથા વાસ્તુશાસ્ત્રના ગ્રંથોમાં જોવા મળે છે. વાયુ પુરાણ, માર્કંડેય પુરાણ મુજબ  મનુષ્ય પર્વત, શિખર પર વસતો હતો તેથી શરદી, ગરમી, વર્ષા અને ભૂખથી લોકો ત્રાહિત હતા. તેથી સમૂહ જીવન અર્થે દુર્ગમ જંગલો તથા પર્વતો પર કિલ્લા બાંધી, ગામ બાંધી ઘર બનાવી માનવીએ રહેવા માંડયુ.

માનવી જયારે કાષ્ઠઘરમાં રહેતો ત્યારે આ ઘરને વજ્રપાતથી બચાવવા માટ ઈન્દ્રની સ્તુતિ કરતા. વાયુની સ્તુતિ કરતા, ઘરમાં મૂકેલા સ્તંભોના આકાર પરથી તે સ્તંભનામ ચોરસનો, બ્રહ્મકાંડ, અષ્ટકોણીને વિષ્ણુકાંડ, ગોળને શિવકાંડ કહેતા.

આમ, વાસ્તુશાસ્ત્રનો પ્રાદુર્ભાવ વૈદિકકાળમાં થયો હતો. તેનો વિકાસ પુરાણોના સમયમાં સ્થિર થયો હતો. ત્યાર બાદ વાસ્તુશાસ્ત્રના આચાર્યોઓએ તેને અલગ શાસ્ત્રનું રૂપ આપ્યુ. પુરાણો, ચાર વેદો, ઉપવેદોમાંથી વાસ્તુશાસ્ત્રની ઉત્પતિ કહી છે. તેમાંય મત્સ્ય પુરાણની ગણના વિશેષ રૂપે થાય છે. આથી જ ભારતીય વિદ્વાનો, ઋષિ મુનિઓ, શુક્રાચાર્ય, બૃહસ્પતિ, મય, વિશ્વકર્મા દ્વારા રચિત ગ્રંથો તથા કૌટિલ્ય અર્થશાસ્ત્ર અને પુરાણોમાં પણ વાસ્તુશાસ્ત્રના સિદ્ધાંતોનો ઉલ્લેખ છે. વરાહમિહિર રચિત બૃહદ્સંહિતામાં તેના નિયમોનું પાલન થયેલું છે. ટૂંકમાં, વાસ્તુએ ઈશાન આદિ ખૂણાથી આરંભ કરીને ગૃહનિર્માણની એવી કલા છે કે જે ઘરમાં નિવાસ કરવાવાળા ને પ્રાકૃતિક વિઘ્ન, ઉત્પાતો અને ઉપદ્રવોથી બચાવે છે.

## ૧.૫.૨ વાસ્તુપ્રાદુર્ભાવ અંગેની કથા

મત્સ્યપુરાણ અધ્યાય – ૨૫૨માં (બસો બાવન)વાસ્તુપ્રાદુર્ભાવની વાત કરી છે.

સૂતે વાસ્તુશાસ્ત્રના ઉપદેશકો અથવા પ્રણેતાઓ તરીકે અઢારમુનિઓ કહ્યા છે. મત્સ્ય ભગવાને મનુને ટૂંકમાં વાસ્તુશાસ્ત્ર કહ્યુ છે તે ઉત્તમ વાસ્તુશાસ્ત્ર સૂત અને વાસ્તુ પ્રાર્દુભાવની કથા કહે છે.

એક વખત અંધક નામના રાક્ષસ અને મહાદેવનું યુદ્ધ થયું. યુદ્ધ દરમ્યાન મહાદેવના અંગમાંથી પરસેવો નોકળ્યો અને પૃથ્વી પર પડયો તેમાંથી એક કરાલ વિકરાળ મુખવાળુ ખદભૂત પ્રાણી પ્રકટયું હતું. પ્રકટતા જ તે પ્રાણી સાતે દ્વિપો સાથે આખીયે પૃથ્વી તથા આકાશને ગળી જવા તત્પર બન્યુ અને પૃથ્વી પર પડેલા અંધકના લોહીના બિંદુઓને પી ગયું છતાં તુપ્ત થયુ નહિ અને ભૂખથી વ્યાકુળ બની ત્રણે જગતનો આહાર કરવા માટે ઈચ્છવા લાગ્યુ અને મહાદેવનું તપ આદર્યુ કેટલાંક સમય પછી તેના તપથી પ્રસન્ન થયેલા ભૈરવે તેને કહ્યું તારી જે ઈચ્છા હોય તે માગ ત્યારે તે પ્રાણીએ કહયુ હે દેવાધિદેવ! ત્રણે લોકને ગળી જવાની મારામાં શકિત આવે તયારે શિવ તથાસ્તુ એમ કહ્યું. એટલામાં તે અદભૂત પ્રાણી પોતાના વિશાળ શરીરથી સ્વર્ગ, પૃથ્વી તેમજ આકાશને રૂધતું પૃથ્વી પર પડયું તયારે ભય પામેલા દેવતાઓ તેની પર ચારે બાજુથી ચડી બેઠા જેઓ તે પ્રાણીને જયાંથી દબાવીને બેઠા હતા. તેઓ ત્યાંજ પોતાના સ્થાન બનાવીને બેસીગયા બધા દેવાતાઓનાં નિવાસ હોવાને લીધે તે વાસ્તુના નામથી ઓળખાયુ અને તે વિચિત્ર પ્રાણીએ પ્રાર્થના કરી કે હું દબાયેલો નીચા મુખે લાંબો સમય કેવી રીતે રહીશ ?

એની વિનંતીથી બ્રહ્મા વગેરે દેવોએ કહ્યું. કે વાસ્તુશાંતિ વખતે મધ્યમાં જે બલિ આપવામાં આવશે તે આહાર તને જ મળશે, વાસ્તુશાંતિ માટે જે યજ્ઞ થશે તે પણ તને જ આહારરૂપે મળશે. યજ્ઞોત્સવના પ્રારંભમાં આપેલો બલિ પણ તને ભક્ષ્યરૂપે મળશે અને વાસ્તુપૂજા નહિ કરનારાઓ પણ તારા ભક્ષ્ય બનશે અને તેથી તે હર્ષ પામ્યું ત્યારથી લઈ લોકમાં શાંતિ માટે વાસ્તુયજ્ઞ ચાલુ થયો છે.

બ્રહ્માએ આ મહાપુઢષની રચના ભારદવા વદ ત્રીજ શનિવાર કૃતિકા નક્ષત્રમાં કરી.

तमेव वास्तुपुरूषह ब्रह्मा समसृजनत्भुः ।
कृष्णपक्षे तृतीयाता मासि भाद्रपदे तथा ।। [९५]

## ૧.૬ વાસ્તુપુરૂષ વિભાવના

### ૧.૬.૧.વાસ્તુપુરૂષની ઉત્પત્તિ

વાસ્તુશબ્દની ઉત્પત્તિ સંસ્કૃતના वस् ધાતુથી થઈ છે જેનો અર્થ છે વાસ એટલે કે સ્થાન કેટલાક વિદ્વાનો વસ્તુ શબ્દના પર્યાયને પણ વાસ્તુ કહે છે. જોકે વાસ્તુશાસ્ત્રની ઉત્પત્તિ પણ વાસ્તુપુરૂષ એટલે કાળ પુરૂષના કારણે જ થઈ છે. એટલા માટે શાસ્ત્રોમાં વાસ્તુદેવની અધોમુખી અને ઉર્ધ્વમુખી અવસ્થાને ધ્યાનમાં રાખીને ભવન, મકાન, વગેરે બનાવવાની પ્રેરણા આપી છે.

ભવનના પ્રમુખ દેવતા વાસ્તુપુરૂષ છે તે વેદોક્ત દેવ છે. ઋગ્વેદના સાતમાં મંડળમાં ૫૪ મા સૂક્તમાં વાસ્તોષ્પતિ દેવ કહ્યા છે.

વાસ્તુશાસ્ત્રના પ્રાચીનતમ ગ્રંથ 'વિશ્વકર્મા પ્રકાશ' માં દેવતાઓના શિલ્પી વિશ્વકર્મા કહે છે કે ત્રેતાયુગની વચ્ચેના સમયમાં એક અદભૂત પુરૂષ ઉત્પન્ન થયો અને જેણે ઉત્પન્ન થતાની સાથે જ પોતાના શરીરથી સંપૂર્ણ ભુવનને વ્યાપ્ત કરીને સૂઈ ગયો. બ્રહ્માએ આ પુરૂષની રચના કરી તે દિવસ વ્યતિપાત હતો, વિષ્ટિકરણ હતું. ભદ્રાઓની વચ્ચે અને કુલિકયોગમાં જન્મેલાં તે પરાક્રમી પુરૂષે ઘોર અવાજ કરતાં બધાંને ભયભીત કરી દીધા.

તે આશ્ચર્યને જોઈને ઈન્દ્રાદિ બધાં દેવતાઓ ભયભીત થઈને બ્રહ્માજીના શરણમાં ગયા ત્યારે બ્રહ્માજી બોલ્યા :

"હે દેવતાઓ ! ભય ન પામો ! આ મહાબલી પુરૂષના સંગનો વિરોધ ન કરો પરંતુ તેને ઊંધા માથે પાડીને શંકારહિત થઈ જાવ ત્યારે બધા દેવતાઓ મળીને તે પુરૂષને અધોમુખ પાડીને તેના ઉપર બેસી ગયા ત્યારે તે પરાક્રમી પુરૂષે કહ્યુ :

હે પ્રભુ ! આ જગત આપે રચ્યું છે હવે હું દેવતાઓ પ્રતિ શું કહું ? આગળ મારા માટે સો આદેશ છે ? બ્રહ્માજીએ પ્રસન્ન થઈ તે વાસ્તુપુરૂષને કહ્યું,

"તું આ પ્રકારે દેવતાઓના સાનિધ્યમાં ભૂમિની નીચે દબાઈને રહે, હવેથી દરેક શુભ કાર્યોમાં ગ્રામ, નગર, દુર્ગ, પ્રાસાદ, મકાન, જલાશય, ઉદ્યાન નિર્માણમાં તારી પૂજા જરૂરી બનશે અને જે પૂજા નહિ કરે તે મનુષ્ય અધોગતિને પામશે."

### વાસ્તુપુરૂષ એટલે શું ?

હિન્દુ ધર્મશાસ્ત્ર અનુસાર પાંચ તત્વો છે.

તે દરેકના બે સ્વરૂપો છે એક સ્થૂળ અને બીજુ સૂક્ષ્મ સ્વરૂપ જેમ કે પાણી (૧) જેનાથી આપણે નાહીએ છીએ તે સ્થૂળ બીજુ સૂક્ષ્મ સ્વરૂપ છે (૨) જેને આપણે જળદેવ કહીએ છીએ ગંગા કે યમુના નદીનું પણ એક સૂક્ષ્મ તન સ્વરૂપ છે.

આમ, જે રીતે સમગ્ર નગરનું સૂક્ષ્મ ચેતન સ્વરૂપ હોય છે. તે જ રીતે ભૂખંડ પર જે ઘર (વાસ્તુ) કે મકાન બનાવવામાં આવે છે. તે માટી, ઈંટ, ચૂના કે પથ્થરનું જણાય છે પરંતુ તે ઘરનું સૂક્ષ્મ ચેતન સ્વરૂપ હોય છે જેને વાસ્તુ પુઢષ કહેવાય છે.

## ૧.૬.૨ વાસ્તુપુઢષ અને વાસ્તુ પીઠ

કર્મકાંડમાં વાસ્તુપુઢષની પૂજા હેતુ ભિન્ન પ્રકારની વાસ્તુપીઠોની સ્થાપનાનું વિધાન છે. જેટલી જમીન પર ઘરનું નિર્માણ કરવાનું હોય તો તેટલી જ જમીનમાં વાસ્તુપુઢષની કલ્પના કરવામાં આવે છે. તે રીતે એક પદથી લઈ હજાર પદવાળા વાસ્તુની પૂજા થાય છે.

ગામ વસાવવું હોય ત્યારે, રાજમહેલ બનાવતી વખતે ૬૪ પદનો વાસ્તુ પૂજા કરવી જોઈએ ઘર માટે ૮૧ પદ, જીર્ણોદ્ધાર માટે ૪૯, સર્વ પ્રકારના પ્રાસાદ અને મંડપો માટે ૧૦૦ પદનું વાસ્તુ પૂજન તથા કુવા, તળાવ અને જલાશય માટે ૧૪૪ અથવા ૧૯૬ પદનું વાળા વાસ્તુ પીઠનું પૂજન કરવું જોઈએ.

દુર્ગની પ્રતિષ્ઠા, નગર નિર્માણ, નવરાત્રિ, યજ્ઞ સમયે મોટા પ્રાસાદ, દેશનિર્માણ, રાજધાની અને સિદ્ધ (મોટા) શિવલિંગની પ્રતિષ્ઠાના સમયે હજાર પદવાળા વાસ્તુની પૂજા કરવી જોઈએ.

## ૧.૬.૩. વાસ્તુપુઢષના અંગો અને દેવો

શ્રીમદ્ભગવદ્ગીતામાં વિરાટપુઢષની વાત કરી છે. જેના જુદા જુદા અંગોમાં જુદા જુદા વર્ણના લોકો અને સ્વર્ગ, પૃથ્વી, પાતાળ વગેરેની કલ્પના કરવામાં આવી છે.

વાસ્તુપુઢષનું માથુ મકાનના ઈશાન ખૂણામાં છે પગ નૈઋત્યખૂણામાં છે, જ્યોતિષશાસ્ત્ર પ્રમાણે મસ્તક પર ગુરૂનો પ્રભાવ છે. હાથ અને પગનાં સાંધાઓ અગ્નિ અને વાયવ્ય ખૂણામાં છે.

| | | |
|---|---|---|
| મસ્તક | : | ઈશ, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ |
| હૃદય | : | આપવત્સ, સૂર્ય |
| નાભિ | : | બ્રહ્મા |
| જમણા કાન | : | પર્જન્ય |
| ડાબો કાન | : | દિતિ |
| જમણી ભુજા | : | ઈન્દ્ર, સૂર્ય વગેરે |
| ડાબી ભુજા | : | નાગ આદિ દેવતાઓ જેમ કે, કુબેર, નાગ વગેરે |
| જમણો હાથ | : | સવિતા (સૂર્ય) ગાયત્રી |
| ડાબો હાથ | : | રૂદ્ર |

| | | |
|---|---|---|
| સાથળ | : | મૃત્યુદેવ |
| ઈન્દ્રિય | : | પ્રજાપતિ, જળદેવ |
| જમણુ ઢીંચણ | : | અગ્નિ |
| ડાબો ઢીંચણ | : | રોગ |
| જમણા પગની નળી | : | પાપયક્ષ્મા, અસુર |
| ડાબા પગની નળી | : | પૂષા, વિનય, યમ, ગંધર્વ, મૃગ |
| પગની પાની | : | પિતૃ |
| જમણો ખંભો | : | જય |
| ડાબો ખંભો | : | અદિતિ |

**બ્રહ્મા સ્થાન :-**

૬૪ પદવાળા વાસ્તુમાં વચ્ચેના ચાર પદ બ્રહ્માના હોય છે. ૮૧ પદ વાસ્તુમાં નવ પદમાં બ્રહ્મા બેસે છે. ૧૦૦ પદ વાળામાં ૧૬ પદ બ્રહ્માનાં, ૧૪૪ પદ વાળા વાસ્તુમાં ૨૪ પદ બ્રહ્માનાં, ૧૬૯ પદ વાળા વાસ્તુપીઠમાં ૨૫ પદબ્રહ્માના, ૧૯૬ પદવાળા વાસ્તુમાં ૩૨ પદ બ્રહ્માનાં તથા ૧૦૦૦ પદ વાળા વાસ્તુપીઠમાં ૧૦૦ પદ બ્રહ્માના હોય છે. બ્રહ્માનું સ્થાન મકાન મધ્યમાં હોય છે.

## ૧.૬.૪ વાસ્તુપુઢષની આકૃતિ [૯૬]

'વાસ્તુપ્રસાર' નામના ગ્રંથની પ્રસ્તાવનામાં વાસ્તુપુઢષની આકૃતિ જોવા મળે છે.



## ૧.૬.૫ વાસ્તુપુઢષની પૂજા

ઘર નિર્માણના આરંભ પૂર્ણ થયા પછી ગૃહ પ્રવેશના સમયે વાસ્તુપૂજન કરવું જોઈએ.

આ ઉપરાંત યજ્ઞોપવીત, વિવાહ, જીર્ણોદ્ધાર, તૂટેલા મકાનને બનાવ્યા બાદ, વિજળી, અગ્નિથી બળેલા મકાનને બનાવતી વખતે, જ ઘરમાં જંગલી જાનવર, બિલાડી ગર્જના કરતા હોય, કબૂતરોનો નિવાસ હોય, સ્ત્રીઓ લડતી હોય, રૂદન કરતી હોય, અનેક રીતના ઉત્પાતથી દૂષિત ઘરમાં વાસ્તુશાંતિ કરાવવી જોઈએ. એટલું જ નહિ પુત્ર જન્મ, યજ્ઞના પ્રારંભમાં પણ વાસ્તુશાંતિ કરાવવી જોઈએ.

વાસ્તુપુઢષે દરેક મકાનનો સંરક્ષક છે. વાસ્તુપુઢષના મોઢામાંથી હંમેશા તથાસ્તુ નીકળતું રહે છે. તેથી અભદ્ર યા દુર્વચન બોલવુ જોઈએ નહી. શુભ – શુભ બોલવું જોઈએ. નૈવેદ્ય રોજ ન ધરાવાય તો અમાસ કે પૂર્ણિમાના દિવસે વાસ્તુપુઢષને નૈવેદ્ય ધરાવવો જોઈએ. જમીન પર થાળમાં નૈવેદ્ય ધરાવવાનો છે.

નૈવેદ્ય ધરાવ્યા બાદ ઘરની પ્રમુખ વ્યકિત તે થાળી પ્રસાદ સમજી ખાય તેનાથી સુખ-શાંતિ થાય છે.

## ૧.૬.૬ વાસ્તુપુઢષનું મહત્ત્વ

ભવનનિર્માણમાં વાસ્તુપુઢષનું મહત્વ છે. વાસ્તુપુઢષ એક છે તેને ભવન નિર્માણની યોજના બનાવતી વખતે વિભિન્ન પ્રકારે કલ્પવામાં આવે છે.

જેવી રીતે માનવ શરીરના વિભિન્ન અવયવોમાં મૂર્ધા, શીર્ષ, કટિ, મુખ, જાનુ, પાદ, અનુશિરા, કેશ, નાડી વગેરે હોય છે. તેવી જ રીતે વાસ્તુપુઢષમાં તેની કલ્પના કરવામાં આવે છે. જયાં નિવાસ યોગ્ય છે અને અયોગ્ય છે તે નકકી છે. કોમળ સ્થાનો પર નિવાસ યોગ્ય નથી. તેથી તે ત્યાજય છે. તે કારણથી જ ભવન નિર્માણ કરતી વખતે તે સ્થાન ખુલ્લુ રાખવું જોઈએ.

ભૂખંડમાં કયો ભાગ કયા દેવતા વિશેષ પદ પર બિરાજમાન છે. તેનું સંપૂર્ણ જ્ઞાન વાસ્તુપુઢષના ચિત્રથી સ્પષ્ટ થાય છે જેમકે વાસ્તુપુઢષનું માથુ છે ત્યાં જુતાનું સ્થાન યા તો પાયખાનું રાખીએ તો દુષ્પરિણામ આવી શકે છે. સંતાન, નિષ્ઠુર થાય છે.

વાસ્તુશાંતિના સમયે વાસ્તુપુઢષની પ્રતિમા મકાનની પૂર્વદિશામાં ઉચિત સ્થાન પર વિધિપૂર્વક સ્થાપિત કરાવમાં આવે છે. વાસ્તુપુઢષ તેની દિશા બદલતા રહે છે. દરેક ત્રણ મહિને તે પોતાની દિશા બદલે છે.

આમ, વાસ્તુશાસ્ત્ર આપણી સંસ્કૃતિ, રીત, રિવાજ અને આપણી રહેણી – કરણી, ધર્મ સાથે જોડાયેલ છે. જેથી લોકોને આ પ્રમાણે અનુસરવાનું સુગમ અને સરળ પડે.

## ૧.૭. ભૂખંડ પર ભવન નિર્માણ

## ૧.૭.૧. વાસ્તુપદમંડળની આકૃતિ[૧૭] નીચે મુજબ છે.




| | |
|---|---|
| બ્રહ્માના ચાર પદ | गामे भूपति मंदिरे च नगरे पूज्यः चतुःषष्ठिके |
| બ્રહ્માના નવ પદ | एकाशीति पदैः समस्त भवने । |
| બ્રહ્માના સોળ પદ | प्रसादे तु शातांशकैः तुं सकले पूज्यः तथा मण्डपे । |
| બ્રહ્માના ચોવીસ પદ | कुआं, बावडी तथा सरोवर निर्माण |

બ્રહ્માના બત્રીસ પદ          તાલાબ નિર્માણ

ઉપર્યુકત વાસ્તુ પદની જેમ અલગ – અલગ નિર્માણના વાસ્તુપદમંડળ બને છે.

## ૧.૭.૨ દિશાઓ

વાસ્તુશાસ્ત્રમાં દિશા – વિદિશાના દેવતાઓ તથા તેમના આધિપત્યમાં આવતી બાબતોનો ઉલ્લેખ છે જ અને જે તે દિશામાં અને તે દિશામાં આધિપત્યમા આવતાં પદાર્થો, કાર્યો, વાસ્તુઓનો સારો વિકાસ થાય અથવા સારી સફળતા જોવાય જ આ બાબતમાં આપણું વાસ્તુશાસ્ત્ર ઉપરાંત ધર્મશાસ્ત્રો, કર્મકાંડ, મંત્રશાસ્ત્રો વગેરે પણ કહે છે કે કેવા કાર્ય માટે પદાર્થો માટે, કઈ દિશા અથવા ખૂણો સારો ગણાય. આ અનુસાર મનુષ્ય ભવનનિર્માણ કરીને સુખ – સમૃદ્ધિ, આરોગ્યવૃદ્ધિ માનસિક શાંતિની સાથે સુખમય જીવન વ્યતીત કરી શકે.

રાજવલ્લભમાં તેમજ વાસ્તુશાસ્ત્રને લગતા ગ્રંથોમાં દિશા અને કોણોનું જ્ઞાન પ્રાપ્ત થાય છે.

પ્રાતઃ કાળ સૂર્યની સન્મુખ ઉભા રહેવાથી સામે પૂર્વ જમણા હાથની બાજુ દક્ષિણ – ડાબા હાથની બાજુ ઉતર અને પીઠના ભાગે પશ્ચિમ દિશા હોય છે.

કોણ :- પૂર્વ અને દક્ષિણ દિશાનો મધ્યભાગ અગ્નિખૂણો કહેવાય છે.

દક્ષિણ અને પશ્ચિમ દિશાના મધ્યભાગ નૈઋત્ય કોણ કહેવાય છે.

પશ્ચિમ અને ઉતર દિશાના મધ્યભાગને ઈશાનકોણ કહેવાય છે.

ઉતર અને પૂર્વદિશાના મધ્યભાગને ઈશાનકોણ કહેવાય છે.

એક દિશા ઉપર આકાશની બાજુ તથા એક દિશા પૃથ્વીની બાજુ હોય છે.

કઈ દિશામાં દ્વાર અને કક્ષોનું નિર્ધારણ કરવાનું છે તેના માટે પહેલા દિશાજ્ઞાનની આવશ્યકતા હોય છે.

## ૧.૭.૩ આઠે દિશાઓનું મહત્ત્વ

જે આઠ દિશા પર વાસ્તુશાસ્ત્રની નીવ ટકી છે. તે વાસ્તુશાસ્ત્રનું મહત્વ સમજવું જરૂરી છે. તેની સાથે તેનું આધ્યાત્મિક મહત્ત્વ પણ છે. વાસ્તુશાસ્ત્રી દિશાઓ અનુસાર રૂમ, બેઠક, રસોઈ, સ્નાનગૃહ વગેરેના નિર્માણની સલાહ આપે છે.

➢ પૂર્વ દિશા વંશ સ્વામી કહેવાય છે. ભવન નિર્માણમાં પૂર્વ દિશાનો કેટલોક ભાગ ખુલ્લો છોડવો જોઈએ. જેનાથી વંશ સ્વામીની લાંબી ઉમર થાય છે.

➢ પશ્ચિમ દિશા યશ, કીર્તિ, સંપન્નતા, સફળતાનું પ્રતીક છે.

➢ ઉત્તર દિશા માનુ સ્થાન છે. તે ધન-ધાન્ય, સુખ-શાંતિ અને પસન્નતા આપવાવાળી દિશા છે.

➢ ઈશાનમાં કોઈ દોષ ન હોવો જોઈએ ઈશાન વંશવૃદ્ધિ અને સ્થાયિત્વ પ્રદાન કરે છે.

➢ વાયવ્ય અન્ય વ્યકિતઓની સાથે પરસ્પર સંબંધ નિયંત્રિત કરે છે. જે દોસ્તીથી દુશ્મની સુધી પહોંચી શકે છે.

➢ અગ્નિખૂણો ગરમ હોવાથી મનુષ્યને સ્વાસ્થ્ય પ્રદાન કરે છે. પરંતુ દોષપૂર્ણ હોય તો તે ગૃહસ્વામીને ક્રોધી સ્વભાવનો બનાવે છે.

ભવન નિર્માણ વખતે એ પૂરૂ ધ્યાન રાખવું જોઈએ કે ખોદવાની શરૂઆત કરવાથી લઈને ભવન પર છત કરવા સુધી ભૂખંડની બધી દિશાઓનો ખૂણો ૯૦ અંશ ખૂણા પર જ રહે છે ત્યારે નિર્માણ કર્તાને વાસ્તુવિદ્યાના સર્વોતમ શુભ પરિણામ પ્રાપ્ત થઈ શકે છે.

ભવનનિર્માણમાં દિશાઓનું મહત્વ છે. તેવી રીતે ખૂણાઓનું પણ છે. તેથી હાનિલાભનું પરિણામ બે ગણું પ્રાપ્ત થાય છે. આથી ભૂખંડનો કોઈ ખૂણો વિકૃત કપાયેલો, તૂટેલો, કે વધેલો ન હોવો જોઈએ.

## ૧.૭.૪. દિશા સંબંધી દેવતા

| | દિશા | સ્વામી | ગ્રહોનું દિશાઓમાં સ્થાન |
|---|---|---|---|
| ૧ | ઉતર | કુબેર | બૃહસ્પતિ |
| ૨ | દક્ષિણ | યમ | ભૌમ |
| ૩ | પૂર્વ | ઈન્દ્ર, સૂર્ય | શુક્ર |
| ૪ | પશ્ચિમ | વરૂણ | શનૈશ્ચર |
| ૫ | ઉતર - પૂર્વ (ઈશાન) | સોમ, શિવ | બુધ |
| ૬ | પૂર્વ-દક્ષિણ (આગ્નેય) | બ્રહ્મા (અગ્નિ) | ચન્દ્રમા |
| ૭ | દક્ષિણ-પશ્ચિમ (નૈઋત્ય) | નિઋતિ | રાહુ |
| ૮ | ઉતર-પશ્ચિમ (વાયવ્ય) | વાયુ | કેતુ |
| ૯ | આકાશ (ઉર્ધ્વદિશા) | બ્રહ્મા | દિશાની મધ્યમાં |
| ૧૦ | પૃથ્વી (અધોદિશા) | અનન્ત | સૂર્યનું સ્થાપન |

## ૧.૭.૫ જન્મરાશિ અને દિશાઓ

### શુભ કર્તા

મેષ - પૂર્વબલી, વૃષભ - દક્ષિણબલી, મિથુન - પશ્ચિમબલી, કર્ક - ઉતરબલી, સિંહ -

પૂર્વબલી, કન્યા – દક્ષિણબલિ, તુલા – પશ્ચિમબલી, વૃશ્ચિક – ઉત્તરબલી, ધન – પૂર્વબલી, મકર – દક્ષિણબલી, કુંભ – પશ્ચિમબલી, મીન – ઉત્તરબલી ગણાય છે.

## અશુભ કર્તા

મેષ રાશિએ ઉતરમાં વૃષભ અને મિથુનને મધ્યમાં કર્કએ નૈઋત્યમાં, સિંહને ગામના મધ્યભાગમાં, કન્યાને દક્ષિણ, તુલાને વાયવ્યમાં, વૃશ્ચિકને – પૂર્વમાં, ધનને – પશ્ચિમમાં, મકરને – ગામના મધ્યભાગમાં, કુંભને ઈશાનમાં, મીનને અગ્નિકોણમાં નિવાસ કરવો જોઈએ નહિ. ને દિશા કોણ જે તે રાશિ માટે અશુભગણાય છે.

વર્ગ :- દરેક દિશા અમુક અક્ષર યાને વર્ગ માટે શુભ ગણાય છે

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| अ | વર્ગ | अ आ इ ई उ ऋ ॠ ॡ ए ऐ ओ औ अं अः | | | | |
| क | વર્ગ | क | ख | ग | घ | ङ |
| च | વર્ગ | च | छ | ज | झ | ञ् |
| ट | વર્ગ | ट | ठ | ड | ढ | ण |
| त | વર્ગ | त | थ | द | ध | न |
| प | વર્ગ | प | फ | ब | भ | म |
| य | વર્ગ | य | र | ल | व | |
| श | વર્ગ | श | ष | स | ह | |

આ વર્ગ માટે પૂર્વ શુભ

| | | |
|---|---|---|
| क | વર્ગ માટે | અગ્નિકોણ શુભ |
| च | વર્ગ માટે | દક્ષિણકોણ શુભ |
| ट | વર્ગ માટે | નૈઋત્યકોણ શુભ |
| त | વર્ગ માટે | પશ્ચિમકોણ શુભ |
| प | વર્ગ માટે | વાયવ્યકોણ શુભ |
| य | વર્ગ માટે | ઉતર કોણ શુભ |
| श | વર્ગ માટે | ઈશાનકોણ શુભ |

અમુક ખાસ તિથિ, નક્ષત્ર, લગ્ન, વાર, સૂતેલી પૃથ્વીની તથા ગોચર ખાતમુહૂર્તો, શિલાન્યાસનો ખૂણો, વગેરે ગોચર સૂર્યરાશિના આધારે નકકી કરવાથી સુખ મળે છે.

**ગ્રહોની દિશા**

| | | |
|---|---|---|
| સૂર્ય | :- | પૂર્વ દિશા |
| ચંદ્ર | :- | પશ્ચિમ વાયવ્યકોણ |
| મંગળ | :- | દક્ષિણ |
| બુધ | :- | ઉતર |
| ગુરૂ | :- | ઈશાન |
| શુક્ર | :- | અગ્નિખૂણો |
| શનિ | :- | પશ્ચિમ |
| રાહુ | :- | નૈઋત્ય |
| કેતુ | :- | ઈશાન |

## ૧.૭.૬ ઘર આંગણું દ્વાર યોજના

દરેક ઘરને, પ્લોટને, આંગણ હોય છે. અગાઉના સમયમાં ઘરના વાડાની સામે ખાલી જગ્યા પડી રહેતી તેને આંગણું કહેતા આજના સમયમાં પ્લોટનાં દષ્ટિકોણથી જોતા પ્લોટમાં ઘરની સામેની જે ખુલ્લી જગ્યા હોય છે તે આંગણા તરીકે વપરાય છે.

કુલ નવ પ્રકારના આંગણાના અલગ – અલગ ગુણધર્મો છે. આંગણાની લંબાઈ અને પહોળાઈનો ગુણાકાર કરી જેટલા ચોરસફુટ ક્ષેત્રફળ આવે તેનો ૮ વડે ગુણાકાર કરી ૯ વડે ભાગાકાર કરવો જે જવાબ આવે તેનાં ક્રમાનુસાર નીચે મુજબ નામ આપવામાં આવ્યા છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) | તસ્કર | (૨) | ભોગી | (૩) | વિચક્ષણ |
| (૪) | દાતા | (૫) | નૃપતિ | (૬) | નંપુસક |
| (૭) | કુબેર | (૮) | દરિદ્ર | (૯) | ભયદાતા |

વિવિધ પ્રકારના આંગણાની ઉપરોકત નામાવલી આપમેળે જ પોતાના ગુણધર્મો દાખવે છે. સંસ્કૃતગ્રંથોમાં આંગણા માટે 'मण्डल' શબ્દ પણ વપરાયો છે.

મુખ્યદ્વાર એક અગત્યનું અંગ છે. સ્વસ્થ જીવનની ચાવી છે. જેના માધ્યમથી જ ઘરમાં પ્રાકૃતિક વાયુ, પ્રકાશ અને અનુકૂળ કિરણોનો પ્રવેશ થાય છે. ઘરમાં અનુકૂળ ચુંબકીય કિરણોને પ્રાપ્ત કરવા ભારતીય ઋષિમુનિઓને ભરપુર શોધ કરી જેનાથી લોકો શાંતિપૂર્ણ જીવન જીવી શકે.

ઉત્તરદિશા અથવા પૂર્વ દિશામાં જ મુખ્ય દ્વાર બનવુ જોઈએ મુખ્ય દ્વારની પસંદગી કરવા માટે ભવનની ચારેય દિવાલોને ૯ – ૯ બરાબર ભાગોમાં વહેંચી અને દ્વારની પસંદગી કરો વિભિન્ન

દિશાઓમાં ભૂખંડનું મૂખ હોવાને કારણે કઈ દિશામાં મુખ્ય દ્વારા તથા અન્યદ્વાર બનાવવા જોઈએ એનું વિવરણ થયેલુ છે.

- ➢ જો ભવન પૂર્વ દિશામાં ઉન્મુખ હોય તો ભવનનું મુખ્ય દ્વાર વચોવચ બનાવવું જોઈએ.

- ➢ જો ભૂખંડ પશ્ચિમ દિશા તરફ ઉન્મુખ હોય તો ભવનમાં મુખ્ય દ્વારા નૈઋત્યકોણ અથવા દક્ષિણ પશ્ચિમ અને પશ્ચિમ વચ્ચોવચ બનાવવું જોઈએ.

- ➢ જો ખૂખંડ ઉતર દિશાની તરફ ઉન્મુખ હોય તો ભવનમાં મુખ્ય દ્વાર ઉતર પશ્ચિમ એટલે વાયવ્યકોણ તથા ઉતર દિશાની મધ્યમાં બનાવવુ જોઈએ.

- ➢ જો ભૂખંડ દક્ષિણ દિશાની તરફ મુખવાળુ હોય તો ભવનમાં મુખ્ય દ્વાર દક્ષિણપૂર્વ એટલે કે આગ્નેયકોણ દક્ષિણ દિશાની વચ્ચે બનાવવુ જોઈએ. આ માટે વાસ્તુપુઢષની આકૃતિ પ્રમાણે આયોજન કરવું જોઈએ.

## ૧.૮. વાસ્તુશાસ્ત્ર સબંધી આધુનિક ચિંતન

## ૧.૮.૧ ફેંગશૂઈ

ભૌતિક જગતમાં પંચતત્વો એટલે કે પંચમહાભૂતોથી જે પ્રમાણે વાસ્તુશાસ્ત્રની સંરચના થઈ છે. ઠીક એ જ પ્રકારે ચીન જેવા પ્રાચીન દેશમાં પણ આજ સુધી સ્થાપત્યને મળતી આવતી પદ્ધતિથી ફેંગશૂઈ સ્થાપત્યને ૯૦ – ૯૫ ટકા સુધી અપનાવવામાં આવે છે. ચીનની પ્રાચીન મહાનગરી બેજીંગ હોંગકોંગ, સિંગાપુરની સિવાય સમસ્ત દક્ષિણ પૂર્વી એશિયામાં ચીની વાસ્તુકલા ફેંગશુઈનું જ સામ્રાજય છે. આધુનિક યુગમાં પણ ચીની જનતા જો પોતાનું પાકૂ મકાન બનાવે કે પછી સરકારી ભવન, ફેકટરી, હોટલ, દૂકાન કોઈ પણ કોમર્શીયલ આધારભૂત સંરચના ફેંગશૂઈ નામના સ્થાપત્યથી જ નિર્માણ સામગ્રીની પસંદગી કરે છે.

ફેંગશૂઈનો શબ્દશઃ અનુવાદ છે હવા અને પાણી. માનવીય જીવનમાં પ્રાપ્ત થવાવાળા યશ–અપયશને પૃથ્વીની શકિતઓ સાથે જોડે છે સમૃદ્ધિ, આરોગ્ય અને દૈવ આ ત્રણે વાતો પૃથ્વીથી પ્રાપ્ત થવાવાળી હવા અને પાણી સાથે જોડાઈ છે. તેનાથી "વૈશ્વિક પરિબળોમાં સંતુલન અને સંવાદિતા" થાય છે.

ફેંગશૂઈ બેસવાની જગ્યાથી માંડીને મોટી મોટી વસ્તુ સાથે સબંધિત છે. ચીની લોકોના મત મુજબ જો આપણે વસ્તુની આજુબાજુની જગ્યામાં પરિવર્તન કરી નાખીએ તોજ આપણે જીવન બદલી શકીએ છીએ. ફેંગશૂઈનો મૂળ ઉદેશ્ય છે વસ્તુની આજુબાજુનું પરિસર બદલીને પ્રકૃતિ સાથે તેની સમાનતા જોડવી. ફેંગશૂઈના પ્રકૃત્તિ અને માનવમાં સુસંગતા સાધવાની પગદંડી છે. દુનિયાની અદશ્ય પ્રાકૃતિક શકિત, વૈશ્વિક કિરણનો પ્રભાવ આપણા ભાગ્ય પર પડે છે. પ્રકૃતિ દરેક પરિવર્તનમાં સાથ આપે છે અને તેનો પ્રભાવ માનવ પર પણ દષ્ટિગોચર થાય છે.

ફેંગશૂઈ વાસ્તુકલા આપણને એ વાતનો નિર્દેશ આપે છે કે કેવી રીતે એક ભૌતિક વાતાવરણ આપણા ઉપર પ્રભાવ નાખે છે. તેમાં કેવા પ્રકારે પરિવર્તન કરીને એને અનુકૂળ બનાવીને આપણે

આપણાં જીવનમાં પરિવર્તન લાવી શકીએ છીએ ?

## ૧.૮.૨.ચાઈનીઝ અભિગમના સિદ્ધાંતો

➢ સારા પરિણામો મેળવવા માટેનું યોગ્ય વાતાવરણ ઉભુ થાય તે માટે મકાનની અંદરની વસ્તુઓને ખાસ પદ્ધતિથી ગોઠવવી.

➢ ફેંગશૂઈમાં જળ અને વાયુની ઉર્જા શકિતઓને વધુ મહત્વ અપાય છે અને તેથી જ પૃથ્વી તથા આકાશ તત્વ ઉપર ભાર મૂકવામાં આવે છે.

➢ કુદરતી જ જે પર્યાવરણને બદલી ન શકાય અને જો તેની ખરાબ જ અસર થતી હોય તો અકુદરતી અથવા બનાવટી કે આભાસી વસ્તુઓથી તેમાં ફેરફાર કરવા.

➢ પાણીના ફુંવારા, બાગબગીચા, ગાર્ડન, લોન વગેરે પર ભાર મૂકાય છે. જેથી ત્યાં રહેનારનું મન આનંદ ઉલ્લાસથી ભરપૂર રહે છે

➢ ફેંગશૂઈની માન્યતા છે કે ઘર, દુકાન, કારખાના કે ઓફિસની વસ્તુઓની ગોઠવણી ઉપર જ માણસનું ભાગ્ય અવલંબે છે.

➢ ચાઈનીઝ વાસ્તુશાસ્ત્રમાં ઈન અને યાઁગ નામની બે શકિતઓને પણ વર્ણવાય છે. આ બેમાંથી એક પોઝીટીવ અને બીજી નેગેટીવ છે અને તે બન્ને સમયે-સમયે ઉપયોગી પણ છે. ઈન શકિત સ્ત્રીલિંગ અને યાઁગ પુલ્લિંગ હોઈ એકબીજાના પૂરક, સહાયક છે.

➢ ફેંગશૂઈને સિદ્ધ કરવા માટે આધ્યાત્મિક વિચારોનો પણ ઉપયોગ કરવો પડે તેને સિદ્ધ કરવા અંકશાસ્ત્ર કે ગ્રહો સાથે, જયોતિષ સાથે તેને સરખાવવું પડે છે.

➢ ઈન અને યાઁગ શકિતની અધિકતા અથવા ન્યૂનતાના આધારે માણસના વાણી - વર્તન વિચારો વગેરે બાબત પણ કહેવામા આવે છે.

## ૧.૮.૩ ફેંગશૂઈ અને વાસ્તુશાસ્ત્રની સરખામણી

### ✵ વસ્તુની ગોઠવણી

વાસ્તુશાસ્ત્રમાં આંતરિક સજાવટ અને તેની ગોઠવણીનો ઘણા વિસ્તારથી ઉલ્લેખ કર્યો છે. પરંતુ નાના મકાનમાં આ શકય નથી ખેર, તેના ઉપાય ગ્રંથના અંતમાં આપેલો જ છે. પરંતુ ફેંગશૂઈમાં આવી કોઈ વ્યવસ્થા જ નથી.

### ✵ જળ વાયુની ઉર્જા

ફેંગશૂઈમાં જળ અને વાયુની ઉર્જાશકિત માટે ઘણો ભાર મૂકેલ છે. તે પુથ્વીમાં રહેલી શુભ તેમજ અશુભ શકિતઓને યંત્રોની મદદથી શોધી કાઢે છે. તેને સપ્રમાણ કરે છે.

પરંતુ આપણે ઉર્જાના અધિપતિની મદદ લઈએ છીએ. વાસ્તુપૂજનમાં વિવિધ શકિતઓને

કાબુમાં લઈ પૂજા, અર્ચના કરવામાં આવે છે. દા.ત. મંત્રબળ, પ્રાર્થનાબળ વગેરે અને આપણા માટે અનુકુળ કરવાનું દબાણ લાવે છે.

### ❋ પ્રાણશકિત

જડ અને ચેતન પદાર્થોમાં રહેલી જાગૃત અથવા સુષુપ્ત પ્રાણ શકિત માટે જે ચાઈનીઝ વાસ્તુશાસ્ત્ર વાતો કરે છે. તેમજ વાતો વિજ્ઞાન પણ બતાવે છે જે આપણા વાસ્તુશાસ્ત્રમાં રહેલી છે. આપણા ધર્મ, અધ્યાત્મજ્ઞાન તેમજ ધાર્મિકવિધિ વિધાનો આ શકિત પર કાબુ જમાવવાની પ્રક્રિયાઓ બતાવે છે અને તેથી જ તે સર્વોપરી શકિત છે. તેવું આપણા શાસ્ત્રકારોએ બતાવ્યું છે.

### ❋ વસ્તુ અને સમય

વાસ્તુ એટલે વસ્તુ બાંધકામ ઘણા વિદ્વાનોના મત પ્રમાણે જૂના વાસ્તુશાસ્ત્રમાં ફેરફાર નથી થયા પરંતુ ફેંગશૂઈમાં આવા ફેરફારો થાય છે. દા.ત. રસોઈ માટેનો ખૂણો કે પાકશાળા અગ્નિમાં હોવી જોઈએ કે દક્ષિણ પૂર્વમાં હોવુ જોઈએ તેમણે કોઈ નિયમો આપ્યા નથી સ્ટોર, કોઠાર પૂર્વમાં કે દક્ષિણમાં હોવા જોઈએ. એમ કહ્યું છે.

### ❋ પ્રવેશદ્વાર

ફેંગશૂઈ પ્રમાણે ઉતરદિશા આધ્યાત્મિકતાનુ પ્રવેશદ્વાર છે અને વાસ્તુશાસ્ત્ર એમ આજ્ઞા કરે છે કે એ તો સંપત્તિના દેવ કુબેર દ્વારા સંચાલિત થાય છે. વાસ્તુશાસ્ત્ર ઉતરદિશામાં અથવા ઈશાનમાં બારીઓ પર ભાર મૂકે છે. જયારે ફેંગશૂઈ ઉત્તરને દૂરિત માને છે.

### ❋ ઈન અને યાંગ

ફેંગશૂઈમાં કુદરતી શકિત તથા ઈશ્વરની કૃપા પર ઘણો જ ભાર મૂકવામાં આવે છે. તેમજ ઈન અને યાંગ નામની બે શકિત જેને પોઝીટીવ અને નેગેટીવ શકિત કહેવાય છે. જે બંને એકબીજાની પૂરક છે.

આપણા વાસ્તુશાસ્ત્રમાં વિદ્યુતને એક શકિત માની છે અને દેવીદેવતાની શકિતની વાત કરી છે. બ્રહ્માંડના પ્રત્યેક અણુમાં આ શકિત રહેલી છે. આ શકિતનું ચુંબકત્વ પણ જાણ્યે – અજાણ્યે આપણે અનુભવીએ છીએ.

### ❋ ગ્રહો અને જયોતિષ

ફેંગશૂઈના વિચારોને સિદ્ધ કરવા માટે ઘણી જગ્યાએ ભારતીય જયોતિષ, આંકડાશાસ્ત્ર તથા સૂર્યાદિ ગ્રહોનો આધાર લેવાય છે. જયારે વાસ્તુશાસ્ત્રમાંઆયાદિ ષડ્ વિચારમાં અંકગણિત અને તેના આધારે સુખ – દુ:ખ ચઢતી પડતી, આરોગ્ય, અકસ્માત અપમૃત્યુ વગેરે બાબતો બાંધકામ શરૂ કરતાં પહેલા જ નકકી થઈ જાય છે.

## ❋ પંચ તત્વો

ફેંગશૂઈ અગ્નિ, કાષ્ઠ, સોનું, પૃથ્વી, જળને મહત્વ આપે છે. જયારે વાસ્તુશાસ્ત્રમાં પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશની વાત કરી છે દરેક તત્વને પોતાનો ચોકકસ રંગ, દિશા તથા ઋતુ છે.

## ❋ કી શકિત

ચાઈનીઝ અભિગમમાં ધન અને ઋણ આ બે શકિતઓની સપ્રમાણતા પર જ બધો આધાર ગણાય છે. અને આ શકિતઓનું પ્રમાણ ન જળવાય તો તેની સ્વાસ્થ્ય પર અસર પડે છે. જયારે વાસ્તુમાં શિવ – શકિત ઉપરાંત બીજી શકિતમાં માને છે. જેમ એસિડ બેઈઝ ને ભેગા કરીએ તો ત્રીજુ તત્ત્વ ઉત્પન્ન થાય છે તે જ પ્રમાણે આ બે શકિતઓ વાત – પિત અને કફ એવા ત્રણ ગુણ પેદા કરે છે અને ત્રણ ગુણોનું યોગ્ય પ્રમાણ માણસના સ્વાસ્થ્યને નિયમનમાં રાખે છે.

વળી જપ દેવો દેવતાઓનો મંડળની આજુબાજુ બેઠા છે. मंत्राधीनाः देवताः આ આપણા શાસ્ત્રનું વચન છે. મંત્રો ભણીને આવાહન-પૂજન કરવાથી આ સઘળી દેવી શકિતઓ મુનષ્યના કલ્યાણના કામે લાગી જવાની આ બધુ જ સત્ય હોય તો પછી ભારતીય પ્રજાએ તેના બાંધકામ માટે કી શકિતની શોધ કરવાની જરૂર જ નથી.

❋ નબદલી શકાય તેવી બાબતો આવી બાબતો અશુભ હોય તો તેના માટે લોકો પ્રતિબિંબો કે આભાસી પદાર્થોની વાત કરે છે. બનાવટી અરીસાઓ પર પણ ભાર મૂકાય છે.

ચાઈનીઝ અભિગમ બનાવટી જેવો છે વળી તેમાં ઉપાય નથી. પરંતુ વાસ્તુ શાસ્ત્રમાં સચોટ ઉપાય પણ છે.

આ રીતે પ્રકરણ-૧માં વાસ્તુ શાસ્ત્ર સંબંધિત પ્રાથમિક બાબતોનું વિવરણ થયું.

# પાદટીપ

| | | |
|---|---|---|
| (૧) | ભારતીય સાહિત્યવિચાર મંજૂષા | પૃષ્ઠ ૩૨૪ |
| (૨) | संस्कृत साहित्य का इतिहास | प्राक्कथन |
| (૩) | કાવ્યમીમાંસા | પૃષ્ઠ ૪ |
| (૪) | વૈદિક સાહિત્યનો ઈતિહાસ | પ્રકરણ ૧, પૃષ્ઠ ૧ |
| (૫) | તૈત્તિરીય સંહિતા | ૧-૪-૨૦ |
| (૬) | દયાનંદ સરસ્વતી ઋકભાષ્યભૂમિકા | પૃષ્ઠ ૧૪૩ |
| (૭) | મનુસ્મૃતિ | ૨.૧૩ |
| (૮) | મનુસ્મૃતિ | ૨.૧૬૮ |
| (૯) | ઈશાવાસ્યમ્ | પૃષ્ઠ - ૯૯-૧૦૦ |
| (૧૦) | યજુર્વેદ | ૩૧-૭ |
| (૧૧) | ઋગ્વેદ | |
| | ૧૧.૧ | ૧-૨-૨૦-૬ |
| | ૧૧.૨ | ૧-૨-૨૨-૧ |
| | ૧૧.૩ | ૩-૨-૧૪-૧ |
| | ૧૧.૪ | ૩-૨-૧૪-૭ |
| | ૧૧.૫ | ૩-૨-૧૪-૨ |
| | ૧૧.૬ | ૩-૪-૫૮-૯ |
| | ૧૧.૭ | ૪-૪-૩૬-૧ |
| | ૧૧.૮ | ૪-૪-૩૬-૨ |
| | ૧૧.૯ | ૪-૫-૫૬-૫ |
| | ૧૧.૧૦ | ૪-૫-૫૬-૬ |
| | ૧૧.૧૧ | ૬-૪-૪૬-૨ |
| (૧૨) | યુજુર્વેદ | |
| | ૧૨-૧ | ૧-૮ |
| | ૧૨-૨ | ૨-૩ |
| | ૧૨-૩ | ૨૧-૨૦ |
| | ૧૨-૪ | ૨૯-૩૨ |
| | ૧૨-૫ | ૨૯-૩૩ |
| | ૧૨-૬ | ૨૯-૩૪ |
| | ૧૨-૭ | ૧-૧૦ |

| | |
|---|---|
| (૧૩) સામવેદ | |
| ૧૩-૧ | છાંદોગ્ય ઉપ. ૧/૧/૨ |
| ૧૩-૨ | છાંદોગ્ય ઉપ. ૩/૩/૧ |
| ૧૩-૩ | ઋગ્વેદ ૨/૨૩/૧૭ |
| ૧૩-૪ | સામવેદ પૂ. ૪/૧૦/૪ |
| ૧૩-૫ | સામવેદ ઉ. ૧૭-૩-૩ |
| ૧૩-૬ | સામવેદ ઉ. ૧૯-૨-૩ |
| ૧૩-૭ | સામવેદ ઉ. ૧૯-૨-૧ |
| ૧૩-૮ | સામવેદ ઉ. ૧૯-૫-૩ |
| ૧૩-૯ | સામવેદ ઉ. ૧૯-૩-૧ |
| ૧૩-૧૦ | સામવેદ ઉ. ૧૯-૫-૨ |
| (૧૪) અથર્વવેદ | |
| ૧૪.૧ | ૧૨-૩-૯ |
| ૧૪.૨ | ૧૨-૨-૨૪ |
| ૧૪.૩ | ૨૦-૭૭-૩ |
| ૧૪.૪ | ૭-૭૩-૧ |
| (૧૫) બ્રાહ્મણ ગ્રંથો | |
| ૧૫-૧ શતપથ બ્રા. | ૩,૬-૪-૨૭ |
| ૧૫-૨ ઐતરેય બ્રા. | ૬-૧ |
| ૧૫-૩ કૌષીતકિ બ્રા. | ૨૯-૫ |
| (૧૬) સૂત્રગ્રંથો | |
| ૧૬-૧ શાંખાયન ગૃહ્ય | ૩,૩,૨,૯ |
| ૧૬-૨ આશ્વાલાયન | ૩,૩,૭ |
| ૧૬-૩ ખાદિર | ૪-૨-૬-૧૩ |
| ૧૬-૪ ગોભિલ | ૪-૭ |
| ૧૬-૫ આપસ્તંબ | ૭-૧૭ |
| ૧૬-૬ હિરણ્યાક્ષ | ૧-૮-૨૭-૨૯ |
| ૧૬-૭ ગોભિલગૃહ્યસૂત્ર | ૪-૭-૨૭-૪૧ |
| ૧૬-૮ ખાદિર ગૃહ્યસૂત્ર | ૪-૨-૧૯ |
| ૧૬-૯ આશ્વાલાયન | ૨-૮ |
| ૧૬-૧૦ પરાશર | ૩-૪-૨ |
| ૧૬-૧૧ હિરણ્યાક્ષ | ૧.૮ |
| (૧૭) ભૃગુસંહિતા | અધ્યાય ૬ |

| | | |
|---|---|---|
| (૧૮) | બૃહદ્ સંહિતા | ૩,૫૩,૧ |
| (૧૯) | અગ્નિપુરાણ | ૩૯-૧ |
| (૨૦) | અગ્નિપુરાણ | અધ્યાય ૩૮ થી ૧૦૮ |
| (૨૧) | મત્સ્યપુરાણ | અધ્યાય ૨૫૨ થી ૨૬૯ |
| (૨૨) | કૌટિલીય અર્થશાસ્ત્ર | અધ્યાય - ૨ |
| (૨૩) | રામાયણ કિષ્કિન્ધાકાંડ | અ. ૫૧ |
| (૨૪) | રામાયણ આદિકાંડ | અધ્યાય-૬ |
| (૨૫) | મહાભારત સભાપર્વ | અધ્યાય ૧-૫ |
| (૨૬) | રામાયણ | ૨-૫૬-૨૩,૨૨ |
| (૨૭) | રામાયણ | ૫,૨,૪૯ |
| (૨૮) | મહાભારત | અધ્યાય-૬૬, શ્લોક ૨૯-૩૧ |
| (૨૯) | વેદાંગ જયોતિષ | અધ્યાય-૪ |
| (૩૦) | નારદપુરાણ | અ. ૪-૬ |
| (૩૧) | બૃહદ્ સંહિતા | અ. ૫૬-૯ |
| (૩૨) | બૃહદ્ સંહિતા | અ. ૫૯-૯ |
| (૩૩) | ઉત્તરરામચરિત | ૧.૧ |
| (૩૪) | ગોપથબ્રાહ્મણ | ૩.૨ |
| (૩૫) | ઐતરેય બ્રાહ્મણ | ૫-૩૩ |
| (૩૬) | અથર્વવેદ ભૂમિસૂક્ત | ૧૨-૧-૧૩ |
| (૩૭) | અથર્વવેદ | ૯/૭ |
| (૩૮) | અથર્વવેદ | ૯-૩-૧૦ |
| (૩૯) | અથર્વવેદ | ૧૨-૧-૬૦ |
| (૪૦) | द्दष्टव्य आप्टे. बी. एम. संस्कृत इंग्लीश डिक्शनेरी | पृ -१३८ |
| (૪૧) | वेदवास्तु प्रभाकर | પ્રસ્તાવના પૃ. ૩ |
| (૪૨) | वास्तुशुभम् एवम् व्यावहारिक वास्तुशास्त्र | पृष्ठ - २४ |
| (૪૩) | અથર્વવેદ | ૭/૩/૩ |
| (૪૪) | દષ્ટવ્ય પ્રસ્તાવના | પૃષ્ઠ ૧૧-૧૨ |
| (૪૫) | બૃહદ્ સંહિતા | અ. ૬૦-૨૦,૨૧ |
| (૪૬) | Social function of the Art | પેઈજ - 17 |
| (૪૭) | દીપાર્ણવ | પૃષ્ઠ-૪૪ |
| (૪૮) | शिल्परत्नाकरः | પૃષ્ઠ - ૨૫ |
| (૪૯) | સમરાંગણ સૂત્રધાર | અ. ૧.૫ |
| (૫૦) | शिल्परत्नाकरः | ३, १२१ |

| | |
|---|---|
| (૫૧) યર્જુવેદ | ૧૧-૩૮ |
| (૫૨) નિરૂકત | અ. ૧૦-૨૬ |
| (૫૩) શબ્દકલ્પદ્રુમ | ખંડ-૪ પૃષ્ઠ - ૪૩૭ |
| (૫૪) ઋગ્વેદ | ૧૦-૮૧-૩ |
| (૫૫) ઋગ્વેદ | ૧૦-૮૨-૬ |
| (૫૬) શતપથબ્રાહ્મણ | ૮૨-૧-૧૦ |
| (૫૭) અથર્વવેદ | ૬-૧૨૨-૧ |
| (૫૮) અથર્વવેદ | ૨-૩૫-૧ |
| (૫૯) અથર્વવેદ | ૯-૪-૧૦ |
| (૬૦) અથર્વવેદ | ૨-૩૫-૪ |
| (૬૧) અથર્વવેદ | ૧૯-૧૮-૭ |
| (૬૨) વાયુપુરાણ | ૬૬-૨૭-૩૦ |
| (૬૩) મત્સ્યપુરાણ | ૫-૨૭-૨૮ |
| (૬૪) કૂર્મપુરાણ | ૧.૧૬.૧૬ |
| (૬૫) અગ્નિપુરાણ | ૧૮-૪૦-૪૧ |
| (૬૬) હરિવંશ | ૧-૩-૪૫-૪૮ |
| (૬૭) બહ્મપુરાણ | ૩-૪૩-૪૬ |
| (૬૮) વિષ્ણુપુરાણ | ૧-૧૫-૧૧૮-૧૨૨ |
| (૬૯) ભાગવતપુરાણ | ૬-૬-૧૫, ૭-૪-૮ |
| (૭૦) વિષ્ણુપુરાણ | ૧-૯-૧૦૩ |
| (૭૧) નિરૂકત | ૮-૧૩ |
| (૭૨) ઋગ્વેદમંડળ | ૭-૩૪-૨૧ |
| (૭૩) યજુર્વેદ | ૨૯-૯ |
| (૭૪) યજુર્વેદ | ૨૧-૨૦ |
| (૭૫) ઋગ્વેદમંડળ | ૧૦,૧૮-૬ |
| (૭૬) અથર્વવેદ | ૬-૯૨-૧ |
| (૭૭) અથર્વવેદ | ૬-૭૮-૩ |
| (૭૮) ઋગ્વેદમંડળ | ૧૦, ૪૬, ૯ |
| (૭૯) મત્સ્યપુરાણ | ૧૧-૩-૯ |
| (૮૦) કૂર્મપુરાણ | ૧-૨૦ |
| (૮૧) હરિવંશ | ૧૯.૧-૩૭ |
| (૮૨) અગ્નિપુરાણ | ૧૮-૪૧-૪૩ |
| (૮૩) વિષ્ણુપુરાણ | ૩.૨.૨-૧૨ |

(૮૪) વાયુપુરાણ ૮૪-૧૫-૮૩
(૮૫) ભાગવતપુરાણ ૬.૬.૪૪ થી ૬.૯.૫૪
(૮૬) બ્રહ્મપુરાણ ૬-૧-૫૪
(૮૭) મત્સ્યપુરાણ ૧૫૯-૧૦
(૮૮) વાયુપુરાણ ૭૮.૬
(૮૯) ઐતરેય બ્રાહ્મણ અ.૩૦ ખંડ ૧,પૃષ્ઠ ૭૬૪
(૯૦) ઐતરેય બ્રાહ્મણ અ. ૧, ખંડ ૬ પૃષ્ઠ ૯
(૯૧) કૌષીતકિ બ્રાહ્મણ ૨૯-૫
(૯૨) ઋગ્વેદ ૭.૫૪-૧
(૯૩) शिल्परत्नाकरः પૃષ્ઠ ૨૭
(૯૪) સમરાંગણ સૂત્રધાર ૨. ૪૪
(૯૫) વિશ્વકર્મા પ્રકાશ શ્લોક ૯-૧૪
(૯૬) વાસ્તુશાસ્ત્ર રહસ્ય પૃષ્ઠ – ૨૨
(૯૭) વાસ્તુશાસ્ત્ર રહસ્ય પૃષ્ઠ – ૩૨